જગાઈ-મધાઈ
બે વેરાગી દોસ્તો
ભાંગના કટોરાની
મસ્તી માણતા
મારગને કાંઠે
જામ્યા છે.
સાદી છતાં અર્થઘન
રેખાઓ
શરીરના અવયવો
અને વસ્ત્રોની ઘડીની
લાક્ષણિક સ્વાભાવિકતા
જાળવી રાખે છે.
સમસ્ત ચિત્રભાવની
એકાત્મકતા એમાં પ્રતીત
થયા વિના રહેતી નથી.
પશ્ચિમની કળાના
પર્સ્પેક્ટિવ, ઍનેટૉમી,
લાઈટશેડ કે રંગલેપનના
રૂઢ નિયમો વિનાનું
સરળ રેખારૂપ પણ
આ મોજીલા મસ્તોનો
પરિચય આપવા
પર્યાપ્ત બન્યું છે.
(શેઠશ્રી કસ્તૂરભાઈ
લાલભાઈના સંગ્રહમાંથી)



જગાઈ-મધાઈ
કલાકાર · નંદલાલ વસુ

આવતી કાલનાં નાગરિકોનું માસિક
વર્ષ પિસ્તાળીસમું · અંક આઠમો
ઑગસ્ટ · ૧૯૬૮
તંત્રી · બ. રાવત
સળંગ અંક ૫૩૬

કુમાર



બીજની કલા (ચિત્રકાર • છગનલાલ જાદવ)

અગાઉ 'કુમાર' અંક ૪૭૪માં
જેમનો પરિચય
આવી ગયો તે
આ કલાકારનાં
૯૯ ચિત્રોનું
એક પ્રદર્શન
ગુજરાત રાજ્ય
લલિતકલા અકાદમીના
ઉપક્રમે અમદાવાદમાં
૧૧મી ઑગસ્ટે યોજાયું.
તે સાથે અકાદમી તરફથી
એમનો અને એમની કલાનો
પરિચય આપતું
ત્રિરંગી-એકરંગી મળીને
ચાળીસેક ચિત્રોનું આલ્બમ
પણ પ્રકટ થયું છે.
એ પ્રસંગને અનુલક્ષીને
'કુમાર'માં બરાબર
પચ્ચીસ વર્ષ પર
પ્રકટ થએલું એમનું
આ ચિત્ર ઉચિત લેખાશે.

આંકણિયું

ઑગસ્ટ ૧૯૬૮ • અંક ૫૩૬

તંત્રી : બચુભાઈ રાવત • ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ : રૂ. ૧-૫૦.

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ જીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

વાચકો લખે છે

૫૩૫મા અંકમાં અજંટાના મારવિજય ચિત્રનાં સ્ત્રીપાત્રો ઉપરની મારી દૃષ્ટિ રેખા-બ્લૉક છાપીને આપે જણાવી તે માટે આભારી છું. એ જ અંકમાં ૧૭મી સદીના મલ્હાર રાગનાં જે ત્રણ ચિત્રો આપ્યાં છે એ ત્રણેમાં એક વિશેષ દૃષ્ટિનું દિગ્દર્શન છે. વર્ષાઋતુની અસર કામી લોકો ઉપર કેવી થાય છે તે મથાળાના ચિત્રમાં જણાવ્યું છે, યોગીઓ ઉપર કેવી અસર થાય છે તે વચ્ચેના ચિત્રમાં અને સામાન્ય માણસો ઉપર શી અસર થાય છે તે નીચેના ચિત્રમાં જણાવ્યું છે. પહેલા શ્લોકમાં સંસ્કૃત ભાષામાં મલ્હાર રાગનું જે ભાવવાહી વર્ણન છે તે કામી લોકો ઉપરની વર્ષાઋતુની અસરનું છે. વામાંગે કોઈ નિતંબિની આલિંગન આપી રહી છે ને સુખકારક ગીતમાં કામી રંગાઈ ગયો છે એવું વર્ણન કરીને નાયકની સાથે ચાર નાયિકાઓ મૂકી ચિત્રકારે સંગીતના ભાવને બહુ જ સ્પષ્ટ કર્યો છે, કેમ કે સંગીત ચાર જાતનાં વાદ્યોમાં વ્યક્ત થાય છે: તંતુવાદ્ય, ઘનવાદ્ય, ચર્મવાદ્ય અને સુષિરવાદ્ય. નાયકની જમણી બાજુની બે નાયિકાઓમાંની એક વીણા વગાડે છે તે તંતુવાદ્ય છે, બીજી મંજીરાં વગાડે છે તે ઘનવાદ્ય છે, નાયકની ડાબી બાજુની બે નાયિકાઓમાંની એક મૃદંગ વગાડે છે તે ચર્મવાદ્ય છે અને બીજી ફૂંકવાનું સુષિરવાદ્ય વગાડે છે. આ રીતે સંગીતનાં ચારે વાદ્યો નાયિકાઓના હાથમાં આપીને સમગ્ર સંગીતવિદ્યાનો સંકેત કર્યો છે. આકાશમાં છવાએલાં વાદળાં અને ઉપર ઊડતી બલાકા, નીચે પાણીમાં તરતી બતકો અને ઊગેલાં કમળો તથા પર્વતોમાં ટહુકી રહેલો મયૂર, એ બધાં વર્ષાઋતુમાં જે મત્ત સ્વરૂપ ધારણ કરે છે તે ચિત્રકારે વ્યક્ત કર્યું છે.

બીજા શ્લોકમાં તપસ્વીના શ્વેત (કુમુદેન્દુ= કમળ અને ચંદ્ર જેવો ગૌર) વર્ણ, તેની લાંબી જટા (પ્રલંબ કેશ) તથા લંગોટીનું (કૌપીન વાસશ્ચ વિહારચારી) વર્ણન છે. ચિત્રમાં ધૂપદાની, દેવાલય, પુસ્તકો મૂકવાની ઘોડી વગેરે મૂકીને યોગીનો વર્ષાકાળનો સ્વાધ્યાય જણાવ્યો છે. પીંજરામાં કોઈ હિંસક પ્રાણી જણાવ્યું છે તે કદાચ યોગીઓની અહિંસક વૃત્તિનાં વખાણું માટે હશે. કેળ, ખજૂરી વગેરે વૃક્ષો તેના ફલાહારનાં સૂચન હશે. આ રીતે આ બીજું ચિત્ર 'તપસ્વી મલ્હાર'નું કહી શકાય. ત્રીજા ચિત્ર ઉપર એકલો રાગ શબ્દ મૂક્યો છે, શ્લોક જણાયો નથી; પણ હું માનું છું કે આ ત્રીજું ચિત્ર સામાન્ય માણસો ઉપર થતી વર્ષાઋતુની અસર સૂચવવા માટે હશે. કોઈ વિદ્વાન 'મલ્હાર' શબ્દનો વ્યુત્પત્તિઅર્થ જણાવશે તો મારી આ કલ્પનાને પુષ્ટિ મળશે.

(વીરમગામ) —નાથાલાલ મડેલી

જુલાઈ મહિનાના પૂઠા પર મૂકેલા ફોટોગ્રાફનું આયોજન-દાક્ષિણ્ય તો મજાનું છે જ; પણ ફોટોગ્રાફ ઉપર તમે મુદ્રણ—આકલ્પનની પ્રતિભાપૂર્ણ સૂઝ વડે લીલીલીલી તૃણરાજિઓ મૂકીને આખા વાતાવરણને જીવંત ને આહ્લાદમય કરી મૂક્યું છે. તૃણરાજિ ફોટોગ્રાફીની મર્યાદાને ઓળંગીને વિશદતા અને આહ્લાદકતાનું જાણે કે એક શીતલ સૌમ્ય કાવ્ય પાથરી રહી છે: આ સૂચક મુદ્રણ-માધુરીના આકલ્પન માટે અભિનંદન.

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

જૂન અંકમાં ઉમાશંકર જોશીના છાત્રજીવન અંગેની જે માહિતી અપાઈ તે ઈ. ૧૯૪૫ની સાલમાં તેમણે કડી છાત્રસંમેલનમાં આપેલા પ્રવચનને આધારે અપાઈ હોવાનું જણાવાયું છે, પણ એ પ્રવચન તેમણે ૧૯૩૫માં આપેલું. 'ગોષ્ઠિ' નિબંધસંગ્રહમાં 'મને સાંભરે રે' એ શીર્ષક નીચે એ પ્રવચન આખું છપાયું છે.

(ભરૂચ) —નરોત્તમ વાળંદ

[* છાપભૂલ માટે દિલગીરી છે]

જુલાઈ અંકમાં પ્રો. ધીરુભાઈ પરીખનો 'હાઈકુ' વિષે લેખ વાંચ્યો. હાઈકુની મર્યાદા અંગે અંગુલિનિર્દેશ કરવો આવશ્યક હતો.

હાઇકુની એક મર્યાદા પ્રત્યે ધ્યાન ખેંચું? હાઈકુમાં ગહન વ્યંજનાની આવશ્યકતા છે તેની ના નહિ, પરંતુ હાઇકુમાં અભિવ્યક્ત વ્યંજના સ્થગિત ન થઈ જાય તે પ્રત્યે કાળજી રાખવી જરૂરી છે. અમુક શબ્દોના અમુક જ વ્યંગ્યાર્થ કરવા એવા ચોકઠામાં તે સરી ન પડે તેની તકેદારી રાખવી હિતાવહ છે.

(ભાદરવા) —સૂર્યકાન્ત શાહ

જુલાઈ અંકમાં તમે મારે માટે જે મમતા બતાવી તેનો કયા શબ્દોમાં આભાર માનું? માત્ર લખાણમાં જન્મતારીખ ૧૩મી એપ્રિલ નહિ, પણ ૧૩મી માર્ચ જોઇએ.

(મુંબાઈ) —ચંદ્રેશ હ. શુક્લ

ઋણસ્વીકાર

જૂન અંકના મુખચિત્ર 'વિચારમગ્ન'ના રંગીનબ્લૉકો 'સમર્પણ: ભારતીય વિદ્યાભવન-મુંબાઈ'ના સૌજન્યથી મળેલા તેનો સાભાર સ્વીકાર કરીએ છીએ.

અંક ૫૩૫ની 'માધુકરી'માં ભાનુશંકર યાજ્ઞિકના સ્વર્ગસ્થ થયાના સમાચાર જાણી ઊંડુ દુ:ખ થયું. નડિયાદની બૅંકમાં એક વાર તેઓ આવેલા ત્યારે ઓળખાણ થએલી, જે ઠીકઠીક વિકસી. શ્રી ર. મ. રા. એ એમનો સ્કેચ કરેલો તે વાત પણ તેમણે કહેલી. ૮૩ વર્ષની વયે પણ તે જુવાન હતા: સદા હસતો ચહેરો, ઝડપી ચાલ ને તાજગીભરી વાતો! વિધિની વિચિત્રતામાં એનો યે લોપ થઇ ગયો!

(ભરૂચ) —જગદીશ પરીખ

૫૩૪મા અંકમાં આવેલા 'રાહુ અને કેતુ' ના લેખના અનુસંધાનમાં: પ્રાચીન જૈન મત મુજબ રાહુ બે પ્રકારના છે: નિત્ય રાહુ અને પર્વરાહુ. નિત્ય રાહુ એટલે ચંદ્રના બિંબમાં તિથિઓને લીધે કાળાશની વધઘટ થાય છે તે, અને પર્વરાહુ એટલે પૂર્ણિમાના દિવસે ગ્રહણથી જે કાળાશ આવે છે તે. આ રીતે રાહુના સ્વરૂપને કાળા અંધકાર સાથે જોડવા પ્રયત્ન થયો છે. સૂર્યગ્રહણ થાય છે ત્યારે સૂર્યના બિંબની આડે અમાવાસ્યાનો પ્રકાશરહિત કાળો ચંદ્ર આવે છે અને પૂર્ણિમાએ ચંદ્રગ્રહણ થાય છે, ત્યારે પૃથ્વીનો પડછાયો ચંદ્રના બિંબને ઢાંકી દે છે. પ્રાચીન ભાષામાં સૂર્યને ઢાંકનાર પદાર્થને કાળો ને ગોળ આકૃતિ રૂપે, જ્યારે ચંદ્રના બિંબને ઢાંકનાર પૃથ્વીના પડછાયાને લાંબો કહ્યો છે, અને લાંબા શબ્દને માટે 'કેતુ' શબ્દનો પ્રયોગ થયો છે. આ કારણથી ધુમાડાના લાંબા લીટાને 'ધુમકેતુ' કહ્યો છે તથા કેવડાને કેતકી કહ્યો છે, કેમ કે તે લાંબા શંકુ આકારે છે. આ રીતે સૂર્યગ્રહણમાં ચંદ્રની ગોળ આકૃતિ માથા રૂપ કલ્પી છે, તથા ચંદ્રગ્રહણમાં લાંબો કાળો પડછાયો છે તેને કેતુ (ધડ) રૂપ કલ્પ્યો છે. આથી જ કેતુ સર્પ જેવો લાંબો છે, અને રાહુ એકલું માથું છે તેવી કલ્પના આવી છે

(વીરમગામ) —કુમુદચંદ્ર પરીખ


અજાણ્યા અમેરિકન મિત્રને

આ વર્ષ દરમ્યાન આવતી દુનિયાભરની મહત્ત્વની તિથિઓ અને વિવિધ ધર્મોના મુખ્યમુખ્ય તહેવારોની યાદી તથા ઉઠાવદાર સરળ આલેખનોવાળું એક સુંદર અને ઉપયોગી કૅલેન્ડર તમે 'કુમાર'ને ભેટ મોકલ્યું છે એ બદલ આભાર વ્યક્ત કરીએ છીએ.

નેત્રપટ (કાયાની કરામત-૧૩)


અજબ એવા આંખના ડોળામાં નેત્રપટની રચના અત્યંત અટપટી છે. ડોળાની અંદર કીકીની સામેનો ઘણોખરો ભાગ નેત્રપટનો જ છે. એમાં દસ વિવિધ થર છે, જેમાં (ડોળાની) બહારની તરફનો નેત્રકોષોનો થર (નીચેની આકૃતિમાં ૧ અને अ જુઓ) સૌથી વધુ અગત્યનો છે. નેત્રપટ પર પડેલી દૃશ્યની છાપ બધા થર પાર કરી આ કોષો સુધી પહોંચે છે. જેનાથી તેમાં એક ઉત્તેજના પેદા થાય છે અને તેમાંથી નીપજતો સંદેશ નેત્રકોષની પાછળ 'બાયપોલર' કોષો (નીચે : ૨ અને ब)માં થઈને ગૅંગ્લીઓન (નીચે : ૩ અને क)માં પહોંચે છે. અહીં ફેલાએલા નેત્રતંતુના બારીક રેસાઓ આ સંદેશ ઝીલીને તેને નેત્રતંતુ મારફત મગજમાં પહોંચાડે છે.

આમ, આંખ એ તો માત્ર જોવાનું સાધન છે. એમાં પડેલી દૃશ્યની છાપનો અર્થ તારવવાનું કાર્ય તો મગજમાં રહેલુ દૃષ્ટિકેન્દ્ર કરે છે.



ઉપરની આકૃતિમાં આંખની કીકીમાંથી જોતાં દેખાતા નેત્રપટના વિસ્તારમાં સફેદ ટપકાં સળીકોષો અને કાળાં ટપકાં શંકુકોષોનો પ્રસાર દર્શાવે છે. સળીકોષો મંદ પ્રકાશ જ ગ્રહી શકે છે એટલે ઓછા પ્રકાશમાં કે થોડા અંધારામાં પણ એના વડે આછું જોઈ શકાય ખરું, પરંતુ રંગનો તફાવત પરખાતો નથી. એ કામ તો તેજસ્વી પ્રકાશ પ્રત્યે સંવેદનશીલ એવા શંકુકોષો કરે છે. એના વડે દૃશ્ય સ્પષ્ટ દેખાય છે. એક આંખમાં ૧૨૫૦ લાખ સળીકોષો અને ૭૦ લાખ શંકુકોષો હોય છે. નિશાચર પ્રાણીઓની આંખમાં સળીકોષો ઘણા વધારે હોય છે તો વનવાગળ જેવાંની આંખમાં તો માત્ર સળીકોષો જ હોય છે.

નેત્રપટમાં કીકીની બરાબર સામે જ્યાં શંકુકોષો ઘણી મોટી સંખ્યામાં ગીચોગીચ એકઠા થાય છે તે ભાગ પીળા રંગનો લાગે છે એટલે એને પીતબિંદુ કહે છે. દૃશ્યની છાપ ત્યાં જ બરાબર કેન્દ્રિત થતી હોઈ આપણે સ્પષ્ટ જોઈ શકીએ છીએ. પીતબિંદુથી સહેજ નીચે નેત્રતંતુઓ જ્યાંથી આંખના ડોળામાં પ્રવેશે છે એ સ્થાને નેત્રકોષો હોતા નથી એટલે એટલા ભાગ વડે કંઈ દેખાતું નથી. એને અંધબિંદુ કહે છે. નેત્રકોષો અને નેત્રતંતુની પ્રશાખાઓ ઉપરાંત અતિ ઝીણી રક્તવાહિનીઓ પણ નેત્રપટમાં ફેલાએલી છે.



← બાજુની આકૃતિમાં નેત્રપટના આડછેદ સાથે તેમાંના કોષો અતિ વિપુલ કદમાં દર્શાવ્યા છે.

વાવણીનું ગીત / રમેશ પારેખ

મોર પાળ્યા મેં કંઠમાં, સોનલ...
આભને તમે આંખમાં કાળે સોયરે ઘેર્યાં
ઘામ ઉનાળો વચલી વેળા વરસે તાતી ધારે...

પીળચટ્ટે ગોરંભ ખાલીપો ત્રાટકે એવી ઝીંક
કે લેખડ મૂળથી ખાંગી થાય,
એક હોલાની ઘૂકના રેલે સીમ તણાતી ક્યાંય
ગેઠીંબા દશ્યની બોખે ખાય,
વાયરાની હરફરમાં લવક લવકે આખો ડુંગરો નીહળ ભારે.

ફાળિયાની જેમ વળ ખાધેલા ધૂળિયા કેડે
તરતો આવે ખેતરે નીંભર થાક,
બળતા ચાસે કાતળી કાતળી ચોપતાં મારે
તળવાએલા ટેરવે વળે ઝાંખ,
ભૂખરો શેઢો ખખડી ઊઠે ગીત પોરુંકું વાવણીનું ભેંકારે.

પોપટ ઝૂરતો હશે / યશવંત ત્રિવેદી

કાલનો સૂરજ આજ પોતાને છાપરા ઉપર ઢૂંઢતો હશે,
હું આજે નહિ હોઉં ને પોપટ નામ મારું લઈ ઝૂરતો હશે.

હું ય બેઠો'તો કાલ તારી સંગ પાથરી રેશમ રાત,
આજ તારી પાસ આસને ખાલી ખરશે પારિજાત;
ધરતીની તિરાડ-શું કશું
રામસીતા વચ્ચાળ હવે તરડતું હશે,
પાસે જ હતું કાલ
તૃણોની હેઠ હવે ફરકતું હશે.
નૈં તો હું યે વગડો ભરી ગ્હેકનાં કરણફૂલ પ્હેરાવી લેત,
હોત તો તને આજ પાવાના સૂરનાં ફેરાં હેઠ ઢબૂરી દેત:

કાલનો ચાંદો આજ પૂનમને છાપરા ઉપર ઢૂંઢતો હશે,
હું આજે નહિ હોઉં ને પોપટ નામ મારું લઈ ઝૂરતો હશે.

ઊતરતી ભરતી અને તટ

ઉશનસ્

· વિયોગિની ·

તટ લંગર-દોર ખૂંપવી
ગ્રહી રાખે, વીળ તો ય ગૈ સરી!
તટલંગરથી જડાયલી
રહી ગૈ કેવળ કર્દમે તરી!

ઝીણી જાળ હજાર પાથરી
ભરતીને તટ બાંધવા મથ્યો;
પણ એ ગઈ છિદ્રથી ઝરી,
તડપંતી રહી તીર માછલી.

તટપે પ્રસરંત પાલવ
ભરતીનો શત કર્ચલી વળ્યો,
પણ ઉર્વશી અપ્સરાંચળો
ન ખળ્યો, ગૈ રહી કોર ફીણની.

ભરતી ક્યમ રોકવી જતી?
અટકાવું ક્યમ ઓટ આવતી?
તટને ઘટ થૈ જવા સ્પૃહા,
પણ મિટ્ટી. રુંરું છિદ્રછિદ્ર હા;

ગ્રહી રાખી શકાય ના અહ!
વહી યે ના જ જવાય રેસહ;
રવ દૂર નૂપુરનો જતો
તટ જોઈ નિરુપાય કંદતો.

થોડાં હાઈકુ

ધીરુ પરીખ

ઝરણું નાનું
ગહન ગગનને
ઉરે ધરબે!

ઘન ગગડે
ઊંચે: પડઘા વીણે
કંદરા નીચે.

જાતે જ તોડી
રમકડાં પોતાનાં
રડતું બાળ!

જીર્ણ કાસારે
ડ્હોળી આંધીએ લીલ:
સૂર્ય ઝિલાયો.

કોલસે અંતે
ધૂમ્ર સેર થૈ ઊંચે
ઊડવા માંડ્યું.

ખર્યાં પાંદડાં
ઢાંકે ચીલો: ઝરણ
ઊભાં મૂંઝાય.

ગૃહસ્થાશ્રમ

ફાધર વાલેસ

સમતોલ વિવેકદર્શન દરેક બાબતમાં જોઇએ. (અને તે મેળવવા આપણો આ પ્રયત્ન છે.) પણ એની વિશેષ જરૂર લગ્ન-બ્રહ્મચર્ય શુદ્ધતાની બાબતમાં હોય છે. નિરામય દૃષ્ટિ ને સ્વસ્થ મન હમેશ ઉપયોગી છે, પણ પ્રેમ-નીતિ-સંયમની બાબતમાં તો આવશ્યક છે. તેનું કારણ એ છે કે આ નાજુક વિષયના બંને છેડેથી અતિશયોક્તિ કરવામાં આવે છે. સંયમ ને બ્રહ્મચર્યનો મહિમા ગાઈને કેટલાક લોકો લગ્નને વગોવે છે. જ્યારે મુક્ત પ્રેમની સ્તુતિ કરીને કેટલાક લોકો સર્વ મર્યાદા તોડવાની છૂટ માગે છે—અરે લે પણ છે. માબાપે પસંદ કરેલી કન્યાનું મોં જોયા વગર પણ એને સ્વીકારનાર યુવાનોને જોઈએ છીએ, અને 'અમે લગ્નગ્રંથિથી જોડાયાં છીએ' એવા 'સ્વયંવર'ની જાહેરાતો પણ છાપાંમાં વાંચીએ છીએ. પરિણીત જીવનની મંગલમયતા ને પવિત્રતા અનેક આદર્શ કુટુંબોમાં (ઈશ્વરની કૃપાથી આપણા પોતાના જ કુટુંબમાં) આપણે મૂર્તિમાન જોઈ છે, અનુભવી છે, જ્યારે બીજી તરફ એ જીવનનો તિરસ્કાર કરીને એનો ત્યાગ કરનાર પવિત્ર સાધુ-સાધ્વીઓને પણ જોયાં છે, સાંભળ્યાં છે. સ્તુતિ ને નિંદા. છૂટ ને મર્યાદા. મોહ ને વૈરાગ્ય.

અંદરથી અંધેર તો હતું. લાગણીઓની ખેંચાખેંચ હતી. આદર્શની પ્રેરણા ને વાસનાની ભીંસ વચ્ચે અથડામણ હતી. શું યોગ્ય ને શું શક્ય એનું મંથન હતું. શું ઈષ્ટ ને શું શ્રેષ્ઠ એનો શાસ્ત્રાર્થ ચાલતો. એમાં આ બહારની ધાંધલ આવી એટલે ધુમ્મસમાં ધુમાડો ભળ્યો. હવે એ ભુલભુલામણીમાંથી સીધો રસ્તો કાઢવો એ ખરેખર અસાધારણ વિવેકશક્તિ માગી લેશે.

એક ડાહ્યા સાધુ હતા. ધર્મના અધિકારી હતા. બાળબ્રહ્મચારી, ભવ્ય સાધક, સાચા ભક્ત. પોતાનાં તપ ને જ્ઞાનને જોરે એમણે બધાનો આદર ને પ્રેમ સંપાદન કર્યા હતા, અને પોતાના પંથના (યુરોપના એક ખ્રિસ્તી સંપ્રદાયના) વડા ધર્મગુરુ પણ તેઓ બન્યા હતા. એ માટે એમનો અભિષેક થયો ત્યારે એમના એ હોદ્દા ને અધિકારના સંકેત રૂપે એમને એક સોનાની વીંટી પહેરાવવામાં આવી હતી એ પ્રસંગ બન્યો ત્યારે એમનાં વૃદ્ધ માતા હજી હયાત હતાં. ગામડાનું ગરીબ કુટુંબ હતું, પણ દીકરાનું બહુમાન જોઈને એ વૃદ્ધ માજીનો હર્ષ સમાતો નહોતો. એ દિવસ-

નો વિધિ ને સમારંભો પતી ગયા પછી મા-દીકરો એકલાં એકાંતમાં બેઠાં. વાતો કરવાની એમને જરૂર નહોતી, પણ સાથે રહીને બંને ધન્યતા અનુભવી રહ્યાં. ત્યારે સહજ પ્રસન્નતાથી દીકરે-ધર્મગુરુએ બાને વીંટીવાળો હાથ બતાવ્યો. વીંટી કાઢી. બાની નબળી આંખો જોઈ શકે એ રીતે સામે ધરી. 'જુઓ, બા. મને આજે આ વીંટી આપી છે. સોનાની છે. મારે એ હવે કાયમ પહેરવાની છે. સુંદર છે, ખરું ને?' બાએ એ જોઈ. પોતાના હાથમાં લીધી. ફેરવી. અને વહાલથી દીકરાની આંગળીમાં પાછી પહેરાવી. 'સુંદર છે, બેટા. મોંઘી છે. તારા પુણ્યનું ફળ છે. હવે એ શોભાવજે, બેટા.' એમ વૃદ્ધ માતા બોલ્યાં. પછી એમણે ધીરેથી પોતાનો હાથ પણ બતાવ્યો: સુકાએલો, થરથરતો, કરચલીઓના મેળા જેવો હાથ. એમાં પણ એક વીંટી હતી: જૂની, સસ્તી, ઘસાએલી. એ એમની લગ્નવીંટી હતી. ઘણાં વર્ષ પહેલાં એક મંગળ દિવસે બીજા એક વિધિને અંતે એક ભોળા યુવાને એમને પહેરાવી હતી. એ ભોળો પતિદેવ આજનો દિવસ જોવા જીવ્યો હોત તો... એ વિચારથી માતાજીની આંખો ભીની થઈ, ને એ વીંટી તરફ એ ખૂબ મમતાથી, લાગણીથી જોઈ રહ્યાં. પછી એ દીકરાને બતાવીને એમણે કહ્યું: 'બેટા તારી વીંટી સુંદર ને મોંઘી છે; પણ મારી આ વીંટી ન હોત તો તારી આ વીંટી પણ આજે ન હોત.' અને મા-દીકરો પાવક મૌનમાં એ વાતનું રહસ્ય માણી રહ્યાં.

માતાની વાત સાચી હતી. એમની વીંટી ન હોત તો દીકરાની વીંટી પણ ન હોત. લગ્નની વીંટી ન હોત તો ધર્માધિકારની વીંટી પણ ન હોત. ગૃહસ્થાશ્રમ ન હોત તો સંન્યાસ પણ ન હોત. એક મંગળ દિવસે એક વર-કન્યાના યુગલ માટે પવિત્ર વિધિ થયો ન હોત તો આજનો આ મંગળ દિવસ ઊગ્યો ન હોત ને એક ધર્માભિલાષી સાધક માટે આજનો આ પવિત્ર વિધિ પણ થયો ન હોત. અને બંને દિવસ મંગળ ને બંને વિધિ પવિત્ર. બને શુભ ને પાવન ને કલ્યાણકારી. લગ્ન ને દીક્ષા. મંદિર ને ઘર. કુટુંબ ને સત્સંગ. બાળબ્રહ્મચારી ને દાદીમા. બાની વીંટી ને દીકરાની વીંટી.

જે બંનેની કદર કરે, બંનેને સાચું માન આપે, બંનેને દિલથી વંદે એ જ આ જીવન-પ્રશ્નમાં સાચો માર્ગ કાઢી શકે.

લગ્નસંસ્થા પવિત્ર છે એ વાત ઉપર જેટલો ભાર મૂકીએ તેટલો ઓછો; કારણ કે એક બાજુથી મુમુક્ષુઓનો ત્યાગ, અને બીજી બાજુથી વિલાસીઓનો ભોગ જાણ્યેઅજાણ્યે એની નિંદા કરતા આવ્યા છે. ધર્મને અર્થે જેનો ત્યાગ થાય ને પુણ્ય લાગે એ અધર્મ જ હશે એવો ખયાલ આપોઆપ બંધાય; અને વાસનાને જોરે જેનો ભ્રષ્ટ ઉપયોગ રોજ થતો દેખાય છે એ ગંદું, ખરાબ, હલકું હશે એની ખાતરી પણ થાય. હકીકતમાં વાત ઊલટી જ છે: લગ્નની સંસ્થા ને ભાવના ઉત્કૃષ્ટ છે માટે જ એના ત્યાગમાં સાધના છે. તે ઉત્તમ છે માટે જ એનો ખોટો લાભ ઉઠાવનારા મળે છે. મોતી કીમતી છે તેથી જ તેનું દાન કરવામાં પુણ્ય છે. તે સુંદર છે તેથી જ એની નકલ કરનારા નીકળે છે. ખરું પૂછો તો એ ત્યાગમાં ને એ વિલાસમાં લગ્નની નિંદા નથી, કદર છે; તિરસ્કાર નથી, માન છે.

કેટલાક લોકોને સુખનો (અને એમાં ય ઇંદ્રિયોના સુખનો) અવિશ્વાસ હોય છે. મુક્ત મનથી એ માણી શકતા નથી, પણ કંઈક વહેમથી, ચિંતાથી, વસવસાથી, તે વિના ચલાવી શકત તો સારું પણ છૂટકો નથી એટલે થોડું સુખ લેવું પડે છે એ રીતે તેઓ સુખ જુએ છે. દુઃખમાં શુદ્ધ ને સીધી સાધના હોય છે, જ્યારે સુખમાં લાલચ, ભોગ, સ્વાર્થ, વાસના ભળી જાય એવું એમને ભાસે છે. દુઃખમાં તેઓ ભગવાનનો હાથ પારખવા તૈયાર છે, પણ સુખમાં નહિ. (એમાં ભગવાનને કેટલો અન્યાય થાય એ જરા વિચારે તો?) એ મનોવૃત્તિ લઈને તેઓ પ્રેમ ને લગ્નની વાત ઉપર આવે ત્યારે ભડકે એ પણ સ્વાભાવિક છે. અને એ ઇંદ્રિયોનું સ્થૂળ સુખ વગોવીને એનાથી અલિપ્ત રહેવાનું વ્રત લે એ પણ સમજાય છે.

પણ મૂળ ખયાલ જ ખોટો છે. સુખમાં પણ ભગવાનનો હાથ છે. ઇંદ્રિયો સુધી પણ તેનાં વરદાન પહોંચે છે. ઈશ્વરનું રુદ્ર સ્વરૂપ છે તેમ સૌમ્ય સ્વરૂપ પણ છે. બંને સ્વરૂપ દિવ્ય. બંને અવતાર સાચા. અને મુખ્ય વાત એ કે એ બે સ્વરૂપ અલગ અલગ નથી; સુખ અને દુઃખ એકબીજાથી છૂટાં નથી, સ્વતંત્ર નથી; સાથે-સાથે આવે છે, એકબીજાને વળગીને રહે છે. પરિણીત જીવનમાં આનંદ છે અને ચિંતા પણ છે, અને તેના ત્યાગમાં છુટકારો છે અને કષ્ટ પણ છે. બંનેમાં બંને છે.

પવિત્રતાને સુખદુઃખની સાથે સીધો સંબંધ નથી. પણ સુખમાં વિવેક ને દુઃખમાં ધીરજ રાખે, ને બંનેમાં સમભાવ કેળવે એ જ ખરી સાધના. અને તે હિમાલયની ગુફામાં પણ થાય, ને પોળના મેડા ઉપર પણ થાય. ઉચ્ચતમ જીવન જીવવા માટે પ્રેરણા વૈરાગ્યથી મળી શકે ને વિશુદ્ધ પ્રેમથી પણ મળી શકે.

સૈન્યમાં ભરતી થતાં એક યુવાન સૈનિક પહેલી વખત લશ્કરની સામાન્ય બરાકમાં રહેવા ગયો હતો. કોઇએ એને એનો ખાટલો બતાવ્યો, ને ત્યાં જઈને એ પોતાનો સામાન ગોઠવવા લાગ્યો. આસપાસ એવા અનેક ખાટલા હતા, સામાનની પેટીઓ હતી, અને બરાકની ભીંતો પર જાતજાતના ફોટા ને ચિત્રો ટિંગાડેલાં હતાં. મોટા ભાગના તો સ્ત્રીઓના જ ફોટા હતા, ઘણા અશ્લીલ પણ ખરા. એ યુવાન, નવો આવેલો સૈનિક જરા મૂંઝાયો. એવું અભદ્ર પ્રદર્શન એણે કોઈ દિવસ જોયું નહોતું. પણ ફરિયાદ કરવાથી કશું ન વળે એટલું સમજવાનું ડહાપણ એની પાસે હતું જ. અને સામે થઇશું તો લોકો આપણી મશ્કરી કરશે ને મામલો વધશે એ પણ એ જોઈ શક્યો, એટલે એ શાંત રહ્યો. એની પાસે એક ફોટો હતો—બીજી જાતનો. ઘર છોડતાં પહેલાં માબાપ ને પાંચ ભાઈ બહેને મળી પડાવેલો સમૂહ ફોટો. એની બે મોટી નકલ કરાવીને એક મઢાવીને ઘેર મોટા ખંડમાં રાખી હતી ને બીજી પોતે સાચવીને પોતાની પેટીમાં મૂકી હતી—એ એને રોજ આખા કુટુંબની યાદ કરાવે ને પ્રેરણા આપે એ માટે. એ ફોટો પેટીમાંથી કાઢીને એની તરફ એ થોડી વાર સુધી વહાલથી જોતો રહ્યો, અને પછી પોતાના ખાટલાની બાજુની ભીંત પર કાળજીપૂર્વક ટિંગાડી દીધો. એવા વિષે ન એણે કોઇને વાત કરી, ન કોઈએ એને વાત કરી. પણ ચમત્કાર એ થયો કે એક-બે દિવસમાં પેલા અશ્લીલ ફોટાઓ બરાકમાંથી અલોપ થઈ ગયા. એક સુખી ને પ્રેમાળ કુટુંબની છબિ જોવાથી એ બીજા યુવાનોના શુભ સંસ્કારો ને શુભ સ્મરણો જાગ્યાં, એમનાં હૃદય શુદ્ધ થયાં, અને... એમની બરાકની ભીંતો પણ સાફ થઈ.

કુટુંબની ભાવનામાં, આ લગ્નસંસ્થામાં એ પ્રેરણા છે. સાચા પ્રેમમાં જૂઠા મોહને હઠાવી દેવા સામર્થ્ય છે; અને એ સાચા પ્રેમના, એ તીવ્ર પ્રેરણાના, એ ઉત્કૃષ્ટ ભાવનાના અનુભવથી ને આસ્વાદથી જ સંસારમાં સાચો રસ્તો કાઢી શકાય.

લગ્નસંસ્થા એ આખરે દરેક માણસને માટે અસલ માતૃસંસ્થા છે. એ દ્વારા આપણે સૌ આ દુનિયામાં આવ્યા છીએ ને? તેથી કંઈ નહિ તો ઉપકારવશ થઇને આપણે એની તરફ કૃતજ્ઞતાથી ને મમતાથી જોવું જોઇએ. એની સાચી કદર કરીશું તો જ આપણા કુલને (અને માનવકુટુંબને) શોભાવીશું અને નવું ને આદર્શ કુટુંબ રચવાની ઉત્તમ તૈયારી કરી શકીશું.



મૅક્સિમ ગોર્કી

ઍલેક્સી મૅક્સિમોવિચ પેશ્કર

દલિત ને ઉપેક્ષિત માનવીના જીવનને હૂબહૂ પ્રતિબિંબિત કરતી વાર્તાઓના સર્જક અને માનવઅધિકારોના લડવૈયા


જીવનના ઝંઝાવાતો જીરવી લઈ, કઠોર અને અસહ્ય વાસ્તવિકતાના વિષના ઘૂંટડા ગળે ઉતારી, જગતને આત્માનું અમૃત ને અવિચળ શ્રદ્ધાનો સહારો આપી જનાર મહાન સોવિયેત સાહિત્યકાર, આંતરરાષ્ટ્રીય વિભૂતિ, પરમ માનવતાવાદી ને રશિયન ક્રાંતિવીર મૅક્સિમ ગોર્કીની જન્મશતાબ્દી માર્ચની ૨૮મીએ સમગ્ર રશિયા અને સંબંધિત દેશોએ અપૂર્વ દબદબાથી ઊજવી.

તોલ્સ્તોય, ચેખોવ, દોસ્તોયવસ્કી, ઈવાન તુર્ગેનેવ, મિખાઈલ શોલોખોવ ને સ્તાનિસ્લાવસ્કી જેવા વિશ્વપ્રસિદ્ધ સર્જકો ને ક્રાંતિવીરોની જનેતા રશિયન ભૂમિના, વોલ્ગાતટે આવેલા નિઝની નોવગોરોડ શહેરમાં, સુથાર પિતા મિખાઈલ પેશ્કોવ, ને માબાપની ઇચ્છા વિરુદ્ધ લગ્ન કરનાર માતા વાર્વરાને ત્યાં ઈ. ૧૮૬૮ની ૨૮મી માર્ચે જન્મેલા એ શિશુ અલ્યોશા (એનું સાચું નામ)નું જીવન ગ્રાફ પેપર પરની સીધી લીટી જેવું છે. રશિયન ક્રાંતિ પૂર્વેના સમાજના સાવ નીચલા સ્તરમાં જન્મેલો આ અદ્ભુત માનવી એના મૃત્યુ પૂર્વે જગતના બહુ ઓછા માણસોએ પ્રાપ્ત કરેલી ઊંચાઈએ પહોંચી ગયો હતો.

બાળપણમાં જ પિતાનું અવસાન થતાં, ને સ્વતંત્ર મિજાજની માતા ઘર છોડી ચાલી જતાં અલ્યોશાને ભલી માયાળુ અને અસાધારણ નારી સમી દાદી આકુલીના, ને પાતળા ઠીંગણા ને લાલ દાઢીવાળા કઠોર દાદાના આશ્રયે રહેવું પડયું હતું. વાર્તાઓની અદ્ભુત સૃષ્ટિનો પરિચય કરાવનાર દાદીનો એના ઘડતરમાં ઘણો ફાળો છે. દાદીના અવસાન બાદ દાદાની આજ્ઞાથી અલ્યોશા અભ્યાસ છોડી બૂટની દુકાને સખત ને શુષ્ક કામ કરવા લાગ્યો. એ ઉપરાંત કરવા પડતા દાદીના સગા સગૈયેવ કુટુંબના સખત વૈતરાથી કંટાળેલો અલ્યોશા અંતે એક વસંત ઋતુમાં વૉલ્ગા ભાગી ગયો. ત્યાં ઘણા દિવસો ગોદી કામદારોએ આશ્રય આપ્યા બાદ એને દોગ્રી જહાજમાં રકાબીઓ સાફ કરવાનું કામ મળ્યું. પ્રથમ દિવસે જ ચીડિયા સ્વભાવના ને ભયંકર દેખાતા રસોયા મિખાઈલે એને એક પુસ્તક વાંચવા આપ્યું જે શુષ્ક લાગ્યું. એ પછી થોડા દિવસ બાદ કૅપ્ટનની પત્નીએ આપેલા ગોગોલના સાહિત્યે એને મુગ્ધ કર્યો.

પાનખરમાં એ દાદાને ઘેર પાછો ફર્યો ત્યાં એને પુશ્કિનનો કાવ્યસંગ્રહ વાંચવા મળ્યો. આમ ટૂંક સમયમાં એને પુશ્કિન, ને ગોગોલ જેવા સાહિત્યસ્વામીઓના સર્જનનો ગાઢ સંપર્ક થયો. એવામાં ઈ. ૧૮૮૪માં તેને એક મિત્ર દ્વારા એક કરિયાણાના વેપારી આંદ્રેઈ દરેન્કોવનો પરિચય થયો, જેની દુકાનના મેડા પર ક્રાન્તિકારી પુસ્તકો છૂપી રીતે સંઘરેલાં હતાં ને ક્રાન્તિકારીઓની ગુપ્ત સભાઓ ભરાતી. આ નવા મિત્રોની ચર્ચાઓ તો અલ્યોશાને શુષ્ક લાગતી પણ એમના પરિચયે એનામાં દેશદાઝ ને ક્રાન્તિની ભાવના પ્રગટાવી.

આ પછી એને સેમેનોવના ભઠિયારખાનામાં મદદનીશ તરીકે કામ મળ્યું. અગાઉને મુકાબલે. અત્યંત અસહ્ય વાતાવરણમાં કરવા પડતા આ કામથી અલ્યોશા કંટાળતો ત્યારે સાડકમચ રીઓ પાસે ગેલાં પ્રતિબંધિત પુસ્તકો વાંચતો ને એમનામાં નવજીવનની આશા પ્રેરતો. એ પછી એ દેરેન્કોવે શરૂ કરેલા ભઠિયારખાતામાં નોકરો અને પાઉંરોટી સાથે ક્રાંતિકારી સાહિત્ય વિદ્યાર્થીઓને પહોંચાડવાના છૂપા કાર્યક્રમમાં મદદ કરવા લાગ્યો.

*

બહુ નાની વયે લેખન કાર્ય શરૂ કરનાર અલ્યોશાએ સહુ પ્રથમ 'એક પુરાણા ઓક વૃક્ષનું ગીત' નામનું અપદ્યાગદ્ય કાવ્ય લખી ત્યાંના વિખ્યાત સર્જક કોરોલેન્કોને બતાવ્યું, પણ કશું પ્રોત્સાહન ન મળતાં એણે એ કાવ્ય સળગાવી દીધું. જોકે પાછળથી એ જ સર્જકે એને કહેલું: 'મને લાગે છે કે તું લખે તો સારું. તારામાં લેખનશક્તિ છે.'

ઈ. ૧૮૯૧ની વસંતમાં એ ખભે ખડિયો નાખી દેશયાત્રાએ નીકળી પડયો. વોલ્ગાની પરકમ્મા કરી તે દોન, યુક્રેઈન, બેસ અરેબિયા, ક્રીમિયા, કૉકેસસ આદિ પ્રદેશોમાં ફરી વળ્યો. રસ્તે ભારે વજનની ગાંસડીઓ ઊંચકવાનું, ખાણમાંથી મીઠું ખોદવાનું, પથ્થર ફોડવાનું વગેરે આકરી મજૂરીનાં અનેક કાર્યો પંદર-પંદર કલાક કરવા સાથે થેલામાં વાંચવાનો ગાંસડોએક પુસ્તકો ફેરવતો. આમ ફરતો ફરતો ને અનેક ક્રાંતિવીરોનો પરિચય સાધતો ને પ્રચાર કરતો અલ્યોશા તિફલિસ (આજના તિબલિસી) ગામે આવ્યો જ્યાં એ માયાળુ ને શાંત ક્રાંતિકારી ઍલેક્ઝાન્ડર કાલ્યુઝનીના પરિચયમાં આવ્યો અને એમની સલાહથી એણે 'મકર ચુન્દ્રા' નામની વાર્તા લખી. તિફલિસના 'કાવ્કાઝ' પત્રમાં એ સ્વીકારતાં અલ્યોશાએ લેખક તરીકે પેશ્કોવ મૅક્સિમ ગોર્કી (કડવો) નામ ધારણ કર્યું. ઈ. ૧૮૯૨ના સપ્ટેમ્બરની ૧૨મીએ પ્રગટ થએલી આ વાર્તાથી એની સાહિત્યિક કારકિર્દીનો આરંભ થયો.

ગોર્કીનું પ્રથમ પુસ્તક દેશભરમાં લોકપ્રિય થયું. લોકોને એનામાં પોતાનો હમદર્દ શ્રદ્ધાવાન રાહબર દેખાયો. પણ પીડિતોને આત્મભાન કરાવતા એના વિચારો ને પ્રવૃત્તિઓથી ઝાર સત્તા ચોંકી ઊઠી. ૧૯૦૦માં એ તોલ્સ્તોયને મોસ્કોમાં મળ્યો અને પછીના વર્ષના એપ્રિ-

---

* મૅક્સિમ ગોર્કી, પ્રૌઢ વયે. શીર્ષક સાથે એના હસ્તાક્ષરો–એમ. ગોર્કી



જન્મભૂમિ નિજની નોવ-ગેરોદમાં લેખક તરીકેની કારકિર્દીના આરંભકાળે-ઈ. ૧૯૦૦માં મૅક્સિમ ગોર્કી ←

લમાં 'તોફાની પેટ્રેલનું ગીત' રચવા બદલ પોલીસે એના ઘરની જડતી લઈ, ભાંગફોડ કરીને એને કેદ કર્યો, પણ પ્રગતિશીલ લોકોનો વિરોધ, તોલ્સ્તોયે કરેલો બચાવ અને એની બીમારી ધ્યાનમાં લઈ સરકારે એને નજરકેદ રાખ્યો. ઈ. ૧૯૦૨માં એ વતન પાછો ફર્યો એ અરસામાં એનાં 'ફિલિસ્ટાઈન્સ' ને 'લોઅર ડેપ્થ્સ' એ બે નાટકો પ્રસિદ્ધ થયાં ને ભજવાયાં. એથી એની કીર્તિ અસાધારણરીતે વધી ગઈ.

૧૯૦૫ના જાન્યુઆરીમાં કામદારોના શાંત દેખાવો પર મારો ચલાવનાર ઝાર સૈનિકોની વિરુદ્ધ લખવા બદલ ગોર્કીને ફરી પકડવામાં આવ્યો. આ વખતે માત્ર રશિયન પ્રજાએ જ નહિ સમગ્ર વિશ્વના પ્રગતિશીલ લોકોએ વિરોધ દર્શાવ્યો અને ટૂંક સમયમાં એ છૂટયો.

૧૯૦૬માં બોલ્શેવિક પક્ષની સૂચનાથી આ દેશભક્તે બ્રિટન, ફ્રાન્સ ને ઈટાલી જઈ એમને ઝાર સરકારને મદદ ન કરવા સમજાવવાનો અને ગુપ્ત ક્રાન્તિ માટે નાણાં એકઠાં કરવા પ્રયાસ કર્યો. એ અરસામાં



ઈ. ૧૯૩૧ થી ૧૯૩૬ દરમિયાનનું ગોર્કીનું નિવાસસ્થાન

એની વિશ્વવિખ્યાત 'મધર' નવલકથા પ્રસિદ્ધ થઈ જે કાયદાનો ભંગ કરી રશિયાના ખૂણેખૂણે પ્રસરી ગઈ. પણ એના લીધે જ એ ક્રાંતિવીર રશિયામાં પ્રવેશી શકયો નહિ. એથી ઈટાલીના કાપ્રી ટાપુ પર એને દેશોદયનાં સ્વપ્નો સેવતાં સાત વર્ષ ગોંધાઈ રહેવું પડયું. ૧૯૦૭માં લંડનમાં ભરાએલી 'રશિયન સ્પેશ્યલ વર્કર્સ પાર્ટી'ની પાંચમી કૉંગ્રેસમાં હાજરી આપવા જતાં એને લેનિન સાથે ગાઢ મૈત્રી થઈ. ૧૯૧૪માં પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું એના થોડા જ સમય અગાઉ એ રશિયા પાછો ફર્યો અને 'ઍનાલ્સ' સામયિકનું સંપાદન કરતાં એમાં યુદ્ધ-વિરોધી લેખો લખ્યા. રશિયાના નાગરિકોને વિશ્વના તમામ ગદ્યપદ્ય સાહિત્યની સંપત્તિનો આસ્વાદ આપવા એણે પ્રકાશનગૃહો સ્થાપ્યાં અને લેખકોને સજ્જ કર્યા. લેનિનના મૃત્યુ બાદ એમની પોતાના પરની શ્રદ્ધા સફળ કરવા એણે જે અતિશય પરિશ્રમ ખેંચ્યો ને રઝળપાટો કરી તેને લીધે. એની તબિયત ખરાબ થઈ ગઈ, એટલે મિત્રોના આગ્રહથી એ સારવાર માટે જર્મની ને ઈટાલી ગયો. ૧૯૨૮માં એ સ્વદેશ પાછો ફર્યો ત્યારે રશિયન પ્રજાએ એનું ભવ્ય સ્વાગત કર્યું.

બાળકોને ખૂબ ચાહતા ગોર્કીએ મુક્ત રશિયાનાં એ નવા નાગરિકો માટે ખૂબ લખ્યું. એની ઇચ્છા તો એમના માટે એક મોટો ગ્રંથ રચવાની હતી. એ માટે ખૂબ પરિશ્રમ કરી એણે સામગ્રી એકઠી કરી પણ ૧૯૩૬ના જૂનની ૧૮મીએ એનો દેહવિલય થતાં એ ઉમેદ અધૂરી રહી.

'ધ ટાઉન લેટ ઑવ ઓકરોવ', 'યુ રશિયા', 'ચાઈલ્ડહૂડ', 'માઈ ઍપ્રિન્ટિસશિપ', 'ધ મધર', 'ધ આર્તામોનોવ્ઝ', 'ધ લ ઈફ ઑવ ક્લિમ સેમજીન', 'માઈ યુનિવર્સિટીઝ' આદિ અનેક વિશ્વવિખ્યાત કૃતિઓનો સર્જક ગોર્કી જનતાનો લેખક હતો. પદદલિતો ને ઉપેક્ષિત માનવીઓના જીવનને હૂબહૂ પ્રતિબિંબિત કરતી વાર્તાઓના કર્તા ગોર્કીને માનવીમાં અપૂર્વ શ્રદ્ધા હતી. એ માનવી માટે આદર રાખવા, એને સન્માનવા કહે છે પણ એના તરફ દયા રાખી એને હીણપત લગાડવાનો વિરોધ કરે છે. ભીષણ ગરીબી, અસહ્ય યાતનાઓ, અન્યાય, ઉપેક્ષા ને હાડમારીઓ વેઠવા છતાં એણે જીવનશ્રદ્ધાનો દીપ હમેશાં જલતો રાખ્યો છે અને એ માટે સદા પ્રેરણા આપી છે. માનવી માનવી કેમ બને છે, એ માનવ વિષેનો નવો વિચાર આપનાર ગોર્કી 'લોકોત્તર' નથી, 'લોકોનો' છે. એણે સામાન્ય માનવીને સાહિત્યમાં આણી એની કિંમત એક મહાન ગ્રંથ કરતાં પણ વધુ ગણાવી છે.

'માનવ અધિકારોના મહાન લડવૈયા'નું બિરુદ ગાંધીજી પાસેથી મેળવનાર, 'ધરતી પર મનુષ્ય કરતાં બીજું કંઈ બહેતર નથી; હું હમેશાં માનવભક્ત રહ્યો છું અને રહીશ' જેવાં શ્રદ્ધાળુ વચનો સગર્વ કહેનાર



← પત્ની અને પુત્ર સાથે મૅક્સિમ ગોર્કી. એમનાં પત્ની એમ. આન્દ્રેયેવા રશિયન રંગભૂમિનાં અભિનેત્રી હતાં.

મૅક્સિમ ગોર્કી કાઝાનમાં ઈ. ૧૮૮૭માં, નિઝની નોવગોરીમાં ઈ. ૧૮૯૨માં અને ઈ. ૧૯૩૩માં. સ્કેચ : વેસિલિયેવ

ને પોતાનાં સર્જન ને પ્રવૃત્તિઓ દ્વારા સિદ્ધ કરનાર ગોર્કી મહાન માનવતાવાદી તરીકે વિશ્વવિખ્યાત થયો છે. ગોર્કીની મહત્તા દર્શાવતાં એક વિવેચકે યોગ્ય રીતે જ કહ્યું છે કે તોલ્સ્તોય, દોસ્તોયવસ્કી, ચેખોવ આદિએ વૈભવશાળી રશિયન સંસ્કૃતિનું જે મહાવસ્ત્ર વણ્યું તેમાં ગોર્કીનું સાહિત્ય જરીની સુંદર ને રૂપેરી ભાત જેવું ઊપસી આવે છે. જર્મન નવલકથાકાર સ્ટીફન ઝવાઇગે એને 'દલિત અને શોષિત પેઢીના સમર્થ ભાષ્યકાર' તરીકે અને એના રશિયન પ્રેમીઓએ 'ક્રાન્તદ્રષ્ટા કવિ' તરીકે ઓળખાવ્યો છે. રશિયન જનતાના અનુભવના પ્રતીક સમું 'કટુતા' અર્થ પ્રગટ કરતું ગોર્કી ઉપનામ ધારણ કરીને એ દ્વારા વિશ્વખ્યાત થનાર આ ગોર્કી જેવો (માર્ક ટ્વેઈન સિવાય) બીજો કોઈ સર્જક થયો નથી.

કચડાએલા ગરીબ લોકો વિષે કડવું સત્ય ઉચ્ચારી, પૈસા ને કીર્તિ માટે એમનું દમન કરનાર વર્ગની ઝાટકણી કાઢી ગોર્કીએ (અનુ.પૃ.૩૦૮)

નીચે : ગોર્કી યાસ્નાયા પોલ્યાનામાં લીઓ ટોલ્સ્ટોય સાથે. જમણી બાજુ ઉપર : યાલ્ટામાં ઈ. ૧૯૦૦માં રશિયન લેખક ઍન્ટન ચેખોવ સાથે અને ફ્રેન્ચ સાહિત્યકાર રોમા રોલાં સાથે.







રવિશંકર રાવળનું

આત્મકથાનક ૭૯

જીવનપટનાં રમ્ય ચિત્રો

૩૭૩ 'વીસમી સદી'નું વહાણ

'વીસમી સદી'ના અંકો જેમજેમ બહાર પડતા ગયા તેમતેમ સમાજના સર્વ થરોમાં તેની ખ્યાતિ અને ચર્ચા ફેલાતી જ ચાલી અને મુંબાઈના મારા મિત્રોમાં મારે માટેની આશાઓ અને ભાવનાઓ પ્રદીપ્ત થતી મેં જોઈ. પણ હાજીએ તો બોલ્યા વિના તેની કચેરીમાં મારો મોભો વધારી દીધો. અત્યાર સુધી મારાં ચિત્રો કોઈ વિનોદી વાત કે ટૂંકી કથા સાથે દરેક અંકમાં અચૂક આવતાં, પણ ઑફસેટ-બ્લૉકના–એટલે ૭મા અંકમાં જ તેમણે મારું ચિત્ર 'પ્રેમભીનાં' (સુરદાસના એક પદ પરથી સૌ દેવકીબાઈ વેદે ગુજરાતીમાં ઉતારેલા કાવ્ય માટે મેં કરેલું તે) એ અંકના અગ્રચિત્ર તરીકે છાપ્યું ત્યારે મારા મનમાં થયું: આવી પ્રસિદ્ધિને હું કઈ લાયકાતથી સહન કરી શકીશ?

એમણે તો ૧૯૧૫માં કરેલું મારું 'ગરવી ગુજરાત' (પાત્રસમૂહ) પણ છાપી નાખ્યું. વળી નવેમ્બરના અંકમાં મારું 'બિલ્વમંગળ'નું (વર્તુલ સંયોજન) છાપ્યું. મારી ઊંચી અકાદમિક સાધનાદૃષ્ટિ સાથે મને આ સાનુકૂળ લાગ્યું નહોતું, પણ હાજી કહેતા કે 'જે છે તે આપણું છે. તેનો મને આનંદ છે'.

બીજી તરફ મહાયુદ્ધનાં ધમસાણો એમના કામમાં અનેક અંતરાયો કરી રહ્યા હતા. એમની ચિંતામાં મારી હઠ ઊભી કરી તેમને હું દુઃખી કરવા ઇચ્છતો નહોતો. એમના કામમાં બને તેટલું સ્વાર્પણ કરવાનો મેં સંકલ્પ કર્યો અને મારા લેખક મિત્રો અને ચિત્રકાર મિત્રોને તેમના 'સદી'માં યોજવા સજ્જ બન્યો. નવું લખનારા, અનુવાદ કરનારા, ચિત્ર કરી આપનારાની વિવિધતા તેમને જોઈતી હતી. મારા મિત્ર મનુભાઈ બધેકા પાસે એક અનુવાદ કરાવી આપ્યો. રામરાવ, દેવલાલીકર બધાને હાજીના પ્રયત્નોમાં સાથ આપવા કહ્યું. દેવલાલીકરે તો તુરત એક તૈયાર ચિત્ર આપ્યું. ત્રિભુવન પટેલે કાવ્યો અને વાર્તાઓ મોકલી. આમ, જાણે 'વીસમી સદી' મારું ઘરનું જ હોય એમ હું તેમાં એકરૂપ થવા લાગ્યો.

૩૭૪ યુદ્ધનો મામલો

ભારતના હિંદી મહાસાગરમાં મિત્રરાજ્યોની ચોકીઓ વટાવી, જર્મનીનું એક લડાયક જહાજ 'એમડન' ધૂસી આવ્યું અને ૨૮મી ડિસેમ્બરે મદ્રાસના કિનારા પર ગોળા છોડી અલોપ થઈ ગયું! તેણે યુરોપમાં રાડ બોલાવી હતી. મધદરિયે માલભર્યા પુરવઠાવહાણો ઠગાઇને પાસે જતાં, તેમને તોપો તાકી કબજે કરાતાં અને માણસોને પોતાના તૂતક પર લઈ બધાં જ ડુબાડી દેવામાં આવતાં; અને તેના કેદીઓને તટસ્થ રાજ્યોના કિનારે પહોંચાડવામાં આવતા. આમ, નવો પુરવઠો લઈ તે આગળ જતું. તેના નાવિકો અને કૅપ્ટન દાનવી તાકાતથી ઘૂમતા રહેતા. મદ્રાસથી છટકયા બાદ એક મહિના પછી સુમાત્રાથી ૫૦૦ માઈલ દૂર હિંદી મહાસાગરના કોકાબ્રિટ નજીક એક ઑસ્ટ્રેલિયન લડાયક જહાજ 'સિડની'એ તેનો નાશ કર્યો, અને તેના નાવિકોને કેદ કરી લીધા. ('દરિયાનો દાનવ' કુમાર અંક ૮૦-૮૧-૮૨)

પંદરમી ડિસેમ્બરે યુરોપમાં વર્ડૂ Verdun આગળ વીસ માઈલના વિસ્તારમાં લડાઈ હતી. બ્રિટિશ કમાન્ડર નેવિલે આઠ ડિવિઝન (સેનાઓ) ઉતારી. ૯૦૦૦ કેદીઓ પકડયા, પણ માત્ર નવ માઈલ પહોળું અને ત્રણ માઈલ સીધું ગાબડું થઈ શક્યું. ૨૧મી ફેબ્રુઆરી ૧૯૧૬ થી ૨૦મી ડિસેમ્બર સુધીમાં ૩,૬૨,૦૦૦ ફ્રેન્ચો ખલાસ થયા હતા અને ૩,૩૬,૮૩૧ જર્મનો મર્યા હતા. તેમની યૂ બોટોએ હજારો સ્ટીમરો અને વહાણો ડુબાડયાં હતાં. હજી જર્મનો જોર પર હતા.

૩૦૬ ('કુમાર' અંક ૫૩૬)



ચાલીના એક પડોશીનો સ્કેચ

૩૭૫ ૧૯૧૬ની દિવાળી પછી

મુંબાઈના જીવનથી ખૂબ ત્રાસેલો દિવાળીમાં હું ભાવનગર ગયો ત્યારે ઘણા મિત્રો મળ્યા. લગભગ બધા પુખ્ય વયમાં આવી ગયા હતા એટલે દિવાળીના દિવસોમાં એકબીજાને ત્યાં વારાફરતી ચા-નાસ્તાને નિમિત્તે સારાં મિલનો થતાં હતાં, મારે માટે ભવિષ્યની કોઈ સ્પષ્ટતા નહોતી. મારા વિચારો અને ભાવનાઓ પ્રમાણે મારું જીવન મુંબાઈમાં જ વિકાસ પામી શકે એવો પિતાશ્રીનો નિર્ણય હતો, ને તબિયતની સુખાકારી જાળવવા માટે મારે કુટુંબને સાથે જ રાખવું એવો સૌનો મત થયો, એટલે મેં મુંબાઈની બહારના ખુલ્લા પરામાં રહેવાનો નિશ્ચય કર્યો. મારા મિત્ર અંબારામ માસ્તરે સાન્ટાક્રુઝમાં વાસ કર્યો હતો તે ઝવેરી કનજી માલજીની ઓરડીઓમાં એક ખાલી ઓરડી મળે તેવું હતું, એટલે આ વખતે મેં કુટુંબને સાથે લઈ જવા ઠરાવ્યું અને મુંબાઈમાં બને તો ધંધાનું કામ શોધવું એવો ઈરાદો રાખ્યો. શાળાનું વર્ષ તો પૂરું થવા આવ્યું હતું, એટલે વધુ વિકાસ કરવાની ભાવનાથી ટર્મ ભરીને પેઇન્ટિંગ અને સ્કલ્પ્ચર (મૃદ્ શિલ્પ)ના વર્ગો ભરવા ધાર્યું. એમાં મને શાળાના સમયનું બંધન



શાળાના છેલ્લા વર્ષમાં જીવતપાત્ર પરથી કરેલો સ્કેચ



હરખજી માસ્તર

નહોતું, એટલે હું મારા સામાનમાં નવું રસોડું વસાવવા જોઈતાં વાસણ-કુસણનો કોથળો તેમજ બિસ્તરાનો ઠઠારો સાથે ઉપાડીને મુંબાઈ ગયો.

મારા રૂમ-સાથી જેભાઈને મુશ્કેલી હતી. હવે તે પોતાની પત્નીને દેશમાં મોકલી શકે તેમ નહોતા. તેમને ત્યાં પણ એક બાળકનું ઘોડિયું જગ્યા માગતું હતું, એટલે જતાંવેંત માસ્તરની સહાયથી સાંન્ટાક્રુઝમાં તેમની બાજુની ઓરડી રાખી લીધી. ઝવેરી કાનજી શેઠે મારા પિતાશ્રીની મૈત્રી યાદ કરી રૂમમાં એક ફાજલ પડેલું કાચનું પાર્ટિશન નખાવી આપ્યું. વળી અંદર નળ સાથેની એક અલગ બાથરૂમ હતી તેમાંથી સામાન કઢાવી લઈ તે પણ મને છૂટી કરી આપી; અને એક દિવસે મુંબાઇથી સરસામાન ટ્રેઇનમાં ચડાવી હું સાન્ટાક્રુઝ પહોંચી ગયો.


૩૭૬ સાન્ટાક્રુઝનો નિવાસ

સ્ટેશનથી ઘોડબંદરને રસ્તે જ્યાં 'વ્હીલર વિલા' અને વોરાનો બંગલો હતો, ત્યાંથી મુંબાઈ તરફના માર્ગની જમણી બાજુની સાંકડી ગલીમાં સાવ છેડે ઝવેરી કાનજી માલજીનો બેઠા ઘાટનો બંગલો હતો અને પાછળ એકઢાળિયાની લાંબી હારમાં પાંચછ ઓરડીઓ હતી. તેમાંની, બંગલાને અડતી પહેલી મોટી ઓરડી માસિક રૂપિયા સાતના ભાડાથી મેં રાખી લીધી. તે જરા મોટી હતી અને અંદર નળ સાથેની બાથરૂમ હતી, તેથી તેનું ભાડું જોડેની બીજી ઓરડીઓ કરતાં બે રૂપિયા વધારે હતું. ઉપર વિલાયતી નળિયાંનું છાપરું હતું. તેમાં શેઠે કાચનાં બે નળિયાં ગોઠવાવી આપ્યાં એટલે મારી કામ કરવાની બેઠક પર અજવાળું આવ્યું. આખા ખંડને એક જ બારી હતી, અને તે પાછળ દરિયા તરફ પડતી હતી, એટલે રસોડાની ચોકડી પર જ તેનો પ્રકાશ મળતો અને પવન કે વરસાદનાં ઝાપટાં હોય ત્યારે તે પણ બંધ કરી દેવી પડતી. એક જ વીજળી-બત્તી વચમાં ઉપર લટકતી હતી. પણ ૮×૧૨ ફૂટનો આ ખંડ પણ મને હવામહેલ જેવો લાગ્યો અને મારી પત્નીને સ્વતંત્ર ઘર મળ્યાનો આનંદ થયો. બહાર વિશાળ ફળિયું અને શેઠનો બગીચો હતો. સામે માળીની છાપરી હતી. મારી લગોલગ અંબારામ માસ્તરની ઓરડી હતી, બધી ઓરડીઓને સળંગ ઓસરી હતી. તેમની પછીની ઓરડીમાં હરખજીભાઈ વ્યાસ સીનિયર ટ્રેઈન્ડ શિક્ષક રહેતા હતા. તે સાન્ટાક્રુઝના આર્યસમાજ ગુરુકુળમાં નોકરી કરતા હતા અને સાંજે જમીન રાત્રે પણ શહેરમાં અંગ્રેજીના વર્ગો ભરવા જતા તે છેક રાત્રે દસ વાગ્યે આવતા. એ પછીની બે ઓરડીઓમાં ચોરવાડવાળા હરખચંદભાઈ (કલકત્તાની વિખ્યાત એલ્યુમીનિયમ કંપનીના સ્થાપક શેઠ જીવણલાલના મોટા ભાઈ) તેમનાં પત્ની સાથે રહેતા હતા. તે પછીની ઓરડીમાં વેપારી પેઢીમાં નોકરી કરતા એક લુહાણા યુવાન મૂળજીભાઈ અને તેમનાં શીલસુંદર પત્ની રહેતાં હતાં. પછી થોડે અંતરે સૌનું સહિયારું એક સંડાસ હતું. આસપાસ અને પાછળ ડાંગરનાં મોટાં ખેતરો હતાં. તેની પાછળ દૂર માછીમારોનું દાંડા ગામડું અને દરિયો નજરે પડતાં હતાં.

આ બધાંથી જુદા અને જરા અલગ રહેતા એક શ્રીમંત ભાડૂત મારી રૂમની બાજુ એક ઓટલા જેટલી જગ્યા છોડી શેઠના બંગલાનો એક ભાગ વાપરતા હતા. તેમનું બારણું મારા ખંડની સામે ઓટલા પર જ પડતું હતું. તેઓ અમદાવાદના નાગર કુટુંબના શ્રી વીજુભાઈ હજરત હતા. તેમનાં પત્ની સ્નેહલતાબેન અને નાની બાળકી નીલા ત્રણે મુંબાઈની ગૃહસ્થાઈમાં રહેલાં. તેઓ સંસ્કાર અને સભ્યતામાં બીજાં ભાડૂતો કરતાં પોતાને ઊંચાં માની ભાગ્યે જ બીજાઓ સાથે ભળતાં. શેઠની શ્રીમંતાઈના ડોળ અને અણઘડપણાની તે ટીકા કરતાં પણ શેઠાણીની સલુકાઈ અને મિલનસારપણા માટે સૌને સદ્‌ભાવ હતો. શેઠને સંતતિ નહોતી એટલે અનાથાશ્રમમાંથી લાવેલા બાળક બાબુભાઈ ઉપર પ્રેમ વર્ષાવતા. શેઠ ગાડી રાખતા જે તેમને સવાર-સાંજ સ્ટેશને લઈ જવા-લાવવા તૈયાર રહેતી.

૩૭૭ સાન્ટાક્રુઝના સહવાસીઓ


મારો સંબંધ અંબારામ માસ્તર અને તેમનાં પત્ની સાથે ગાઢ બની ગયો હતો. એ બંનેની સમાધાન અને સંતોષ વૃત્તિ મને બહુ ગમતી.



અંબારામ માસ્તર

એમને હવે સાન્ટાક્રુઝમાં ખૂબ ફાવી ગયું હતું, એટલે મુંબાઈનાં ટ્યૂશનો મૂકી દીધાં હતાં. સાન્ટાક્રુઝના મોદીની ચાલવાળા મોદી સાથે તેમણે મારી ઓળખાણ કરાવી આપી એટલે ઘરના સીધાસામાન માટે મને ખૂબ સરળતા થઈ. પણ સાન્ટાક્રુઝમાં લોટની ઘંટી નહોતી એટલે અમે શરૂઆતમાં ગ્રાન્ટરોડથી ઘઉં દળાવી આવતા. પછી થોડા વખતમાં મોદીની ચાલમાં ઘંટી આવી ગઈ ને અમારી મજૂરી ટળી.

હરખજી માસ્તર પણ ઠેઠ રાત સુધી આખો દિવસ રોકાએલા રહેતા. તેમનાં બીમાર પત્ની કંઠમાળના વ્યાધિથી પરેશાન હતાં. એક બાળક અને બાળકી પણ હતાં, એ બધાંને એ ઓરડીમાં જ સુખ-સગવડ શોધી લેવાં પડતાં. કોઈ વાર રાત્રે હું અને માસ્તર મોડે સુધી બેઠા હોઈએ અને એ શહેરમાંથી આવે ત્યારે જ એમની સાથે બે વાતો થાય. પણ તેમની એ વાતોમાં યે ઘણી ખબરો, ચર્ચાઓ, અભિપ્રાયો અમને જણાવતા. તે વખતે તેમનો પરિવાર તો ઊંઘી જ ગયો હોય. વખત જતાં તેમની સાથે રવિવારે વાતો કરવાનું અને ફરવા જવાનું થવા લાગ્યું, તેમાં મેં જાણ્યું કે શિક્ષણ વિષે તેમના મૌલિક વિચારો હતા. વળી તે બંગાળી શીખી ગયા હતા અને તે વખતે રખાલદાસ બૅનરજીની જાણીતી નવલકથા 'શશાંક' વાંચતા હતા, તેનો તરજુમો મને સંભળાવતા જતા હતા. એ કથામાં પ્રાચીન



સાન્ટાક્રુઝનો નિવાસ

ભારતનું ગૌરવ અને કલ્પના પ્રગટ થયાં હતાં. હાજીની 'વીસમી સદી'-ની કચેરીમાં મળતા સાક્ષરોની વાતોમાં તે રસ લેવા લાગ્યા, એટલે એક વાર તેમને હાજીમહમ્મદને ત્યાં લઈ ગયો. એ મુલાકાતમાંથી હાજીએ તેમની પાસે 'શાહજાદો ખુશરૂ'નો અનુવાદ કરાવી 'વીસમી સદી'માં છાપ્યો. એક વાર એ હરખજી માસ્તરે એમના ગુરુકુળમાંથી આર્થર મીએ સંપાદિત કરેલી 'બુક ઑવ નૉલેજ'નું પહેલું પુસ્તક જોવા આણ્યું. એ મેં જોયું ત્યારથી બાળકોના વિકાસ માટે સાહિત્ય અને ચિત્રો ઉપજાવવાનો પ્રથમ વિચાર મને ઊપજ્યો.

૩૭૮ પુરુષોત્તમ પાઠક

હરખજીભાઈની રાત્રિશાળાના સાથી બીજા એક સીનિયર ટ્રેઈન્ડ શિક્ષક હતા. તેમનો પરિચય થતાં જાણ્યું કે તે મૅટ્રિક પાસ થઈ ગયા હતા ને કમર્શિયલ કૉલેજમાં પણ જતા હતા. એ ચોરવાડના વતની ને પઢિયારના કુટુંબી, એટલે કવિશ્રી નાનાલાલનાં ભત્રીજી ભાનુબેન, જે વ્હીલર વીલામાં રહેતાં, તેમની સાથે રહેવા-જમવાની સગવડ તેમને થઈ હતી. એક વાર કવિ નાનાલાલ ભાનુબેનને ત્યાં આવ્યા. એમણે પાઠક પાસેથી જાણ્યું કે હું સાન્ટાક્રુઝમાં રહેવા આવ્યો છું, એટલે પાઠકની સાથે ભાનુબેનને મારે ત્યાં મોકલ્યાં અને 'કાકા આવ્યા'ના સમાચાર આપ્યા. હું વ્હીલર વિલામાં ગયો ત્યારે બંગલાની નીચેના ભાગમાં રહેતા સંગીતવિશારદ બર્વે માસ્તરને ત્યાં કવિ બેઠા હતા, એટલે શ્રી બર્વે સાથે મારી ઓળખાણ તાજી થઈ. હું મુંબઈમાં હતો ત્યારે ભાઈ પરમાનંદ તેમના મિત્ર ચમનભાઈનાં પત્ની વિજયાબેન પાસે મને એક વાર લઈ ગએલા. વઢવાણ કૅમ્પ નિવાસી બૅરિસ્ટર મોહનભાઈનાં તે સુપુત્રી. તે બર્વે માસ્તર પાસે સંગીત શીખતાં. શ્રી બર્વે વડોદરાથી આવેલા હોઈ ગુજરાતી સમાજમાં શાસ્ત્રીય સંગીત માટે ખૂબ જાણીતા હતા. સંગીતના અનુસંધાનમાં પિંગળશાસ્ત્રનું પણ તેમને ઊંચું જ્ઞાન હતું એટલે કવિશ્રી નાનાલાલ તેમને બિરદાવતા હતા.

બાજુમાં જ ભોગીન્દ્રરાવ દિવેટિયા રહેતા હતા, પણ તેમની બેની વચ્ચે કોઈ મેળ દેખાયો નહિ. ભાનુબેનના પતિ દલપતરામ ત્રિવેદી તો જાણે મને પૂર્વપરિચિત હોય તેમ સદ્ભાવ બતાવતા થઈ ગએલા.

પુરુષોત્તમ પાઠક રોજ દસ વાગ્યે શહેરમાં નોકરી કરવા જતા. એમની સાથેની વાતોમાંથી જાણ્યું કે એમને પણ વતનમાં પત્ની અને બાળકો છે. પણ ત્યાં શિક્ષકની નોકરીમાં ઉપર જવાની કોઈ આશા નહોતી, એટલે મુંબઈ આવી નોકરી મેળવી, રાત્રિશાળાના વર્ગોમાંથી મૅટ્રિક પાસ કરી હવે વેપારી ભણતર લેવા માંડ્યું હતું. તે કહેતા કે, 'મારું લક્ષ્ય એક વાર પૈસા કમાઈ લેવાનું છે. પછી જે દેશસેવા કરવી હશે તે કરીશ. પૈસા વગર લોકોને વિદ્યાની કિંમત નથી.' (ચાલુ)

લ ઘુ ક થા

શરદ, તારું ગુલાબ

જયંતીલાલ ગજ્જર

ઘણા દિવસોનો એ ક્રમ હતો: શરદ બસમાં ચડે, લેડીઝ સીટ પર બેઠેલી સમતા સામે નજર નાખે અને બંને સ્મિત વેરે.

બસ ગતિ પકડે —અને બંનેનાં મન પણ.

માઉન્ટ કાર્મેલના સ્ટૅન્ડે સમતા ઊતરે, શરદ આગળ જાય. બંને છૂટાં પડે —મધુરા મિલનની અનેરી સોડમ અનુભવીને.

સમય વહેતાં બંને પરસ્પરનાં હૈયાંના ભાવો સમજી ગયાં. પુસ્તકો મારફત ચિઠ્ઠીઓ પહોંચતી થઈ: 'તને હું ચાહું છું, લગ્ન કરીશ તો બસ એક તારી જ સાથે', શરદે એકરાર કર્યો.

સમતાએ પ્રત્યુત્તર વાળ્યો: 'તમને પતિ તરીકે મેળવીશ તો હું ધન્યતા અનુભવીશ.'

પછી તો શરદ પાર્કમાં મળવા વિનંતી કરે, સમતા એવું મિલન ટાળે. છેવટે એ હારી ગઈ. રવિવારે પાંચ વાગ્યે વિક્ટોરિયા ગાર્ડન જવું પડ્યું.

સમતાના હાથમાં ગુલાબનું ફૂલ મૂકતાં શરદ પ્રશંસા કરવા લાગ્યો: 'તું મારા જીવનનું કેન્દ્ર છે. તારા સિવાય હું...'

શરદ બોલ્યે જતો હતો, સમતા એકચિત્તે સાંભળી રહી હતી. શરદ જોઈ શક્યો કે એ એની વાણી પર મુગ્ધ થઈ હતી.

સમતાને સૂનમૂન જોઈ શરદે પૂછ્યું: 'મારી વાતોમાં તને વિશ્વાસ છે ને, સમતા? કેમ શાંત છે?' સમતા કશું જ ન બોલી — અનિમિષ નયને શરદ ભણી તાકી રહી. એ નયનોમાં ઊભરાતો સ્નેહ શરદ જોઈ શક્યો. એના બેઉ હાથ પકડી એ બોલ્યો: 'કંઈક તો બોલ, સમતા?'

સમતાએ પર્સમાંથી પેન અને કાગળ કાઢી લખ્યું: 'મને પણ તારા પર ખૂબ પ્રેમ છે. એક નહિ, સાતસાત ભવ તને પતિ તરીકે ઝંખું છું. પણ મારા હૈયાની વાતો તારી જેમ કેવી રીતે કહી શકું? હું તો મૂંગી છું.'

શરદ ચોંકી ઊઠ્યો. સ્તબ્ધ બની પળેક કંઈક વિચારી પીઠ ફેરવી એ ચાલી નીકળ્યો. સમતા ઘડીભર એને જતો જોઈ રહી. પછી મોટેથી બૂમ પાડી: 'પણ શરદ, આ તારું ગુલાબ તો લેતો જા!'

અનુસંધાન] મૅક્સિમ ગોર્કી [પૃ. ૩૦૫થી

વિશ્વના મહાન શ્રમજીવી લેખક તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. ગોર્કીની વાર્તાઓના પ્રભાવનું આલેખન કરતાં ક્રાંતિકારી મહિલા ઇ. ઝામી-સ્લોવસ્કાયાએ લખ્યું છે કે 'રાજકીય દેશવટો ભોગવનારાઓ જ્યારે ગોર્કીની વાર્તાઓ વાંચતા ત્યારે એમને આથમતા સૂરજની ઉષ્માનો, સાગરનાં મોજાંના ઘૂઘવાટનો અનુભવ થતો. તેમની વાર્તાઓ દેશવટો સડનારાઓને સાઇબેરિયાની કાતિલ ઠંડી સહેવાની પ્રેરણા આપતી.'

માત્ર લેખક કે કથાકાર જ નહિ પણ નવી સભાનતાના પ્રતીક અને નવી સંવેદનાના જ્યોતિર્ધર સમા ગોર્કીનો નૂતન રશિયાના ઘડતરમાં અમૂલ્ય ફાળો છે. કોઈ પણ પ્રકારના પરંપરાગત ખયાલોને સહજ રીતે ખંખેરી નાખનાર, સામાજિક પરિવર્તન અને માનવમુક્તિના ગવૈયા ગોર્કીએ જર્જરિત ખયાલો, પૂર્વગ્રહો, જડ મતો અને છલનાઓને ઇતિહાસની ગર્તામાં ધકેલી દેવા આજીવન યુદ્ધ ખેલ્યું છે. માનવ આત્માને ખુશબોદાર સર્જનથી જાગૃત કરનાર આ મંત્રદાતા ને જીવનના સન્નિષ્ઠ ચિત્રકાર માટે વિખ્યાત ચિંતક રોમાં રોલાંએ લખ્યું છે કે 'તમે એક ઇન્દ્રધનુષ્ય જેવા છો જે બે વિશ્વને સાંધે છે. ભૂત અને ભવિષ્ય તથા રુસ અને પશ્ચિમને. એ ઇન્દ્રધનુષ્યનું હું અભિવાદન કરું છું.'

ગૃહત્યાગ

ઈવા ડેવ

વસંત અને કુમકુમ એમના નવા ઘરના બાગમાં બે ખુરશીઓ નાખી સાંજે બેઠાં હતાં. વસંતે પૂછ્યું: કેમ, કેવો દિવસ ગયો?

કુમકુમ: ઠીક. ને તમારો?

વસંત: સારો; ઘણો સારો. તેં હજી રડવાનું ઓછું નથી કર્યું. ગુજરાતથી નીકળ્યાં ત્યારનું તેં શરૂ કર્યું છે. તારી આંખો કેવી ફૂલી ગઈ છે?

કુમકુમ: વસંત, તને ખ્યાલ નહિ આવે. મને આ ઘરમાં એકલવાયું લાગે, ડર લાગે, એનાં ઘણાં કારણો છે. મુખ્ય કારણ છે જે ઘરમાં વીસ વરસ વીતાવ્યાં તે ઘરને એકાએક છોડી દઈ તદ્દન નવાં, અજાણ્યાં માણસોની વચમાં નવું જીવન માંડવાનું છે. કોઈ પુરુષને સાસરે આવતી છોકરીની લાગણીઓ પૂરેપૂરી નહિ સમજાય. સદાયને માટે પોતાનું માન્યું હોય તેવું બધું જ છોડીને ચાલ્યા આવવાનું. તારે ત્યાં આવી ને મને બાએ જે ઠંડો આવકાર આપ્યો તેનાથી હું ગભરાઈ ગઈ. મને લાગે છે કે બાને હું બહુ ગમતી નથી.

વસંત: એવું કાંઈ નથી. બાનો સ્વભાવ જ એવો છે.

કુમકુમ: ઓ મા રે! તમારી લડવાડ જોઈને હું તો સજ્જડ જ થઈ ગઈ છું. વહુ તરીકે મારું ઘરમાં શું માન રહેશે? જ્યાં મા ને દીકરાને બારમો ચંદ્રમા...! એવામાં તું ખબર લઈને આવ્યો કે તેં કોચિન રિફાઇનરીમાં નોકરી લીધી છે. અહીં દૂર દૂર આવવાનું, એકલાં રહેવાનું, સ્વજનોને ક્વચિત જ મળવાનું! ખબર છે તને સુરતની પાર હું કદીય ગઈ નથી! હું મુંબાઈ પણ આ પહેલી વાર આવી.

સ્મિત કરીને વસંત બોલ્યો: તારે તો ખુશ થવું જોઈએ. તારે હવે લડકણી સાસુ સાથે રહેવું નહિ પડે. તારો સ્વતંત્ર સંસાર માંડવાની તક તને મળશે. ને અહીં ઘણા બધા ગુજરાતીઓ છે. બે-ચારને તો હું આજે જ મળી શકયો છું

કુમકુમ: એટલું જ આશ્વાસન છે કે મારે મારું સ્વતંત્ર ઘર હશે. કોઈ રોકટોક કરનાર નહિ હોય. પરંતુ બીજો વિચાર આવે છે ને એમ થાય છે કે આ સ્વતંત્ર ઘર ન હોય તો પણ ચાલે; જો માત્ર બા-બાપુજી વગેરેને અવારનવાર મળી શકાય. વસંત, એ વિચાર જ મને ગાંડી કરી મૂકે છે કે લાંબા ગાળા સુધી એ લોકોને મળવાનું નહિ બની શકે. સારામાઠા પ્રસંગે એ સહુને મારા વિના ચલાવી લેવાનું. મારી બાની તબિયત પણ બહુ સારી નથી રહેતી. મને માત્ર મારા ઘરના જ વિચારો આવ્યા કરે છે ને મને ભયભીત કરી મૂકે છે.

એની આંખમાં આંસુ આવી ગયાં. થોડી વાર પછી, આપણે નીકળ્યાં ત્યારથી હું તને પૂછું પૂછું કરતી હતી, પણ કેમેય જીભ ઊપડી નહિ. તેં એમને સ્ટેશન પર આવવાની કેમ ના પાડી દીધી? તું બહુ જ સખત દિલનો કહેવાય. હાથ હલાવતાં, આવજો કહેતાં, રડતાં બા વરંડામાં ઊભાં હતાં. મને બાની ખૂબ દયા આવી ગઈ.

એ માત્ર ચૂપ જ બેસી રહ્યો. કુમકુમ એના મોં પર પ્રસરેલી ગ્લાનિ જોઈ શકી.

કુમકુમ: તું ચિડાય નહિ તો હું એક પ્રશ્ન પૂછું. મને બહુ જ નવાઈ લાગે છે. તારા ઘરમાં પગ મૂક્યો ત્યારની આ વિચારને અળગો કરવા મથું છું. હિંમત કરીને હવે પૂછી લઉં છું. વસંત, તારે અને બાને આવો ભયંકર ઝઘડો કેમ થઈ જાય છે? તમે બેઉ મર્યાદા વટાવીને બધું બોલી નાખો છો. તમારાં દિલ પણ કેવાં ઊંચાં થઈ જાય છે! ઘરનું વાતાવરણ પણ થોડા દિવસ માટે ભારે થઈ જાય છે. ખરેખર, તું એમને પત્ર નહિ લખે? તું ઘેર પાછો નહિ જાય? ગુસ્સામાં ને ગુસ્સામાં તો આટલે દૂર જૉબ નથી સ્વીકારી લીધીને?

મ્લાન મુખે, નરમ સ્વરે, વસંત બોલ્યો: ઝઘડાનું મૂળ તો આજ સુધી હું શોધી શકયો નથી. એ થઈ જાય છે, લાગણીઓ ઉશ્કેરાઈ જાય છે, ચડભડ થઈ જાય છે. આવું વર્ષોથી ચાલ્યું આવે છે. એનું પૃથક્કરણ થાય એમ નથી. કદાચ એમનો સ્નેહ વધારે પડતો છે, એમની આશાઓ ઊંચી છે, હું એમની રીતે ચાલું એવો હઠાગ્રહ છે. તારા આવ્યા પછી થોડા દિવસમાં મને ખ્યાલ આવી ગયો કે સંયુક્ત કુટુંબમાં નહિ જ રહી શકાય. કંકાસ થયા કરશે ને તારાથી એ બહુ દિવસ સહી શકાશે નહિ. પરિણીત જીવન શરૂ થતાં પહેલાં જ ધૂળધાણી થઈ જશે. સૌથી સારો રસ્તો એ છે કે દૂર ચાલ્યાં જઈએ. તું તો ખરી છટકી ગઈ; એમ કહીને કે મને જે ઠીક લાગે તે ખરું!

કુમકુમ: કહે તો, બીજું હું કહું પણ શું? ખરો લુચ્ચો છે તું! એ લોકોની હાજરીમાં જ પાછો તું મને પૂછે. આવ્યા પછી એક શબ્દ હું ઊંચે સાદે તારા ઘરમાં નથી બોલી, નથી કશું સામું બોલી, છતાં મારે કેટલું સાંભળવું પડયું છે! બાના આ શબ્દોથી મને એટલું ખોટું લાગ્યું છે. 'સારા ઘરની છોકરી છે તો તારા પ્રણીને પાછો વાળવા તેં શું કર્યું? કોણ જાણે રાતે શું ય ભરમાવતી હશે ઈશ!' સામું કહેવાનું તો એવું દિલ થયું'તું કે ઘણું તમારા ઘર ને કુટુંબ વિષે સાંભળ્યું હતું. તો આ શું માંડો છો તમે સહુ? પણ બાપ રે! મારી દેન છે! રડીને બેસી રહી હું. સાચું કહું તને? એમની હાજરીમાં હું ફફડફફડ થયા કરું છું. મને એમની આગળ જતાં, એમની સાથે વાત કરતાં કંઈ પૂછતાં, નરી બીક લાગે છે. બીકમાં ને બીકમાં મારાથી કંઈ અવળું થાય છે, ભૂલ થાય છે ને એમનું ભણેલી છોકરીઓની બિનઆવડત પરનું ભાષણ શરૂ થાય છે.

વસંત: સાચે જ મને નવાઈ લાગતી કે તું ભલી એ સહન કરી શકતી'તી. મારાથી એક અક્ષર સહન નથી થતો એટલે તો આ ઝઘડા થઈ જાય છે. આ વખતે જરી વધારે પડતું મારાથી બોલાઈ ગયું એનું કારણ તારા પર થતો જુલમ પણ હતો. આવું તો અમારે બેઉને વર્ષોથી થતું આવ્યું છે.

કુમકુમ: તેં મારા સવાલનો જવાબ ન આપ્યો. તું સાચે જ આપણા ઘર સાથેનો સંબંધ તોડી નાખવાનો છે? કાગળ નહિ જ લખે? ગુજરાત પાછો નહિ જાય?

વસંત: અત્યારની મારી લાગણીઓ સાચી હોય તો એમ જ થાય છે કે ના કદાપિ નહિ; હવે બધું પૂરું થઈ ગયું. પરંતુ આવું મેં સેંકડો વાર બન્યું છે. આવું બોલીને ય હું ઘેર પાછો આવ્યો છું, બાને આંસુ સારતી જોઈ હું પીગળી ગયો છું. સંધિ થઈ ગઈ છે. વળી પાછી થોડા દિવસમાં લડવાડ પણ થઈ છે!

કુમકુમ: કેવું વિચિત્ર છે! મારી બા સાથે મારે કોઈ દિવસ કોઈ પણ જાતનો કલહ થયો હોય એવું મને યાદ નથી. આવા પ્રકારનો ટંટો મેં મારા ઘરમાં થએલો કદી જોયો નથી. થોડી બોલાચાલી થઈ જાય ભાઈબહેનોને. તું જ્યારે બા પાસે નહિ જવાનો નિરધાર કરી રહ્યો છે ત્યારે મને રહી રહીને મારી બા પાસે દોડી જવાનું મન થઈ જાય છે. મારી બાનો વિચાર આવતાં જ આટલે દૂર આવ્યાનું દુઃખ વધી જાય છે.

વસંત: (કંઈક વિચારતો) તારી ભાભી ને તારી બાને કશી બાબતમાં ટંટો નથી થતો? છોકરી ને માનો સંબંધ જુદો છે, ને વહુ ને સાસુનો સંબંધ સાવ જુદો હોય છે. જો ને, મોટીબહેન ને કુસુમ સાથેનો બાનો વ્યવહાર કેવો છે? બેઉને સાસરે તો પાછા ઝઘડા છે જ.

કુમકુમ: લુચ્ચો છે તું, એમ કરીને મારા ઘરની વાત કઢાવવી છે. તું નહિ માને! ભાભી એમનું ધાર્યું જ કરે છે. કોઈ કોઈ વખત બાની સામું તડતડ બોલી જાય છે. મારી બા શાંત છે, નમ્ર છે. એ કંઈ જ નથી બોલતી. અમે ઘણી વખત ચડભડી ઊઠીએ. ત્યારે ઊલટી એ અમને વાળે છે. હા, પછી એ છાનીછાની અમારી આગળ રડે છે. ભાઇને એક હરફ એ કહેતી નથી.

વસંત: તારી બા તારા ભાઇને કંઈ કહે કે મને ખાતરી છે કે તારે ત્યાં પણ આવો જ લંકાકાંડ થાય. કુમકુમ, ઘેર ઘેર એની એ જ રામાયણ.

ડોકું ધુણાવીને કુમકુમ બોલી: ના, વસંત. એવું નથી બન્યું. પાંચ વર્ષ થયાં ભાભીને ઘરમાં આવે. મારી બા ભાઇને કંઈ વાત કરે નહિ ને ભાઈ ભાભીનું કશું આવું સાંભળે નહિ. ભાભી રિસાય ને કડવાં વચન બોલી જાય, પણ ભાઈ બાની જેમ ચૂપ જ રહે.

વસંત: અમારી વાત જુદી છે. આજે આ વાત મંડાઈ ગઈ છે ને ભૂતકાળની નાનીમોટી વાતો યાદ આવી જાય છે. મારા મનમાં એવી એક ગ્રંથિ બંધાઈ ગઈ છે કે આ ઘરમાં મારું સ્થાન નથી. મારી પર કોઇને–ખાસ બાને પ્રેમ નથી. જ્યારે ય કૈં યાદ કરવા પ્રયત્ન કરું છું તો માત્ર કટુ અનુભવ જ યાદ આવે છે. મીઠી યાદ કેટલું ય કરું તો ય છતી થતી નથી. યાદ આવે છે; કંઈ તોફાન-મસ્તી કર્યાં છે; બા ગુસ્સે થઈ ધમકી આપે છે: ‘રાતે તારી વલે છે. યાદ રાખ તું. તારા બાપુને વાત કરીશ ને એ તને પાંશરો કરશે.’ બસ, આની આ વાત. કૈં નાખી દેવા જેવી અમસ્થી અમથી વાત હોય ને એ અકળાઈ ગઈ હોય...શિક્ષા... શિક્ષા...શિક્ષા...! મારની જ વાત. બાપુજીના માર કરતાં ય બાની ધમકીએ મારા મન પર વધુ અસર કરી છે.

કુમકુમ: મારા અનુભવ તારા કરતાં તદ્દન જુદા જ છે. બા ને બાપુજી બેઉને મારા પર બહુ જ હેત છે હું એમની સૌથી લાડકી દીકરી છું. વયમાં નાની છું છતાં ય બા, બાપુજી ને ભાઈ સુધ્ધાં મારી સલાહ લે. મને વાત કરે. ભાભીને આ બહુ ન ગમે હોં. અહીં આટલે દૂર છું તે મને કૈં કૈં થઈ જાય છે. મારું કાળજું ફફડી ઊઠે છે. કંઈ જાતજાતનો ભય લાગ્યા કરે છે. કદાચ મને જોઇએ એના કરતાં વધારે સ્નેહ મળ્યો છે. મને એક વાત બહુ યાદ આવ્યા કરે છે. કૉલેજમાં આવી ત્યાં સુધી–છેક નાનપણથી શાળાએથી પાછી આવું ત્યારે બાએ મારે માટે કંઈ ને કંઈ સરસ નાસ્તો કરી જ રાખ્યો હોય. એ સમયે મારી બા ક્યાંય જતી નહિ ને મારી રાહ જોતી ઘેર રહેતી.

વસત: હું ઇચ્છું છું કે હું પણ કહી શકું મને ય થોડો સ્નેહ મળ્યો છે. સ્નેહની વાત યાદ કરવા બેસું છું ને યાદ આવે છે કઠોર વચનો. નિશાળેથી છૂટીને ઘેર જવાનું મન મને કોઈ દિવસ નહોતું થતું. નિશાળ છૂટયા પછી હું સ્કૂલનાં પગથિયાં પર બેસી રહેતો. બીજા છોકરાઓ ઘેર જઈ પાછા આવતા ત્યારે દફતર લઇને એમની જોડે મહાદેવ, વાડી, નદી, વગડો ફરવા જતો રહેતો. રાતે જાણે કમને પાછો ન ફરતો હોઉં! પાછા ફરતાં મનમાં એક જ વાત ઘોળાયા કરતી: બાનો ગુસ્સો, મારું સામું બોલવું, બાની ફરિયાદો, બાપુની સોટીનો માર, ભૂખ્યા પેટે સૂઈ જવું વગેરે આવું એટલી બધી વાર બનતું કે એકાદ વખત બતાવેલો પ્રેમ યાદે રહેતો નહિ.

કુમકુમ: કદાચ છોકરા-છોકરીઓનું જીવન જુદું હશે. છોકરીઓ સાથેનો માબાપનો વર્તાવ જુદો હોય છે. તેઓ ગુસ્સો એટલો જ કરતાં હશે પણ આટલી મારઝૂડ કરવા એમનો હાથ નહિ ચાલતો હોય.

વસંત: હા, મારી બહેનોને એવો માર કદી ય નથી પડચો. તને નવાઈ લાગશે, માત્ર દસ વર્ષની વયે મને બૉર્ડિંગમાં મૂકી આવ્યા હતા.

કુમકુમ: ખરેખર!

વસંત: જોકે મેં ય ઘર છોડી ભાગી જવાના વિચારો દરરોજ કર્યા હતા; કૈં સેંકડો વાર એને અમલમાં મૂકવા પણ યત્ન કર્યો હતો. એ લોકો એમ કહે છે કે મને જે દિવસે બૉર્ડિંગમાં લઇને ગયા તે વખતે હું સહેજ પણ રડચો નહોતો એટલું જ નહિ, ઊલટાનો હસતો હતો.

કુમકુમ: શાથી તને બૉર્ડિંગમાં મૂકી આવેલા?

વસંત: એની એ જ વાત. એકાદ વિશેષણ યાદ કરીને કહું તો કમજાત કે રખડેલ છોકરાને ઘરમાં કેમ કરી રાખી શકાય? બાની ફરિયાદોથી બાપુજી કંટાળી ગયેલા. મારો પગ ઘરમાં ટકતો નહિ. પુષ્કળ લખોટીએ રમતો ને એના સોદા કરતો; એને બા જુગાર રમે છે એમ કહેતી. બધા લખોટીએ રમતા છોકરાઓ એને મન નઠારી સોબત હતી. હું નફ્ફટ બની રહ્યો હતો. મારાં નાનાં ભાઈબહેનો પર નઠારી અસર ન પડે તે માટે મને દૂર કરવામાં આવ્યો હતો.

કુમકુમ હસીને બોલી: તું એવો હતો? બાપ રે, આ બધી વાત જાણીને જે બધી છોકરીઓ તને પરણવા આતુર હતી તેમણે શું કર્યું હોત?

વસંત: જે છોકરી અહીં બેઠી છે, આ બધું જાણ્યા વગર બિચારી પરણી બેઠી છે, ને હવે અચાનક જાણી ગઈ છે; એણે શું કર્યું હોત?

મલકતી કુમકુમ: કહું? એને જ પરણી હોત!

ખુશ થઈ જઇને પણ ખોટો ગુસ્સો કરતો વસંત બોલ્યો: દંભ છોડી દેને હવે. સારું છે કે આપણા સમાજમાં લગ્નો જલદી પતી જાય છે ભૂતકાળની કોઈ વાત ઉખેળવાનો સમય નથી મળતો. નહિ તો...?

કુમકુમ: એય તારી પેલી વાત પૂરી કરને.

હસીને વસંત પૂછવા લાગ્યો: કેમ? બીક લાગે છે કે તારા ભૂતકાળના પ્રણય-પ્રસંગો ઉખેળવાનું હું શરૂ કરીશ?

કુમકુમ: પ્રણય-પ્રસંગો! ચાલ, હવે પેલી વાત પૂરી કર.

વસંત: બધું લગભગ ભૂલી ગયો છું, પરંતુ એ સમયની એક બિના મારા ચિત્તમાં જડાઈ ગઈ છે. મને રાતે ખરાબ સપનાં આવતાં. મારું ઘર, ભાઈબહેનો ને ખાસ તો મારી બા સપનામાં અવશ્ય આવતાં. ગભરાટમાં રડતોરડતો હું જાગી ઊઠતો. મારી પથારી પલળી જતી. સવારે એને તડકામાં સૂકવવા મૂકતાં મારી શરમનો પાર નહોતો રહેતો. છોકરાઓ મારી જબરી ઠેકડી ઉડાવતા.

કુમકુમ: મૅટ્રિક સુધી તેં તારો અભ્યાસ બૉર્ડિંગમાં કરેલો?

વસંત: બે વર્ષ પછી મને પાછો ઘેર લાવવામાં આવ્યો. એમને બીજો છૂટકો નહોતો. પૈસાની સખત તાણ પડવા માંડી. બીજાં નાનાં ભાઈબહેનોનો ભણવાનો ખર્ચ થવા લાગ્યો. બે વર્ષમાં મારામાં પણ ખાસ્સો એવો ફેર પડી ગયો હતો. હું યુવાન બનવા માંડચો હતો. મારામાં થયેલા ફેરફારોનું કારણ તેઓ બૉર્ડિંગમાંના મારા રહેવાસને માનતાં હતાં. જોકે બાની સાથે બોલાચાલી તો થયા જ કરતી, પણ હવે મારું રખડવાનું બંધ થઈ ગયું હતું, એટલે કોઈ કોઈ વાર જ એમ બનતું. મને મારાં નાનાં ભાઈબહેનોની ખૂબ અદેખાઈ આવવા માંડી. મારી સાથે કડકાઈથી કામ લેતાં બાબાપુજી એમને લાડ લડાવતાં જણાતાં. મારું ધ્યાન એકાએક અભ્યાસ તરફ વળી ગયું. પહેલા પાંચમાં નંબર મળવા માંડચો. બાબાપુજી પણ મારાં વખાણ કરવા માંડચાં. ખૂબ ગર્વ સાથે, ‘કેવું બતાવી દીધું એમને!’ એવી લાગણીઓ મેં અનુભવવા માંડી. ઍંજિનીઅર થવાની લગની એકાએક લાગી ગઈ.

કુમકુમ: તો તો પછી તારી મુશ્કેલીઓ ત્યારથી દૂર થઈ ગઈ હશે. લડવાડો ને...! હવે ફરી કેમ ચાલુ થઈ છે?

વસંત: ના, એ તો ચાલુ જ રહી. એ થવાનાં કારણો બદલાયાં હતાં. ઘરઆંગણે કૉલેજો ઊઘડવા માંડી એટલે અભ્યાસ ઘેર રહીને જ ચાલુ રાખવો પડચો. મારું સાહસિક ચંચળ ને સ્નેહ ઝંખતું હૃદય

પ્રવૃત્તિઓમાં પડવા માંડયું. સામ્યવાદમાં રસ જાગ્યો એટલે તેના કાર્યકર્તાઓ સાથે રખડવા માંડયું. બાપુજીની સાથે પહેલી વખત સીધો કલહ થવા માંડયો. ડ્રામામાં ભાગ લેતાં એકબે છોકરીઓ સાથે—

અધવચ્ચે કૂદી પડીને કુમકુમ બોલી: ઓહો! પ્રણય-પ્રસંગોની વાત! કાં મિસ્ટર! પોતાનો ભૂતકાળ એવો એટલે બીજાને—!

વસંત: જરી પરિચય થયો. હરવા-ફરવા માંડયું કે બાએ તેં જોયાં એવાં રમખાણો હમેશાં કરવા માંડયાં. ઘરમાં હોઉં એટલે એનો કટકટારો ચાલુ જ હોય: 'રખડેલ થઈ ગયો પાછો! છિનાળ છોડીઓનો સંગ છોડી દે! મારાં બીજાં છોકરાંઓ પર કેવા સંસ્કાર પડશે' વગેરે! બાપુજી કહેતા, 'સામ્યવાદીઓ સાથે ફરવાનું બંધ કરી દો. અમારી રીતે ન જીવવું હોય તો ઘર છોડી જાવ. તમે આવા વંઠેલ કયાંથી થઈ ગયા? ! ઓહ! કેં કેં સાંભળવું પડયું છે મારે.'

કુમકુમ: તું શું કરતો? ઘરનું વાતાવરણ ગજબનું તંગ થઈ જતું હશે તારાં ભાઈબહેન કેવી રીતે વર્તતાં?

વસંત: એ લોકો પણ મારી સાથે વાતચીત કરવાનું બંધ કરી દેતાં. એન્જિનીયરિંગ કૉલેજમાં અમદાવાદ આવ્યો ત્યારે બે ત્રણ વર્ષ મને થોડી શાંતિ વળી. ત્યારે ય ઘેર જતો ત્યારે લડી પડતો ને 'ફરી કદી ય નહિ જાઉં' એવો નિશ્ચય કરીને નીકળી જતો. થોડા દિવસમાં બાનો કાગળ આવતો. વાંકાચૂંકા, અક્ષરોવાળો; ખોટી ભાષાવાળો, પણ સાફ. સીધો, ને લાગણીઓથી ભરપૂર. દિલને સ્પર્શી જતો. તરત જ હું ઘેર આવવા નીકળી પડતો. ઘેર આવું, આંસુ સરતાં જોઉં અને નક્કી કરી લઉં કે હવે આવો કલહ કદી ય નહિ થવા દઉં. એમની ય ઉમર થવા માંડી છે. મારે સમજવું જોઇએ. મારે બોજો ઉઠાવવો જોઈએ, એમના દિલને દુ:ખ ન પહોંચાડવું જોઈએ...વગેરે. પણ, તને નવાઈ લાગશે; બેચાર દિવસથી વધારે એ સંધિ ને એ લાગણીઓ નહોતાં પહોંચતાં. લડાઇ થઈ જતી. બી.ઈ.ના છેલ્લા વર્ષમાં તો આવી એક તકરાર પછી ચાર માસ સુધી હું ઘેર પાછો નહોતો ગયો. બાપુજીના પૈસા પાછા મોકલ્યા હતા. એક ટંક ખાઈને ભાઈબંધો પાસે ઉધાર લઈને મેં ચલાવેલું. બાના પત્રોને પણ મેં ફાડીને ફેંકી દીધા હતા. છેવટે બા પોતે હોસ્ટેલે આવી, મને સમજાવી ઘેર લઈ ગએલી. પાછું મિલન, પાછી વળી લડાઈ; ખેર! પણ તારા આવ્યા પછી તો બાનો સ્વભાવ બેહદ ચીડિયો થઈ ગયો છે. આટલી બધી વિચિત્ર વર્તણૂક તો આ પહેલાં મેં કોઈ વખત નહોતી જોઈ. પળે પળે, નજીવીમાં નજીવી બાબતમાં એને તારા પર તપી જતી જોઈ મને થયું કે મારા પરનું આખી જિંદગીનું વેર એ તારા પર લેવા માંડી છે. બસ, નિશ્ચય કરી લીધો કે સાથે નથી રહેવું, નજદિક નથી રહેવું આ લોકોની.

કુમકુમ: તારો પ્યૂન ટપાલ લાવ્યો લાગે છે. કોની હશે?

વસંતે પ્યૂનના હાથમાંથી એક કાર્ડ લીધું. અને બોલી ઊઠયો: કુમકુમ, બાનો પત્ર છે. મને ખાતરી હતી કે એમનાથી રહેવાશે નહિ.

કુમકુમ વસંતની નજીક આવી એના ખભા પરથી કાર્ડ વાંચવા લાગી.


બેટા વસંત,

કાગળ લખતાં મને બરાબર આવડતું નથી. વાંકાચૂકા અક્ષરે જેવું આવડે છે એવું લખું છું તો સુધારીને વાંચજે. બેટા, તું તો હવે બહુ મોટો માણસ થઈ ગયો, મોટો પગારદાર ને મોભાદાર બન્યો. પણ મારે માટે તો તું મારો નાનો વસુ જ રહેવાનો તે જાણજે બેટા. આ પૂનમે તારી વરસગાંઠ આવે છે તો વહુને માલમ થાય કે વસુને લાપસી બહુ ભાવે છે તો તે કરીને ખવડાવજે. લાપસીનો ફાડો પિત્તળના ડબામાં મૂકેલો છે. આ અવસરે, બેટા, મારા આશીરવાદ છે કે તું હજુ વધારે મોટો બન, તને લાંબું આયુષ મળે, તારી સાધનસંપત્તિ ખૂબ વધે ને તું છોકરેછૈયે સુખી થાય. તમે ભણેલાગણેલા છો તો આ અભણ માનું બોલ્યુંચાલ્યું માફ કરશો ને સુખી થજો. —તારી બા

કુમકુમ: મારું નામ સુધ્ધાં બાએ નથી લખ્યું.

એટલું બોલી એ રડી પડી. વસંત એનો બરડો થાબડતો એને ઘરમાં દોરી ગયો. એની આંખમાંથી આંસું પડુંપડું થઈ રહ્યાં હતાં.

શતરંજ



છેલ્લા અંકોમાં આપણે ભારતની ટૂર્નામેન્ટમાંથી કેટલાંક કોમ્બિનેશન જોયાં. હવે વિશ્વના મહાન ખેલાડીઓની રમતમાંથી થોડાં કોમ્બિનેશન જોઇએ. શરૂઆત લંડન ખાતે ઈ. ૧૮૫૧માં રમાએલી પહેલી ખરી આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટના વિજેતા એડૉલ્ફ ઍન્ડરસનથી કરીએ તો તે યોગ્ય જ કહેવાશે.

તેમની રમત એટલી સુંદર અને આકર્ષક હતી કે આજે ૧૦૦થી વધુ વર્ષો પછી પણ શતરંજ ખેલાડીઓ તેને યાદ કરે છે. તેની રમતોને સદાબહાર–એવરગ્રીન તેમજ અમર-ઈમ્મોર્ટલ' એવાં બિરુદ મળ્યાં છે. એ લંડન ટૂર્નામેન્ટમાં રમાએલ તે 'અમર' રમતના અંતમાં આવતું કોમ્બિનેશન આપણે જોઈએ—

સફેદ (ઍન્ડરસન) રમે છે 1N–Q5. પોતાના હાથી પરના હુમલાની પરવા કર્યા વિના એ કાળા રાજા ઉપર હુમલો કરે છે.

1..., Q×P. હવે સફેદના બંને હાથી ઉપર હુમલો છે. છતાં 2 B–Q5! B×R. (તે સિવાયની ચાલ વધુ જલદી હારે તેમ છે દા. ત. 2..., Q×Rch; 3,K–K2 Q×R; 4N×Pch, K–Q1; 5 B–B7 mate અથવા 2..., B×B; 3 N×B ch, K–Q1; 4 N×Pch, K–K1; 5 N–Q6ch, K–Q1; 6Q–B8 mate.)

3 P–K5!, Q×Rch; 4 K–K2, N–QR3. સફેદની 5 N×Pch, K–Q1; 6 B–B7 mateની ધમકી ટાળવા QB2 ખાનાનો કાબૂ મેળવવાની જરૂર હતી માટે 5 N×Pch, K–Q1; 6 Q–B6ch! બે હાથીના ભોગ ઓછા હોય તેમ હવે વજીર પણ હોમાય છે.

9..., N×Q; 7 B–K7 mate.

અહીં સફેદની બીજી તેમજ ત્રીજી ચાલમાં ખૂબી છે. શાંત દેખાતી એ ચાલ અનુક્રમે કાળા ઊંટ અને વજીરને રાજાના બચાવથી દૂર ખસેડે છે. આથી કાળા પાસે રાજાના બચાવ માટે એક પણ મહોરું રહેતું નથી. બે હાથી અને વજીરનો ભોગ આપવા છતાં પણ સફેદનાં ત્રણ મહોરાં-બે ઘોડા અને ઊંટ હુમલા માટે તૈયાર છે અને તે મ્હાત માટે પૂરતાં છે.

જાણીતા અમેરિકન લેખક ઇર્વિંગ ચેર્નેવ ઍન્ડરસન વિષે લખે છે, 'મ્હાત કરવાના અંતિમ હેતુથી બીજા ખેલાડીઓ મહોરાંઓ જીતવા પ્રયાસ કરે, પણ ઍન્ડરસન તો છૂટે હાથે મહોરાંઓનો ભોગ આપે છે.' આ કથનના સમર્થન માટે આથી સારો દાખલો કયાં મળે?

સુરેશ મોદી

[અંક ૫૩૪માં પૃ. ૨૫૮ પર પહેલા કૉલમમાં છેડેથી બીજી લીટી 'સફેદ વજીર ઉપર તેનાં પ્યાદાં તેમજ ઘોડા બંનેનું...' એમ જોઇએ.]

અંતરગઠરી-૮

પ્રીતની રીત

ચંદ્રવદન મહેતા

મારીબોરથી આજે વિદાય લેવાની હતી. લંડન, પારી(સ), મૉસ્કો, બર્લિન, રોમ, વિયેના – ઘણાં મોટાં શહેરોમાંથી બે-ત્રણ વાર વિદાય લીધી છે. જેમને મળવાનું હોય એમને મળ્યા. આગલે દિવસે મળ્યા હોઈએ તો યે ચાલે, પછી તો હોટલ, બેલબૉય, ફોન, બિલ, ટિપ્સ, ટૅક્સી, એરપોર્ટ, સિક્કા, અંદર, બહાર, મેદાને, પ્લેનમાં ઊપડયા. જે રામજીકી. લુખ્ખી કાવ્યતત્ત્વ વિહોણી ભાવ વિનાની વિદાય. મારીબોર મોટું શહેર નથી, સાઠેક હજારની વસ્તી, કહોને પોણો લાખ, એમાં દસ પ્રતિષ્ઠિત વ્યક્તિઓ ઓળખતી થઈ જાય, કે તમે ગામના જ મહેમાન. આ ગામનાં મેયરસાહેબા બાઈ, ત્યાં પણ મુલાકાત માટે ક્રેન્ચીચ મને ઉપાડી ગયો હતો. અને બાઈ સાહેબે કશા ઠાઠઠેરા વિના અત્યંત ઠાવકાઈથી મારી સાથે વિવેકભરી વાતો કરી હતી. નાટકશાળામાં નટનટીઓના માનીતા, રેસ્ટોરાંમાં જાણીતા, દ્રાવાનાં વહી જતાં જળ પણ ઓળખે; વહેતાં વહેતાં પાછળ આવતાંને કહેતાં રહે, 'મિ. મહેતા ભારતના છે, એની દેખભાળ રાખતા રહેજો, હોં કે!' તમે નહિ માનો, પણ તે સવારે નદીનું ભરણું ઉભરાએલું લાગતું હતું. શેરીઓ સ્વચ્છ લાગતી હતી, શેરી વળાવીને સજ્જ કરાવી હશે, મારે ઘેર આવ્યા એથી? હજી તો નાસ્તામાંથી પરવાર્યા નથી, ત્યાં તો ત્રણ જણ નાનીનાની વસ્તુઓ આપવા ઊમટી પડયા. 'અમને યાદ રાખજો', 'ફરી વાર આવજો.' નવે અમારે નીકળી જવાનું હતું. પ્લેન તો અહીં હતું નહિ, ટ્રેઈન પર પણ નહિ. ફ્લોરિયનની મોટી ગાડીમાં છ જણાં – ના સાડા છ – બ્રેડાની નાનકડીને ગણવાની તો ખરી જ ને.

બ્રેડા એવું બોલી કે એ તો ફ્લોરિયનને ત્યાં મહેમાન થવા જાય છે. ફ્લોરિયને એ સાંભળી પાછું વાળ્યું, 'હાસ્તો, હું તારે ત્યાં મહેમાન થઈને જ આવ્યો હતોને!' બ્રેડા ફરી લાડમાં કહે છે, 'નહિ નહિ, તમે તો મારી નાનકડીને જોવા આવ્યા હતા, તપાસવા આવ્યા હતા. એ પાતળી થઈ કે સુકાઈ ગઈ કે શોસવાઈ ગઈ કે હતી એવી ને એવી રહી! કેમ ખરુંને?' અને એ કેમ ખરુંને એમ પૂછે છે એની હાથમાં રમતી નાનકડીને, બીજા કોની એ ટાપશી પુરાવે? આમ વાક્વ્યવહાર ચાલે છે ત્યાં મારા મનમાં વસમો વિચાર ઘૂમે છે, હું મહેમાન, પણ કોનો મહેમાન? બિસ્તર પાથર્યું ક્રેલિહને ત્યાં, ફર્યાહર્યા બીજા સાથે, અને ખાણીપાણીનો તો અંદાજ જ ન નીકળે. ફરી વાર ક્રેન્ચીચની સરદારી હેઠળ એક નવી ટુકડી હારમાળાઓ લઇને આવી. સાથે બે હાથગૂંથી ઘાસની નકશીદાર સાદડીઓ. મુનિવરને શોભે એવાં જ આસનિયાં, પણ મારે અને મુનિપણાને તો લાખેક ગાઉનું છેટું! નીચે છેવટનો વિધિ યાન્યા અને ક્રેલિહે પતાવ્યો. 'આ બધા તરફથી અમે બે માફી માગીએ છીએ; ક્યાંક આપની સરભરામાં કચાશ, ક્યાંક સગવડમાં ખામી, ...'

ત્યાં મારું મૌન ઊઘડયું : 'તમારા બધાનો શો વિચાર છે? આજ ચાર-પાંચ દિવસથી માંડમાંડ મારાં આંસુ હું ખાળી શક્યો છું, તેમાંથી મને ચળાવી દડદડ આંસુડે રડાવવો છે? તમારા ગામમાં અખૂટ લાગણીનો ઝરો છે, પણ તમારી ટોળીમાં દરેકના હૈયામાંથી પ્રીતનો ધોધ વહ્યો જાય છે. હું એકલો ઝીલી પણ શકતો નથી, પાછો વાળવાને અસમર્થ છું ત્યાં તમે બધા આ શું કરો છો?' આની અસર એ થઈ કે ક્રેલિહ અને યાન્યા ભાવભર્યા ઉમળકાથી ભેટયાં, બધાંની જ આંખમાં પાણી ભરાઈ ગયાં. સૌ કોઇએ નીચે ઊતરવા ઝડપ વધારી. પણ આ તો હજી મંગલાચરણ, અહીંથી નીચે, પછી મોટરમાં, ત્યાંથી પહાડોની ગોદમાં અને નદીકાંઠે થઈ લુબ્લિયાના, ત્યાં ફ્લોરિયનના ઘરમાં, ત્યાંથી એરપોર્ટ, બસ વિદાય વિદાય, પણ કેટલી વસમી વિદાય!

અમે સૌ મોટરમાં ગોઠવાયાં, પાછળ હું વચમાં, અને આસપાસ બ્રેડા અને યૂનિકા, આગળ વચમાં યાન્યા અને આસપાસ ક્રેલિહ અને ફ્લોરિયન, મોટરની આસપાસ ક્રેન્ચીચની સરદારી હેઠળ ત્યાંનું નટમંડળ, પોતાની ભાષામાં ગુડબાય, આવજો, ફરી વાર જરૂર આવજોના હોકારા એમનાં હૈયાંમાંથી નીતારતાં એમના હાથનાં હુલામણાં સંભળાવતાં હતાં.

નાનકડો ઢોળાવ, ગામનો ચોક, દ્રાવાનો તટ, પહાડોની ગોદમાં લપાએલું પોયેજ઼, જરા મેદાન, ફરી વનરાજી, વળી ગિરિમાળા, નક્કર રસ્તાઓ, ક્યાંક ડોકાતાં સરોવરો ઝિડાનીમોસ્ટની ગિરિગૂંચમાંથી આડકતરાતો રસ્તો, લીલીછમ હરિયાળી જોતાંજોતાં જતાં તો મારીબોર ક્યાંનું ક્યાં દૂર રહી ગયું. બ્રેડાએ બેસતાં જ એની નાનકડીને યૂનિકાના ખોળામાં પધરાવી હતી, ત્યાં નજર પડતાં મેં કહ્યું, 'બસ, હવાલો લઈ પણ લીધો', એટલે યૂનિકાના મોં ઉપરની ગ્લાનિ પહેલી વાર દૂર થઈ, જરા ખીજમાં હસી, અને મારા હાથ ઉપર ટપલી ઠપકારી.

ગાડી આરામથી હંકારાતી હતી. કલાકના સાઠ કે સિત્તેરની ઍવરેજ બોલાવનારી સંસ્કૃતિથી હજી અળગો રહેનારો ફ્લોરિયન સાધારણ રીતે મન્દ ગણાતી ગતિમાં કુદરતની મીઠી માધુરીની લહેરકીઓ ચખાડી આગળ વધતો હતો. નજરમાં છબિ પાડનારની કે ચિત્રકારની આંખે કોઈ વ્યવસ્થિત કે ચિત્તાકર્ષક દશ્યઘાટ બરાબર બેસી જાય એવો મોકો આવી જતો તો એ એ વેગને જતો કરી, પહાડની સુરેખ કલગી, કે એને ખભે વિસ્તરતી છટા, કે ક્યાંક સૂરજના અસામાન્ય પ્રકાશનું પાથરણું, કે વળાંક લેતા ચડઊતરના રસ્તાની કિનાર સાથે ખેંચતાણ કરતું સરોવર યા ક્યાંક રસ્તાને અડી લાડ કરતી હસીને નાસી જતી નદીનાં રમ્ય દર્શનો અંતરને પ્રફુલ્લાવી દે તો એવી ઘડીઓને લંબાવવા એ પોતાથી બનતું કરતો. ક્યાંક થોભ્યાં, ક્યાંક ઊભાં છીએ, ક્યાંક રસળ્યાં, ક્યાંક વાત પણ કરી લીધી અને એમ રમતિયાળ ચાલે અમે લુબ્લિયાના પહોંચ્યાં. અહીં ઝિડાની મોસ્ટની ગિરિમાળાઓની આંટીઘૂંટીમાંથી નીકળ્યા ત્યારની અમને રસ્તો બતાવવા તત્પર રહેતી સરિતા સાવા, દ્રાવાની સહિયારી મળી, તેની સાથે ઓળખાણ બાંધી.

ગામમાંથી લટાર મારતાં ઘર નજીક પહોંચ્યાં ફ્લોરિયને ક્રેલિહને ગાડી સોંપી, પોતે અને બ્રેડા એની નાનકડીને યૂનિકા સાથે રમતી રાખી ઊતરી ગયાં ને ઘરમાં ખાવાની તૈયારી કરવા ઊપડી ગયાં બહાર ક્યાંક બધાં સાથે જમી લઈએ, મારા મહેમાન તરીકે એ વાક્ય પૂરું બોલવા પણ ન દઈ ક્રેલિહ અમને ગામની રોનક અને નજીકની નાટકશાળા બતાવવા લઈ જાય છે. ક્રેલિહને તો અહીં બધા ઓળખે, ઓપેરા પ્રોડયુસર અને આગળથી ટેલિફોન કર્યો કે શું, ત્યાં થીએટરની પરસાળમાં જ નાનકડી નટમંડળી સ્વાગત કરવા ઊભી છે, ટેબલખુરશી ગોઠવાયાં છે, ખટમધુરાં તાજગીદાર પીણાં વિના-આડંબરે પ્રસંગના ગૌરવ અને લિજ્જતમાં વધારો કરે છે.

અહીં ફરતાં, જોતાં, વાતો કરતાં, હવે જાણે છૂટાં પડવાનાં, એનું ભાન થતાં યૂનિકા મારી નિકટની નિકટ રહે છે.

'યૂનિકા! કંઈ પણ તારે કહેવાનું બાકી રહી જાય છે, તો કહે, હું તો મારું ભર્યુંભર્યું હૃદય ઠાલવવા માગું છું, પણ તરત મનસૂબા કહે છે કે શું નથી કહ્યું, કે કહેવાનું હજી શું યે જાણે બાકી છે?'

'ના, મારે કશું કહેવાનું નથી. એક વાત કહેવાની છે, તે એરપોર્ટ

ઉપર કહીશ. ત્યાં પાંચેક મિનિટ મળે તો પણ બસ છે.'

'પંદર મિનિટ, પણ ત્યાં જ કેમ, અહીં નહિ?'

'ના, અહીં તો આટલું જ, હું તમને નહિ ભૂલી શકું. તમે મારા અકારા અને ઊગ્યા વગરના આથમતા જીવનમાં નવા પ્રકારનો હેલારો લાવ્યા છો એનો ઉપકાર નહિ વિસરું.'

અહીં પરવારી ફ્લોરિયનને ત્યાં પહોંચ્યાં. અરધા કલાકમાં તો એમણે અમીરી જયાફતનો રંગ ઊભો કરી દીધો હતો. બંને વરવહુ–ફ્લોરિયન પાસે નક્કી અલાદીનનો દીવો અને બ્રેડા પાસે દ્રૌપદીની થાળી હોવી જોઈએ. બ્રેડ બટર સલાડ સૂપ ચોખા કરી તો સમજ્યા પણ સફેદ રાઈમાં વઘારેલા બટાટા શી રીતે તૈયાર કર્યા! દહીં હતું, મૂળો ગાજર કાંદા ટામેટા ઉપરાંત બાફેલાં વેંગણમાં દહીં સાથે લીલો મસાલો ભેળવ્યો હતો. મેં પૂછ્યું, 'વેંગણ એગ પ્લાન્ટ કે ઓબરઝિન જે કહેવું હોય તે કહો, ઈટાલીથી લાવ્યા? આ દેખાવ તો ઈટાલિયન બારોક જેવો લાગે છે.' મારા મનમાં કે ફ્લોરિયન તતડી પડશે, પણ નહિ, એ કહે, 'અહીંથી તમે મિલાન ઊડવાના, એટલે ત્યાંના બારોક-ની તમને ટેવ પાડું છું. બાકી અમે સાદાસીધા માણસ, ભોળા ભટાક અને સાફ દિલના, સમજીએ ઓછું, પણ સમજાવીએ ઘણું. સામે પાર જશો તો સમજ અને સમજાવટ બંનેમાં ભારેનો ફરક જોશો. પણ તમે તો જાણો છો જ, આજે પહેલી વાર ક્યાં ફ્લૉરેન્સ મિલાન જાઓ છો. અને આ મીઠાઈ? ભાઈ અમને મરીમસાલામાં બહુ ગતાગમ ન પડે, નકશો જુઓ તો ઇટાલી કેવો તડકાને ભેટવા સાગરમાં આડી ચાંચ મરોડતો નીચે ઊતરતો હાલ્યો જાય છે, એની ઉપર કુદરતની કૃપા, એટલે એને આંગણે પાકા મસાલા, અમે તો આવી મીઠાઈ-ઓથી સંતોષ લઈએ. લ્યો ચાલો, આવો જમીએ. બ્રેડા! મહેમાનના માનમાં પેલો શૅંપેન ખોલ.'

'લો, તમે ખરા! આપો મને, અહીં તો બ્રેડા તમારી મહેમાન છે. તમે જ કહેતા હતાને.' મેં કહ્યું એ સાંભળી ફ્રેલિહ અને યાન્ચા વચ્ચે તડૂકી પડયાં, અમારા બંનેનાં તમે બધાં લાડકાં મહેમાન! લાવો.'

જમ્યા. ફ્લોરિયન થોડો સમય પોતાના પડોશીને ત્યાં જરા જઈ-ને આવું છું કહી બાજુમાં ગયો. દરમ્યાનમાં બ્રેડાએ ઘર સંભાળી લીધું. ત્યાર બાદ એરપોર્ટ ઉપર જવા અમે નીકળવાની તૈયારીમાં હતાં, ત્યાં ફ્લોરિયન આવ્યો અને એના પડોશીની વાત કરી.

'માઇકલ વર્ષોથી મારી બાજુમાં રહે છે, પણ વિધિ માણસને કેવા ચકરાવે ચડાવે છે એનો જીવતો જાગતો એ દાખલો છે. બ્રેડાને ખબર છે. ત્રણ દિવસ પહેલાં એ મરવાની જ વાત લઈને બેઠો હતો. અને મેં એની પાસે વચન લીધું હતું કે હું પાછો આવું ત્યાં સુધી એણે કશું કરવું નહિ. હવે એના મનને જરી ઠામ પાડી આવ્યો છું: કહીને કે દોઢ બે કલાકમાં બ્રેડા આવશે, તે તને બધું સમજાવશે.'

'હું? મારે માથે શી જવાબદારી નાખી?'

'એને સમજાવવાની. તું તારી રીતે એને જે મારે કહેવાનું છે તે કહી શકશે.'

'જોયું?' બ્રેડા કહે છે, 'મારા પતિદેવ હમેશાં પોતાની જવાબદારી-માંથી કેવા છટકે છે તે, હું તો માઈકલની વાત પણ આખી જાણતી નથી. કોઈક વાર ફ્લોરિયન કંઈ કહે તે સાંભળું.'

'વાતમાં કંઈ માલ નથી, માણસને કંઈક વિધિ સંજોગપલટો કરી આપે છે, તો કદીક હૃદયપલટો પણ કરી આપે છે.'

'ફરી કોઈ નવીના પ્રેમમાં પડયો?'

'ચાલો આપણે ગાડીમાં ગોઠવાઈએ, અને હું તમને ટૂંકમાં એનો ખયાલ-પલટો કહું. આ ભાઈ માઈકલ, જુવાન હતો એટલે કે પચ્ચીસેક-ની આસપાસ, ત્યારે બાપ મરવા પડયો. અને મરતાં પહેલાં માઈકલ પરણે એવો પ્રેતાગ્રહ કર્યો.'

'પ્રેતાગ્રહ, તે શું?' યાન્ચા પૂછે છે.

'માણસ મરવા પડયો હોય તે અને મરી પરવાર્યો હોય એ બેમાં ફરક શો? ભૂત કે પ્રેત-બીજું શું? અમુક જ છોકરીને પોતાનો દીકરો પરણે. મીલી નોવાક, તદ્દન અભણ સામાન્ય છોકરી, પણ તે બાપના ઓળખીતાની દીકરી, એટલે બાપે મરતાં પહેલાં બેના હાથ મેળવ્યા. પછી એણે તો જિંદગીથી રૂખસદ લીધી, દીકરાજી મીલીને પરણ્યા. મીલી ભલી, ઘરરખું. પણ કોણ જાણે એ કેવા પગલાની તે પરણ્યા એટલે ટૂંક સમયમાં પતિદેવ માંદા પડયા. માઈકલ આ લગ્નથી કંટાળ્યો. મરી ગએલા પિતાને ગાળો દેતો, નિસાસા નાખતો, એનું જીવન બરબાદ કરનારો કહી એની ઉપર ગાળોની ઝડી વરસાવતો. વહુને પણ ટોકવામાં બાકી ન રાખતો, અને માંદગી લાંબી ચાલી. વહુ ભલી, પતિની ચાકરીમાં માને. વર માઈકલ, વહેલું મોત આવે એવી પ્રાર્થના કરે. છ મહિના આવો ખેલ ચાલ્યો. ભગવાન પણ ભલો, તે માઈકલે મોતની જેટલી પ્રાર્થના કરી, એના પ્રમાણમાં માંદગી ટળી એટલે તબિયત બરાબર કરી આપી. ઉપરાંત, માઈકલના દિલમાં મીલી માટે લાગણીનાં મૂળ નાખી આપ્યાં. અજબગજબનો છે આ સંસાર-નો વેપલો! કોઈ પ્રેમમાં પડી પરણે છે, પછી પ્રેમનો ફૂકવો મૂકી માંડયા ઘરમાંથી નાસી નીકળે છે. કોઈ વગર પ્રેમ કર્યે કે અજાણ્યે પરણે છે, ત્યાં થોડા ગાળામાં તે ઘરમાં પ્રેમ પ્રવેશ કરી ઠરીઠામ થઈને બેસે છે. બંને પ્રકારના કિસ્સાઓનો તો તોટો જ નથી. એમ આપણા માઈકલભાઈના દિલમાં મીલી માટે પ્રેમદીવડો પ્રગટયો, ટૂંક સમયમાં એના ઘરમાં પારણું બંધાયું, સરસ દેખાવડો રાજકુંવર જેવો પુત્ર જન્મ્યો, અને ત્રણે ઘરની ગંગામાં મન ચંગા કરી અમનચમન કરવાની શરૂઆત કરતાં હતાં. માઈકલભાઈ જે મોતની માગણીઓ કરવામાંથી હવે જીવવું છે એવી મનોદશામાં પલટાયા હતા, ત્યાં માઈકલની ચાકરી કરતાં કે સુવાવડમાંથી કે બંને કારણોથી મીલીને રોગ લાગુ પડેલો, તે મીલીબાઈ ગુજરી ગયાં; હવે માઈકલ ફરી વાર મોતની માગણીની ધૂને ચડયો છે. જીવતરમાં કશું બગડ્યું નથી, એ કારણે નહિ, એના જીવતરમાંથી મીલી નીકળી ગઈ, ગુજરી ગઈ, એટલે જીવતર અકારું થઈ ગયું એ કારણે. હવે બસ મોત, મોત અને મોતના આલાપપ્રલાપ શરૂ કરી બેઠો છે. એને તો આ બ્રેડા જ ઠેકાણે પાડશે.'

ત્યાં પોતાની નાનકડીને રમાડતી બ્રેડા બોલી: 'એમાં શું, એ તો ત્રણ સેકન્ડનું કામ, આ મારી નાનકડીને બતાવીને કહીશ, કે જો આ સંતાન, અમે કેવા એના થકી સુખી છીએ. તું તારા દીકરાના ઉછેર અને ભવિષ્ય માટે મોતને ભૂલી જા અને સંસારમાં રસ લે.'

એમાં છેવટે ફ્લોરિયને એરપોર્ટના કમ્પાઉન્ડમાં ગાડી વાળતાં છમછમાવ્યું 'બરાબર! ઉત્તમ. તું એનો મોતનો લવારો ભુલાવી દે, અને બાળકમાં રસ લેતો કરી દે, તો જો પછી એને બીજી બૈરીની લપ પણ એટલી જ જલદી વળગાડી દઉં છું તે.'

'ના, તમે એના બાપે કર્યું એવું ન કરતા.' ફ્રેલિહે કહ્યું ફ્લોરિયને ગાડી ઊભી રાખી, બધાં ઊતર્યાં એટલે કહે, 'એમ જ કરીશું, એ પરણ્યા પછી પ્રેમમાં પડે એવા બીબાનો માણસ છે. કેમ મિ. મહેતા!'

મિ. મહેતા શું બોલે? મિ. મહેતાનું મન આ વાત સાંભળવામાં ક્યાં તલ્લીન હતું. મિ. મહેતાના મગજમાં ત્રણ વાતની ચકડોળ ચા-લતી હતી. બ્રેડા, યૂનિકા, આ યુગોસ્લાવિયાના મારીબોરની પ્રજા.

મૂગામૂગા જ સામાન-ટિકિટનું પતી ગયું. વીસા અને કસ્ટમ-માંથી નીકળવાની વાર હતી. બધાં જ ભારેખમ થઈ ઊભાં હતાં, આવી

ઘડીઓમાં વહારે ધાનાર વિઠ્ઠલા જેવી ઍડા, સમય વરતી પોતાની નાનકડી બાળકીને બંને હાથમાં ઉછાળતી આવી અને બોલી. 'લ્યો, અમારી નાનકડીને માથે હાથ મૂકો અને કહો કે તમારા જેવી હોશિયાર થાય.' 'નાનકડી! અમારી વહાલી ઍડાની અતિવહાલી નાનકડી! જો હું હોશિયાર હોઉં તો મારા જેવી હોશિયાર થજે, મારાથી સવાઈ થજે, પણ મારા જેવી દિલની ગડમથલ ન પામતી, એથી દૂર રહેજે.' મેં આશીર્વાદ આપ્યો. ફ્લોરિયને પૂછ્યું 'કેમ?'

'કારણ, જુઓને અત્યારે તમારા બધાથી છૂટા પડતાં મને કેટલું દુઃખ થાય છે?' મેં કહ્યું. ત્યાં ફરી એણે કહ્યું.

'અને એ બધામાં ઍડા અને યૂનિકા એ બેથી વધારે દુઃખ.'

'ફ્લોરિયન, ભાઈસાબ! જે નથી બોલવું તે શા માટે બોલાવો છો?'

'એ ખરું છે, ફ્લોરિયન! મને ને યૂનિકાને પણ દુઃખ તો થાય જ, પણ અમે બે તો જુદીજુદી વ્યક્તિઓ. મિ. મહેતાને બેથી છૂટા થવાનું, એટલે એમનું દુઃખ બેવડું. એ વાણીમાં ન જ બોલાય.' ઍડાએ કહ્યું.

'ખરું કહું તો ઍડા કે યૂનિકા, મારે મન બે જુદાં નથી જ. અને એ બે તમારા બધાંમાં એવાં વણાએલાં છે કે તમારાં બધાંથી વછૂટવું શી રીતે એની તો હું અત્યારે ભારે અકળામણ અનુભવી રહ્યો છું.'

આમ વાતોમાં તો સમય ચાલ્યો જશે. આમ આવો, મારી એક વાત સાંભળો. અમે ઇચ્છીએ છીએ કે તમે ફરી પાછા આવો. કદાચ હું તો તમને મળીશ. મારા પિતા ન્યૂ યૉર્કમાં છે તે તો તમે જાણો છો. એ તમને લખશે. હું પણ તમને લખીશ. પણ તમે પાછા આવજો. પાછા ફરો ત્યારે અહીંથી જજો. અમને સૌને તમે બહુ ગમો છો. મારે મન તો તમે મારા...મારા ગુરુ છો. યૂનિકા! આમ આવ. હવે તમે પણ પેલા ખૂણામાંના બાંકડા ઉપર જઈ બેસો, જવા પહેલાં જે મન ખાલી કરવાં હોય તે કરી લ્યો. હું તો તમને અત્યારથી જ વિદાય આપી દઉં છું' એટલું કહી એ મને ભેટી, બધાં જ સ્તબ્ધ થઈ એ દૃશ્ય જોઈ રહ્યાં. થોડી ક્ષણો બાદ એણે હાથ લંબાવી યૂનિકાને પાસે બોલાવી, અને અમે ત્રણે આલિંગનમાં ગુંથાઈએ તે પહેલાં તો આંસુધારામાં ઝબોળાવા માંડયાં. થોડી વારે એમાંથી ઍડા હાથ ઉકેલી અમને બેને એક ખૂણાના બાંકડા તરફ વાળી, બીજાં બધાંને બાજુના રૅસ્ટોરાં તરફ દોરવી ગઈ. નાનકડી ત્યારે ફ્લોરિયનના હાથમાં હતી.

લુબ્લિયાનાના નાજુક બાંધણીના એરપોર્ટ ઉપરના તબિયત બહાલ કરી દે એવા ખૂણામાં અમે બે. બીજી પણ એક બેલડી આગળથી આવીને ત્યાં હાથે વાતે ગુંથાએલી હતી. આવી બેલડીઓ આ બાજુ પોતપોતાનાં હૈયાં ઉકેલવામાં આસપાસની સૃષ્ટિ પ્રત્યે અભાન રહી, પોતાના યોગમાં એક ધ્યાન રહી, જરા પણ અસ્વસ્થ થતી નથી કે સંકોચાતી નથી, એની અમને પૂરી ખાતરી હોવાથી અમે પણ વાત શરૂ કરી. યૂનિકા બોલી.

'એક આખું વર્ષ ત્યાં રહેશો, ખરું?' 'હા.' 'પાછા આ બાજુથી જાઓ તો સારું. આપણે મળી શકીએ. પણ હું તમને એક વાતની ચોખવટ કરવા માગું છું, અને તે નિર્ણયમાં અડગ રહેવા મને સાથ આપજો. આપશોને?'

અનાયાસ મેં એનો હાથ પકડયો.

'મેં મારી જાત સાથે નિર્ણય કરી લીધો છે. મારો ધર્મ ગમે તે થાય તો પણ અહીં રહેવામાં જ છે. આપણે જરૂર ફરી મળીશું જ. તમે અહીંથી પાછા જજો. નહિ તો ફરી પાછા આવજો, પણ હું અહીં રહીશ. તમારી પાસેના સંસર્ગથી, આટલી વાતચીત ઉપરથી આટલું તો હું શીખી. દરેકને પોતપોતાના નિશ્ચિત ધર્મો હોય છે. એમાં થરઅસ્તર પણ હોય છે. અત્યારે મારો ધર્મ અહીં રહેવામાં છે, એ જેટલું સાચું છે, એટલું જ તમારું સ્થાન, જ્યાં છે ત્યાં, મારા હૃદયમાં નિશ્ચિત છે, સ્થાયી છે. તમે મને જીવનની ઘણી દિશાઓ બતાવી છે, એમાં ક્યાંક આશા, ક્યાંક આત્મવિશ્વાસ, ક્યાંક આત્મસંતોષ અને ક્યાંક શ્રદ્ધાનાં અંશમૂળ મારા મનમાં ઊંડેઊંડે સ્થપાયાં છે. જતે કાળે તમારાં સંસ્મરણે અને સહાય-સધ્યારાથી એ વહેલાં ઊગશે, વિસ્તરશે, વધશે. મહેતા હું ભાર મૂકી કહું છું, હું તમને નહિ ભૂલું. આટલી આ વાત હમણાં આપણી બે વચ્ચે અનામત રાખજો, વખત આવશે ત્યારે જ હું ઍડાને કહીશ. ના, હું તમને નહિ ભૂલું.' છેલ્લે વાક્યે એ રડી પડી, ના તૂટી પડી, બાઝી પડી, ખભે ડોકું નાખી બેલગામ રડી રહી. હું ઊભો એને ખભે હાથ પંપાળતો રહ્યો. બે પાંચ ત્રુટક વાક્યો બોલતો રહ્યો. 'યૂનિકા! યૂનિકા! તારી વેદના હું જાણું અને સમજું છું. અને મને એક જ આશ્વાસન છે કે તારે પડખે પહાડ જેવી ઍડાનો સંગીન આધાર છે, યૂનિકા! મારા સામું જો.'

ત્યાં તો અમારા પ્લેનને ઊપડવાના સમયની જાહેરાત થતી અમે સાંભળી પ્રવાસીઓએ હવે અંદર જઈ પ્લેન પર જવા ખડા થઈ હાજર થઈ જવું. ફરી અમે ભેટયાં, મેં એનાં આંસુ લૂછ્યાં. ગાલે નાની ટપલી મારી જરા હસવા સૂચન કર્યું. હિમ્મત રાખવા હસીને મને વિદાય આપવા નિર્દેશ્યું. હાથમાં હાથ પરોવી, અમે અમારાં સાથીદારોને ભેટવા ધીમેધીમે ચાલવા માંડયું. દેશ અને ધરતીને અળગા કરનારી લોખંડી ચકરડાની દ્વારિકા આગળ એ લોકો આવીને ઊભાં જ હતાં. બધાને ભેટયાં, નાનકડીને રમાડી, ઍડ.ના ખભા ઉપર એકાદ મિનિટ માથું નાખી એટલા થકી જ મૂગાંમૂગાં કહેવાનું બધું કહી, ફરી વાર ફ્રેલિક ચાન્યા અને ફ્લોરિયનને હાથસલામી આપી, છેલ્લા બે ત્રણ જવાના બાકી રહ્યા ત્યારે હું ત્યાંથી નીકળી ગયો. તરત પાછું જોવાની હિંમત ન કરી, દરવાજા બહાર મેદાનમાંથી સીડી પર ચડવાના રસ્તા ઉપરથી મેં પાછા વળી જોયું, બધાં જ કઠેરા આગળ આવી ઊભાં હતાં. હાથ હલાવ્યા કરતાં હતાં. સીડી આગળ ઉપર જતાં પહેલાં, હાથમાંથી નાની બેગ સીડીના પગથિયા ઉપર મૂકી, એમની તરફ પૂરેપૂરા ફરી, બે હાથ જોડી ઢળીને નમી, વધારે ઢળી ધરતી ઉપરથી ચપટી ધૂળ લઈ માથે મૂકી, મારી બેગ લઈ હું સડસડાટ ઉપર ચડી ગયો. ઉપરથી પણ મેં નજર નહિ ફેરવી. બેઠક ઉપર બેસતાં જ ટપકી રહેલાં આંસુ ચોગણાં વધી ગયાં. એ બધું જોતી રહેલી એર હૉસ્ટેસે આવી મારી બેઠકના સલામતી માટેના પટાનાં બક્કલો ભેરવી આપ્યાં. મેં નગુણાએ એને થૅંક્સ પણ ન કહ્યુ. (ચાલુ)

કસ્તરભાઈ કલાસંગ્રહનો બંગાળી ચિત્રસમૂહ

રવિશંકર રાવળ

પોતાની સંપત્તિ દ્વારા જનતાનું કલ્યાણ ને સાંસ્કૃતિક વિકાસ કરવામાં ખરી સાર્થકતા સમજનાર ગુજરાતના ધનાઢ્યોમાં અમદાવાદના અગ્રગણ્ય શ્રેષ્ઠી શ્રી કસ્તૂરભાઈ લાલભાઈના કુટુંબે નામના કરી છે. એમને સાંપડેલી ભારતીય કલાલક્ષ્મીનાં નાનાવિધ આભૂષણોમાંના એકનું દર્શન ગઈ તા. ૧૦મી જુલાઈએ અમદાવાદને થયું: એમના સમૃદ્ધ કલાસંગ્રહ પૈકી બંગાળના ચિત્રકારોની ઉત્તમ ૮૦ કૃતિઓનું એક પ્રદર્શન, એમના સુપુત્ર શ્રેણિકભાઈએ દાખવેલી એવી જ પારિવારિક કલ્યાણભાવનાને લીધે અમદાવાદની કલારસિક જનતાને પહેલી જ વાર જોવા મળ્યું. ગુજરાતના સાંસ્કૃતિક ખાતાના મંત્રી અને રાજ્ય લલિતકલા અકાદમીના અધ્યક્ષ શ્રી ચિમનભાઈ પટેલના હસ્તે તે ખુલ્લું મુકાયું. રાષ્ટ્રીય સંસ્કૃતિ-ચિંતન અને ભારતીય જીવનભાવનાથી સભર એવાં, ભારતીય આદર્શોનું સમર્થન કરતાં એ ચિત્રોની જનની બંગાળી ચિત્રશૈલીનો ઇતિહાસ દરેક ભારતપ્રેમીએ જાણવો આવશ્યક ગણાવો જોઇએ.

અંગ્રેજોએ આપણા દેશના શિક્ષણમાં અંગ્રેજી પ્રણાલીઓનો જ આગ્રહ રાખ્યો હતો અને શિક્ષણના શ્રેષ્ઠ પદે અંગ્રેજ ગુરુઓ જ વિરાજતા. તે રીતે મુંબાઈ, કલકત્તા, મદ્રાસ અને લાહોરની કલાશાળાઓમાં પણ અંગ્રેજ વિદ્યાગુરુઓ આવી, આ દેશની કળાસંપત્તિની ઉપેક્ષા કરી, પોતાના પાઠો ભણાવવાનો આગ્રહ રાખતા. મૅકોલેએ એવું જ ઠસાવી દીધું હતું કે અંગ્રેજી પુસ્તકોની એક જ થપ્પી જેટલું સાહિત્ય પણ અહીં નથી. તે રીતે અંગ્રેજી ચિત્રપ્રણાલી પણ એવી રૂઢ હતી કે ઍનૅટમી, પર્સ્પેક્ટિવ કે શેડલાઈટ વિના ચિત્ર બની જ ન શકે, પરિણામે યુરોપીય કલાનું અનુકરણ એ જ સાચી કલા એમ મનાતું થયું.(કમનસીબે આજે ફરીથી યુરોપની નકલખોરી બીજા રૂપમાં આપણને શાપરૂપ બની રહી છે) એ શાળાઓ મારફત જે કળા પ્રકટી તે, એ કાળના યુરોપી ધોરણે પણ ઘણી રીતે કાર્યક્ષમતાની ઊણપ પામી હતી આવા પરાયા





દમયંતી (ચિત્રકાર: વ્યંકટપ્પા) અને ચૈતન્યનો ગૃહત્યાગ (ચિત્રકાર: ક્ષિતીન્દ્રનાથ મજુમદાર)

કલાવાર્તા

જ્ઞાન ને પદ્ધતિના ચોકઠામાં કોઈ પણ સ્વયંભૂ ભારતીય કળાકાર પાંગરી શકતો નહિ.

એવામાં સુભાગ્યે બંગાળમાં 'હિંદુમેળા'-ના પ્રારંભથી શરૂ થએલી વિદ્વાનોની જાગૃતિને પરિણામે ભારતીય આદર્શોનું સંશોધન થવા લાગ્યું. શ્રી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, ભગિની નિવેદિતા, ડૉ. આનંદ કુમારસ્વામી તેમજ ટાગોર પરિવારમાં ભારતીયદૃષ્ટિનો ઊગમ થયો. ઈ. ૧૯૦૧માં જાપાની ચિત્રકાર ઓકાકુરા કાઝુકો ભારત આવ્યા. તેમના પ્રતિ આદર દર્શાવવા તથા પૂર્વના દેશોના કલાતત્ત્વ તરફ ધ્યાન ખેંચવા ભગિની નિવેદિતાએ અથાક પ્રયત્નો કર્યા અને ઓકાકુરાએ લખેલા 'આઈડીઅલ્સ ઑવ ધી ઇસ્ટ' પુસ્તકની પ્રસ્તાવના તેમણે લખી એની ભારતીય વિદ્વાનો પર ભારે અસર થઈ. વળી, તે જ વખતે હાવેલ નામના એક સમભાવી અંગ્રેજ કલકત્તાની કળાશાળાના આચાર્ય થઇને આવ્યા. તેમણે આ નવજાગૃતિના નાયકોની વાટમાંથી ભારતીય પ્રતિભાનાં લક્ષણો પારખ્યાં અને પોતાની શાળામાં ભારતીય પ્રણાલીની ચિત્રશિક્ષાનું સ્વાગત કર્યું તથા શ્રી અવનીંદ્રનાથ ઠાકુર જેવા કલાનાયકનો સાથ મેળવ્યો. આ નવા કલાસંપ્રદાયનો પ્રચાર કરવામાં રામાનંદ ચટ્ટોપાધ્યાય જેવા દૃષ્ટિસંપન્ન સંપાદકે પોતાના 'મૉડર્ન રિવ્યુ' માસિક દ્વારા સમગ્ર ભારતને તેનો રસ લગાડ્યો ને કળાપ્રદેશમાં ભારતીય દૃષ્ટિ અને આદર્શોની પ્રતિષ્ઠા કરી. કવિવર રવીન્દ્રનાથ જેવા મહાન રાષ્ટ્રવિધાયકે પોતાના શાન્તિનિકેતનમાં સ્થાપેલી વિશ્વભારતીમાં શિક્ષણક્ષેત્રે પહેલી જ વાર ચિત્ર, સંગીત, નૃત્ય તથા નાટ્યને અન્ય વિષયોની સમાન કક્ષામાં સ્થાન આપ્યું અને કલાકુલપતિ અવનીન્દ્રનાથના પટ્ટ શિષ્ય નંદલ લ વસુને કળાભવનના આચાર્ય બનાવ્યા.


અસાધારણ પ્રતિભા, ચિંતન અને સાધક શ્રી નંદબાબુના પ્રભાવથી શાંતિનિકેતનમાં ભારતના અનેક પ્રાંતના વિદ્યાર્થીઓ આકર્ષાયા, જેમાંથી કેટલાક ઉત્તમ કોટિના સર્જકો નીવડ્યા. તેમાં ગુજરાતનો એક વિદ્યાર્થીસમૂહ પણ હતો. નોંધપાત્ર હકીકત એ છે કે શ્રી કસ્તૂરભાઈના પરિવારમાંથી શ્રીમતીબહેન હઠીસીંગ તેમના શિષ્યવૃંદમાં ગુજરાતમાંથી જનાર કદાચ પ્રથમ વિદ્યાર્થિની હતાં. એમણે

ચિત્રકળાની સાધના કરવા સાથે ગુરુદેવ રવીન્દ્રનાથે આવકારેલા મણિપુરી નૃત્યમાં પણ પ્રવીણતા મેળવીને એ પ્રાચીન નૃત્યશૈલીનો પ્રથમ પરિચય ગુજરાતને આપ્યો હતો.

ગુજરાતનાં આવાં ગુણસંપન્ન સુપુત્રીનું આકર્ષણ પણ ટાગોર પરિવારને થયું. તેઓ શ્રીમતી ટાગોર બન્યા પછી શેઠ કસ્તૂરભાઈના પરિવારમાં બંગાળનાં ગીત અને કળા તરફ પક્ષપાત વધ્યો હોય તે પણ સ્વભાવિક છે.

જ્યારે ઉત્તરાવસ્થામાં કલાગુરુ અવનીન્દ્રનાથને ભીડના સમયમાં પોતાનો અપૂર્વ કલાસંગ્રહ છોડવાનો સમય આવ્યો ત્યારે યુરોપ અને અમેરિકા તેમને મોંમાગ્યાં દામ આપે એવા સંજોગ હતા; પણ દેશની કલાલક્ષ્મીને પરદેશ વિદાય કરવાનું કલંક આ કલાવીર કેમ સહી શકે? એ વખતે શ્રીમતીબહેન ટાગોરે આ કલાસંગ્રહ અમદાવાદ માટે મેળવવામાં શેઠશ્રી કસ્તૂરભાઈને અનુરોધ કર્યો, અને તેમની વિલક્ષણ બુદ્ધિએ આ સંગ્રહનું મૂલ્ય ને પ્રભાવ પીછાની આવકાર્યો. ટાગોર ખાનદાનની કુલલક્ષ્મી બનેલાં શ્રીમતી ટાગોરે બંગાળની એ કલાલક્ષ્મી ગુજરાતને મેળવી આપી પિતૃગૃહને યશ અપાવ્યો છે.

એ સંગ્રહમાં ભારતીય શૈલીનાં ઉત્તમ ચિત્રો સેંકડોની સંખ્યામાં છે. મુઘલ, રાજપૂત, પહાડી અને અન્ય શૈલીનાં એમાંનાં વિરલ ચિત્રો અભ્યાસ અને પ્રકાશન માટે અખૂટ ખજાનો છે. એમાંની પ્રાચીનોની સિદ્ધિ અને શક્તિ આજના કળાકારને પડકાર આપે એવી શ્રેષ્ઠતા ધરાવે છે. તેમાંથી તાર મેળવી તેની પરંપરા સજીવ કરનાર અગ્રગામી બંગાળી કળાકારોનાં શ્રેષ્ઠ ચિત્રો ગુજરાતમાં પહોંચ્યાં



સમતોલ છાયાપ્રકાશની રચનાવાળી ગગનેન્દ્રનાથ ટાગોરની એક રહસ્યમય ચિત્રકૃતિ.



વિદ્ધ લક્ષ્મણ • ચિત્રકાર: સુરેન્દ્રનાથ ગાંગુલી

એ પણ વિધિની યોજના છે. એ ચિત્રો લઘુ માપનાં હોવા છતાં મુઘલ રેખાટણી રાજપૂત રંગશૈલી કે અજંટાનું ભાવદર્શન તેમને પરંપરાઓને મોખરે મૂકે એવાં છે.

આજથી ૫૦ વર્ષ પર બંગાળી ચિત્રશૈલીની ભારતમાં જ નહિ પણ યુરોપ અમેરિકામાં બોલબાલા હતી. યુરોપના ઉપરચોટિયા શિક્ષણ અને અનુકરણમાં પડેલી સરકારી ચિત્રશાળાઓ એક પણ પ્રભાવી ચિત્રકાર આપી શકી નહોતી, ત્યારે તેનાં અંધ અનુકરણોથી મુક્ત બનેલી આ બંગાળ શૈલીએ દેશના સંસ્કારી-જનોનાં દિલ જીતી લીધાં હતાં. રંગ રેખા અને ભાવોની સુકુમારતા ને અભિનિવેશમાં એમાંનાં કેટલાંક ચિત્રો તો આજે પણ અજોડ ગણાશે અને રહેશે.

નંદલાલનું પ્રસિદ્ધ ચિત્ર 'ક્લાન્ત શિવ' (જુઓ 'કુમાર' અંક ૫૧૦) એમાં છે. તેના ઉપર કંઈક કાવ્યપૂર્ણ વિવેચનાઓ થઈ છે. યુરોપની કોઈ પણ ચિત્રસંસ્થા તેના પર સેંકડો ડૉલરની કિંમત મૂકે તો આશ્ચર્ય ન થાય.

તેમના સહાધ્યાયીઓ (જેવા કે અસીતકુમાર હલધર, સુરેન્દ્રનાથ ગાંગુલી, ક્ષિતીન્દ્રનાથ મજુમદાર, કે. વ્યંકટપ્પા આદિ)ની કૃતિઓના પણ થોડા નમૂના એમાં છે. તેમાં પણ પ્રાચીનોની સિદ્ધિ મેળવેલી જણાશે. એ ઉપરાંત અવનીન્દ્રનાથના સહોદર શ્રી ગગનેન્દ્રનાથ તો એક અનોખા સર્જક છે. (જુઓ 'કુમાર' અંક ૫૩૦) તેઓ કોઈ પણ શૈલીનાં બંધનમાં નથી. (એ કલાકારોની કલમના નમૂના રૂપ થોડી કૃતિઓ આ સાથે તથા આ અંકની ચિત્ર પ્લેટ પર આપી છે. બંગાળ કલાશૈલીના ઉદ્‌ભવ અને વિકાસનો વિસ્તૃત સદૃષ્ટાંત પરિચય હવે પછી આવશે.)

શેઠશ્રી કસ્તૂરભાઈના સંગ્રહનું આ તો એક અલ્પ દર્શન છે. અસંખ્ય શ્રેષ્ઠ મુઘલ, રાજપૂત, અપભ્રંશ વગેરે શૈલીની કૃતિઓ અને ચિત્રગ્રંથો આવાં બીજાં અનેક પ્રદર્શનોની શક્યતા ધરાવે છે. તેમની મંગળ ભાવનાનુસાર એ બધાં ચિત્રરત્નો જોવા મળશે ત્યારે આજની આંખને અકળાવનારી ને મનને મૂંઝવનારી ચિત્રકૃતિઓના સર્જકોને કદાચ ભારતીય કળાનું સુભગદર્શન નવી દિશામાં પ્રેરશે, એવી આશા રાખવાનું મન થાય છે. અર્થભાવ અને આનંદનો બહિષ્કાર કરનારી પ્રવર્તમાન કળાસૃષ્ટિમાંથી આપણને શાંત, સ્વસ્થ ને ચિંતનસભર સૌમ્ય ચિત્રો જોવા મળેલો આ પ્રસંગ રણમાં વીરડી જેવો મધુર લાગશે.

આજે માઈકના રાગડા વધ્યા છે. સિનેમાના પરદા ઉછૃંખલ બનતા જાય છે. પોસ્ટરો અને જાહેરખબરો નગરની ભીંતો ભરી બેઠાં છે. રાત્રિના આકાશના ચંદરવાને ઢાંકી દેતી નીઑન લાઇટો સાણુ તેલ કે દવાનું સ્મરણ કરાવતી અકળામણ ઉપજાવે છે. સાંપ્રત કલાકારો પોતાનાં ચિત્રો બતાવવા મુંબાઈ દિલ્હી કે યુરોપની દોટ મૂકે છે. એવા સમયમાં આપણે આંગણે આવી વસેલાં આ ચિત્રરત્નોનાં તેજ આપણે પરખીએ.

ગાંધી-જીવનદર્શન: એક પ્રદર્શન

આગામી વર્ષ (ઈ. ૧૯૬૯)ના ઑક્ટોબરમાં આપણા રાષ્ટ્રપિતા ગાંધીજીની જન્મશતાબ્દી ઊજવાશે. ભારતના જનજનમાં એ મહાન આત્માના પાવક જીવનનો સંદેશ અને



'નાઆખલીમાં ગાંધીજી'
ગાંધી-જીવન-દર્શન પ્રદર્શનમાંની એક કૃતિ

પ્રભાવ પુનઃ પ્રકટાવવા જે અનેક દિશામાં આજથી કાર્યમંડાણ શરૂ થયાં છે, તે પૈકી એક પ્રયત્નરૂપ પ્રદર્શન દિલ્હીની 'માસ કૉન્ટૅક્ટ કમિટી' (જનસંપર્ક સમિતિ) તરફથી આબુ ખાતે તાજેતરમાં મળેલા 'સર્વોદય સંમેલન' પ્રસંગે યોજવામાં આવેલું, અને ગુજરાતના રાજ્યપાલનાં પત્ની શ્રી મહાલસાબહેનના અનુરોધથી તે અમદાવાદ લાવવામાં આવેલું.

ગાંધીજીના જીવનપ્રસંગો અને કાર્યસંદેશને આવરી લેતું એ પ્રદર્શન રાજભવનના નીચેના ખંડોમાં સુયોગ્યરીતે ગોઠવાયું હતું અને એમાંનાં ચિત્રો તથા આલેખો સમજાવવા સ્વયંસેવિકા બહેનો હાજર હતી. ગાંધી-શતાબ્દી માટે કાર્ય કરતી સંસ્થાઓને સહાયભૂત થાય એવી યોજનાઓ અને કાર્યક્ષેત્રોની સૂચક અને નિર્દેશક નાનાવિધ પ્રકારની અથાગ સામગ્રી એમાં હતી; પણ ભારતના જન સામાન્યને – દૂરદૂરના ખૂણે પડેલા ગ્રામજનોને તેનું સ્વરૂપ સમજાવવું હોય તો આ પ્રદર્શનમાં રજૂ થએલાં ચિત્રોની પ્રબોધન શક્તિની કસોટી લેવી જોઈએ.


અમદાવાદમાં ભરાએલા ૧૨મા ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલન સાથે યોજાએલા ચિત્રપ્રદર્શનમાં સંમેલન-પ્રમુખ ગાંધીજીની સાથે પોણો કલાક સુધી ફરીને તે બતાવવાનો પ્રસંગ આ લખનારને મળ્યો હતો. તે પછી ગાંધીજીએ સભાખંડમાં પોતાના વ્યાખ્યાનમાં એ પ્રસંગને અનુલક્ષીને જે શબ્દો કહ્યા હતા તે હજી તાજા છે. તેમણે કહ્યું હતું કે, 'આવું દસ વર્ષ પહેલાં ગુજરાતમાં ન હતું. આ ચિત્રકાર્ય જોઇને મારી છાતી ગજગજ ફૂલે છે. પણ તમારા આ સાહિત્ય અને સંસ્કારના નમૂના હું મારાં ગ્રામજનો આગળ શી રીતે મૂકી શકું? ચિત્રો બતાવતાં ભાઈ રવિશંકર તે વિષે બોલે ત્યારે સમજાય, એ શા કામનું? ચિત્રોએ જ મારી સાથે બોલવું જોઇએ, આ બધા સંસ્કારોનો લાભ ગ્રામજનતા માટે અલભ્ય જ રહ્યો છે.' આ વિચારો દર્શાવતાં તેઓ ગદ્ગદ્ થઈ ગયા હતા અને સભામાં અશ્રુ સાર્યાં હતાં.


ગાંધીજીની આ કસોટી યાદ રાખીને જનતા માટે ચિત્રોના સ્વરૂપનો નિર્ણય થાય તો જ આપણે એમની શતાબ્દીનો સંદેશ સામાન્ય જનતાને પહોંચાડી શકીશું. તેમાં કલાના પ્રયોગો ને આધુનિક 'વાદો'ના અનુકરણને કેટલો અવકાશ છે તેનો વિચાર કરીને ગાંધીશતાબ્દી પ્રદર્શનોના યોજકો આગળ વધે એમ ઇચ્છીએ. આવાં પ્રદર્શન જનસમાજને કેટલું આકર્ષણ અને પ્રબોધન કરી શકશે તેના પ્રયોગો પહેલાં કરીને પ્રદર્શનનું સ્વરૂપ નક્કી કરવું જોઇએ. રાષ્ટ્રપિતાના આદર્શો આપણે કેટલા સમજ્યા છીએ તેની પરીક્ષામાં કલાકારો અને પ્રયોજકો આ પ્રસંગે સારી રીતે પાર ઊતરે એવી શુભેચ્છા. —રવિશંકર રાવળ



વિખ્યાત અમેરિકન નૃત્યાંગના રૂથ સેન્ટ ડેનિસ(કુમાર અંક ૫૩૪)નું લૉસ ઍન્જેલસમાં ૯૦ વર્ષની વયે હૃદય બંધ પડી જતાં અવસાન થયું. ઈ. ૧૮૯૩થી બાલે નૃત્યોની રજૂઆત આરંભી એણે એમાં પૂર્વીય નૃત્યશૈલી ભેળવીને આગવાં નૃત્યસર્જનો કર્યાં. પતિ ટેડ શૉનસાથે સ્થાપેલી 'ડેનિશૉન' નૃત્યમંડળી ને શાળા દ્વારા એણે નૃત્ય અંગે નવા જ ખ્યાલ રજૂ કરીને અમેરિકાને નૃત્યજગતમાં ઊંચું સ્થાન અપાવ્યું, એની પ્રેરણા પામીને ડૉરિસ હમ્ફ્રી અને માર્થા ગ્રેહામ જેવાં નામાંકિત નૃત્યકારો તખ્તા પર કલાપ્રાણ પૂરી રહ્યાં છે.

ટિકિટસંગ્રહ આ વર્ષે ઘઉંનો મબલખ પાક ઊતર્યો એ નિમિત્તે ભારતે બહાર પાડેલી ખાસ ટિકિટ. એમાં ઘઉંની ડૂંડીઓ, ઈ. ૧૯૫૧ની સરખામણીમાં આ વર્ષનો ઉતાર બતાવતો આલેખ અને ઇંડિયન ઍગ્રીકલ્ચર રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટના મકાનનું ચિત્ર છે. ◖ કવિ-સંગીતકાર નઝરૂલ ઇસ્લામની યાદમાં પાકિસ્તાને બહાર પાડેલી ટિકિટ તથા એ પ્રસંગની રદ્દીકરણની ખાસ છાપ. બંનેમાં બંગાળી ભાષામાં કવિની ઉક્તિઓ પણ મૂકેલી છે. (પ્રેષક• આદમ સુમરા, કરાચી.) આ સાથે એ બંને દર્શાવી છે. ◖ પાકિસ્તાને ગયા એપ્રિલમાં બહાર પાડેલી વર્લ્ડ હેલ્થ ઑર્ગેનિઝેશનની ખાસ ટિકિટના શિટ્સમાં નીચેથી બીજી અને ડાબી બાજુથી પાંચમી ટિકિટની કિંમતમાં paisa શબ્દમાંથી છેલ્લો 'a' ઊડી ગએલો છે. સંગ્રાહકો માટે આ ટિકિટ ભવિષ્યમાં મૂલ્યવાન બનવાનો સંભવ ખરો. ◖ જાણવા મળ્યું છે કે અગાઉ અવકાશયાત્રીઓનાં ત્રિપરિમાણદર્શક ચિત્રોવાળી ટિકિટો જેવી બીજી વધુ ટિકિટો ભૂતાન બહાર પાડવાનું છે. એની આ ટિકિટોએ મુદ્રણની અભિનવતાને લીધે ઘણો રસ પેદા કર્યો છે. જોકે ટિકિટો માટે આવું મુદ્રણ નવીનતાથી વિશેષ કંઈ મૂલ્ય ધરાવે છે કે નહિ એ પ્રશ્ન છે.







ભૂતકાલીન ગૌરવ અને સૌન્દર્યથી સભર દેશ

શ્રી લંકા ශ්‍රී ලංකා

લેખક · મધુકુમાર પટેલ

ઈસવી સનની પાંચમી સદીની અજંતાની ચિત્રણામાં મકર મુખના શોભનથી મંડિત મોરાવાળી એક નાવમાં રાજકુમાર વિજયની સિંહલયાત્રાનું આલેખન છે સિંહલદ્વીપ જઈ વસેલા એ કુમારે ત્યાં રાજ્ય સ્થાપ્યું હતું. પણ ભારત અને લંકાનો સંબંધ ક્યારથી બંધાયો તે વિષે કોઈ સ્પષ્ટ ઐતિહાસિક આધાર નથી. મનાય છે કે ઈસવી સન પૂર્વે ત્રીજા સૈકાથી એનો આરંભ થયો. એમ પણ કહેવાય છે કે લંકાની મૂળ પ્રજા ભારતમાંથી ઊતરી આવી છે. ઈસવી સન પૂર્વે ત્રીજા સૈકામાં સમ્રાટ અશોકના પુત્ર મહિન્દે (મહેન્દ્રે) લંકામાં બૌદ્ધ ધર્મની સ્થાપના કરેલી જે આજ સુધી લંકાનો મુખ્ય ધર્મ રહ્યો છે.

લંકાના પ્રાચીન બૌદ્ધ ભિક્ષુકોએ 'મહાવંશ' અને 'ચૂલવંશ' નામે પાલિ ભાષામાં બે મહાગ્રંથ લખ્યા છે. તેમાં તે કાળના પ્રસંગો, માન્યતાઓ અને દંતકથાઓનું ધાર્મિક દૃષ્ટિએ કરેલું સળંગ વર્ણન છે. 'મહાવંશ' લગભગ છઠ્ઠી સદીમાં લખાયો છે, અને તેમાં આરંભથી ત્રીજી સદી સુધીની વાતો નોંધી છે. 'ચૂલવંશ' કટકેકટકે લખાએલો છે અને એમાં અઢારમી સદી સુધીના બનાવોના ઉલ્લેખ છે. અલબત્ત, આ બંને ગ્રંથો ઇતિહાસ નથી, પરંતુ ઇતિહાસ માટે ઘણી સામગ્રી એમાં ભરી છે.

'મહાવંશ'માં જણાવ્યા પ્રમાણે ચક્રવર્તી વિજયો પછી સમ્રાટ અશોકમાં અજબ પરિવર્તન થયું. બૌદ્ધ ધર્મથી પ્રભાવિત થઈ એ ધર્મના પ્રચાર માટે એણે દેશપરદેશમાં ઉપદેશકો મોકલ્યા. એ રીતે પોતાના પુત્ર મહિન્દને એણે લંકામાં ધર્મ-પ્રસારાર્થે મોકલ્યો. લંકાના તે સમયના રાજવી દેવનામપિય તિસ્સ ઉપર મહિન્દનો ઘણો પ્રભાવ પડયો અને તેણે તથા તેની પ્રજાએ બૌદ્ધ ધર્મ અંગિકાર કર્યો.

દેવનામપિય તિસ્સના નાના ભાઈની પત્ની અનુલા આ ધર્મથી એટલી તો પ્રભાવિત થઈ કે એણે દીક્ષા લેવાની ઇચ્છા કરી. બૌદ્ધ ધર્મશાસનના નિયમ પ્રમાણે સ્ત્રીને દીક્ષા, બુદ્ધ પોતે અગર તો સ્ત્રી ભિખ્ખુણી જ આપી શકે; એટલે મહિન્દે પોતાની બહેન સંઘમીત્તા (સંઘમિત્રા)ને લંકા બોલાવવા દેવનામપિય તિસ્સને સૂચન કર્યું. રાજાએ તેને તેડી લાવવા માટે એક ખાસ પ્રતિનિધિમંડળ પાટલીપુત્ર મોકલ્યું. ધર્મ માટે પુત્ર પછી પુત્રીનો વિયોગ પણ સમ્રાટ અશોકે વેઠી લીધો.

જે બોધીવૃક્ષ (પીપળા) નીચે બુદ્ધ ભગવાનને સાક્ષાત્કાર થયો હતો તે વૃક્ષની એક ડાળ પણ સંઘમીત્તા પોતાની સાથે લંકા લઈ આવી. રાજાએ ધામધૂમથી એનું સ્વાગત કર્યું, અને પોતાની રાજધાની અનુરાધપુરમાં પેલા બોધીવૃક્ષની ડાળ રોપી. તેમાંથી થએલું વૃક્ષ આજે પણ હયાત છે અને ઘણા ભાવથી લોકો તેનું પૂજન કરે છે.

ઈસવી સન પૂર્વે પાંચમી સદીમાં ભારતના આર્યો અહીં આવ્યા હશે એમ પણ મનાય છે. ત્યાર પહેલાંના આદિવાસી વેદ્દાના વંશજો પણ લંકામાં છે. પણ કાળાનુક્રમે તેઓ અન્ય જાતિઓ સાથે ભળી જતાં હવે ભાગ્યે જ બેએક હજાર શુદ્ધ વેદ્દા રહ્યા છે. તેઓ દક્ષિણ ભારતની કેટલીક આદિવાસી જાતિને મળતા છે. સુમાત્રા તથા ઑસ્ટ્રેલિયાની કેટલીક આદિવાસી જાતિઓ સાથે પણ લંકા તથા દક્ષિણ ભારતની આ જાતિઓ સંકળાએલી હશે એમ માની શકાય.


ભારતના આર્યો ક્યા ભાગમાંથી લંકામાં આવ્યા હશે તે નિશ્ચિત નથી પણ મહાવંશમાં જણાવ્યા પ્રમાણે બંગાળ આસપાસના પ્રદેશમાંથી તેઓ આવ્યા હશે. આર્યો આવ્યા તે અરસામાં જ, અથવા ત્યાર પછી થોડા સમયમાં દ્રાવિડો પણ લંકામાં આવ્યા. લંકાના રાજવંશના લગ્નસંબંધો દક્ષિણ હિંદનાં રાજકુટુંબો સાથે ઘણા જૂના સમયથી છે. મહાવંશમાં જણાવ્યા પ્રમાણે લંકાના પ્રથમ રાજપુરુષ વિજયના લગ્ન માટે પણ દક્ષિણ ભારતની રાજકુંવરી લાવવામાં આવી હતી. આ કુંવરી સાથે બીજી અનેક ભદ્ર કન્યાઓ પણ આવી હતી, જે વિજયના સાથીઓ સાથે પરણેલી એવો ઉલ્લેખ પણ મળે છે. લંકામાં તે સમયે આદિવાસી સિવાય અન્ય સંસ્કૃતિ ન હતી એટલે એ કુંવરીઓ સાથેના મોટા રસાલામાં અનેક કારીગરો અને સમાજને



દુનિયાના ઘણા દેશો હજી શોધાયા પણ નહોતા ત્યારે ઈસવી સનની યે પહેલાં પાંચમી સદીમાં લંકામાં અનુરાધપુરનું રાજ્ય સમૃદ્ધિની ટોચે હતું. લંકામાં બૌદ્ધ ધર્મ અહીંથી પ્રસર્યો. અશોકની પુત્રી સંઘમીત્તાએ ભારતથી બોધીવૃક્ષની જે શાખા લાવીને આરોપેલી તેમાંથી પાંગરેલું વૃક્ષ આજે પણ અહીં છે. જુઓ સાથેનું પહેલું ચિત્ર. એ પછી અનુક્રમે: (૨) અશોકના પુત્ર મહિન્દે જ્યાં પ્રથમ ધર્મબોધ આપ્યો એ વેસ્સગિરિય. (૩) 'બસવાકુલ' જલસાગર. અનુરાધપુરના પ્રથમ રાજા પાંડુકભયને એ બંધાવતાં ૭૩ વર્ષ લાગેલાં. લંકાનું









લંકાનો રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રમુદ્રા



લંકા હિંદી મહાસાગરનું મોતી કહેવાય છે. ઈડનનો બગીચો, ટપ્રોબેન, સિંહલદ્વીપ, સીલોન વગેરે એનાં અન્ય નામ. નાનો છતાં આવો સુંદર કોઈ દેશ નથી. વિષુવવૃત્તથી ૪૦૦ માઈલ ઉત્તરે આવેલા આ દેશની આબોહવા જે તે સ્થળે આખું વર્ષ એકસરખી રહે છે. આખા ટાપુ પર ભારે વરસાદ—ક્યાંક તો ૨૦૦ ઈંચ જેટલો પડે છે. ઉત્તર તરફની સપાટ ભૂમિમાં હાથી, દીપડા, વાંદરાં, સાપ, મગર વગેરે પ્રાણીઓ અને અનેકવિધ પક્ષીઓવાળાં ગીચ જંગલો. એમાં કરેલાં સદીઓ જૂનાં તળાવો આજે પણ સિંચાઈમાં કામ લાગે છે. પર્વતો બધા પણ વૃક્ષરાજિથી ઢંકાએલા. ચા રબર અને નારિયેળી એ મુખ્ય પેદાશ અને નિકાશ. ચોખા મુખ્ય ખોરાક. લગભગ દરેક કુટુંબનું પોતાનું ખેતર. કંઠાર પર માછીમારી. ગાલે પ્રાચીન બંદર. કોલંબો રાજધાની અને મુખ્ય બંદર. ઉત્તરે જાફના અને પૂર્વે ટ્રિંકોમાલી મુખ્ય બારાં. મધ્યમાં કેન્ડી પ્રાચીન રાજધાની. ત્યાં વિખ્યાત બૌદ્ધ મંદિરો છે.

ઉપયોગી વ્યવસાયો જાણનાર માણસો પણ આવ્યા હતા. લંકામાં નૂતન સમાજ-વ્યવસ્થા અને સંસ્કૃતિ સ્થાપવા માટે આમ કરવું પડયું હશે. આ રીતે આજની સિંહલ પ્રજામાં આર્ય, દ્રવિડ ને વેદ્દા લોહીનું મિશ્રણ સારા પ્રમાણમાં થયું હશે એમ માની શકાય.

પછી તો લંકા ઉપર દ્રવિડ રાજાઓનાં આક્રમણો થતાં રહ્યાં. લગભગ ઈ.સ.ની તેરમી સદીમાં લંકાના ઉત્તર ભાગમાં તમીળ રાજ્ય સ્થિર થયું અને ચૌદમી સદીમાં તો લંકાના અન્ય રાજ્યો પાસે ખંડણી ઉઘરાવવા જેટલું એ પ્રબળ બન્યું. એના આશ્રય નીચે તમીળ સંસ્કૃતિ, એક અલગ સંસ્કૃતિ તરીકે સ્થાપિત થઈ.


લંકામાં સ્થાનિક અનેક રાજવંશો થઈ ગયા અને કોઈએ આખા દેશ ઉપર, તો કોઈએ અમુક ભાગોમાં, જુદાજુદા સમયે સત્તા હાથ કરી. તમીળ અને સિંહલ રાજાઓ વચ્ચે, તેમજ સિંહલ રાજાઓમાં અંદરોઅંદર ઘર્ષણ ચાલુ જ રહ્યાં. અને આ પરિસ્થિતિનો લાભ લઈ, વેપારના અંચળા નીચે ફિરંગી લોકોએ લંકામાં પગપેસારો કર્યો. ઈ.સ. ૧૫૯૭માં ઉત્તરમાં અને પશ્ચિમના દરિયા કિનારા ઉપર ફિરંગી સત્તા સ્થપાઈ અને ખ્રિસ્તી ધર્મના રોમન કૅથૉલિક સંપ્રદાયની ત્યાં શરૂઆત

આ પ્રાચીનતમ જલાગાર આજે યે ૧૦૦૦ એકર જમીનની સિંચાઈ કરે છે. (૪) અનુરાધપુરના બે પ્રાચીન હોજ, એના તોતિંગ પથ્થરના જડતરની સાંધ આજે પણ અકબંધ છે. (૫) અભયગિરિ પર જેતવનરામ. માઈલો લાંબી દીવાલ થઈ શકે એટલી ઈંટો એના ચણતરમાં વપરાઈ હતી. (૬) રૂવાનવેલિસિય. મહાથૂપ (મહાસ્તૂપ) નામે ઓળખાતું આ દાગોબા ઘણું જ મોટું છે. સેંકડો યુદ્ધોના વિજેતા રાજા દુતુગેમુનુએ એ બંધાવેલું. પણ એના અંતકાળ સુધી એનું કામ પૂરું નહોતું થયું. આપ્તજનોએ અધૂરા કામ પર શ્વેત વસ્ત્ર ઢાંકી મરણ પથારીએ પડેલા રાજાને એ દૂરથી બતાવીને એની દર્શનાતુર આંખોને અંતકાળે તૃપ્તી આપી હતી.

(પ્રથમ ચિત્ર સીલોનના માહિતીખાતાના સૌજન્યથી અને છેલ્લાં પાંચે ચિત્રો 'સીલોન ઑબ્ઝર્વર'ના ૧૯૬૬ના વાર્ષિક અંકમાંથી લીધેલાં છે.)










ઈ.સ. પૂર્વે પાંચમી સદીથી લંકાનું પાટનગર રહેલું અનુરાધપુર ૧૩૦૦ વર્ષ બાદ આઠમી સદીમાં પોળોન્નરૂવ રાજધાની બનતાં ઉજ્જડ થઈ ગયું. જ્યારે બૌદ્ધધર્મ લંકામાં આવ્યો ત્યારે એનું રાજ્ય ૨૫૦ ચો. માઈલમાં વિસ્તારેલું હતું. એની સમૃદ્ધિથી લલચાઇને દ. ભારતના તમીળ રાજ્યે એના પર વારંવાર આક્રમણો કર્યાં હતાં. ત્યાં રાજા તિસ્સે બંધાવેલા આ થૂપરામ દાગોબા-માં કહે છે કે બુદ્ધ ભગવાનની હાંસડીનાં અસ્થિ છે. સંગેમરમર જેવા અસ્તરવાળા ઈંટના આ ૬૫ ફૂટ ઊંચા સ્તૂપની આસપાસ અસલ તો ૧૭૬ શોભનમંડિત સ્તંભો હતા, આજે એમાંના એકત્રીસ જ રહ્યા છે.



અનુરાધપુરના ભગ્નાવશેષોમાંથી ઉત્તર વર્ષો કે જડી
આઠ ફૂટની એક વિશાળકાય બુદ્ધપ્રતિમા.

થઈ. ઝનૂની નીતિના પ્રતાપે એમના તાબાના પ્રદેશમાં ઘણા લોકોએ ધર્માંતર કર્યું. લંકાવાસીઓમાં પરેરા, દ સિલ્વા, ફરનાન્ડો વગેરે અટકોની શરૂઆત આ સમય દરમિયાન થઈ. પરિસ્થિતિ બદલાઈ ત્યારે પરાણે ખ્રિસ્તી થએલા કેટલાક લોકો પાછા બૌદ્ધ ધર્મમાં આવ્યા, પરંતુ તેમનાં નામ ઉપર થએલી ફિરંગી અસર ચાલુ જ રહી. આજે પણ બૌદ્ધ લોકોમાં પાશ્ચાત્ય નામ ઘણાં સામાન્ય છે. વિલિયમ ગોપા-લમ, ડડ્લી સેનાનાયક, કૉલ્વિન દ સિલ્વા, ફિલિપ ગુણવર્દન વગેરે નામ લંકાની જાણીતી બૌદ્ધ વ્યક્તિઓનાં છે.

સ્થાનિક પ્રજા સાથેની છૂટછાટમાંથી પેદા થએલી કેટલીક મિશ્ર પ્રજાનો વારસો ફિરંગી લોકો લંકામાં મૂકતા ગયા. એમના પછી આવેલા વલંદા અને અંગ્રેજોએ આ મિશ્ર પ્રજામાં ઉમેરો કર્યો. આપણે ત્યાં જેમ ઍંગ્લો-ઇન્ડિયન કહેવાય છે તેમ આ મિશ્ર પ્રજા અહીં બર્ગર તરીકે ઓળખાય છે. હવે તેઓને માટે 'યુરેશિયન' શબ્દ પણ વપરાય છે.

વલંદાઓએ બાંધેલા અનેક કિલ્લાઓ લંકામાં હજી મોજૂદ છે. વ્યક્તિગત ખેતીની પ્રથાને સ્થાને તેમણે કૉફીની જાગીરો સ્થાપી મોટો વેપાર ઊભો કર્યો. તેમણે લંકામાં ડચ રિફૉર્મ્ડ ચર્ચ પણ સ્થાપ્યું અને રોમન-ડચ ન્યાયપદ્ધતિ દાખલ કરી. લંકાની ન્યાયપદ્ધતિ ઉપર હજી યે તેની સ્પષ્ટ અસર છે.

ઈ.સ. ૧૬૫૮માં વલંદાઓએ ફિરંગીઓને હાંકી કાઢ્યા. લંકામાં ત્યારે કૅન્ડીનું સિંહલ રાજ્ય તો સ્વતંત્ર જ રહ્યું હતું. ઈ. ૧૭૯૬માં અંગ્રેજોએ વલંદાઓને કાઢીને સત્તા જમાવી અને ઈ. સ. ૧૮૧૫માં કૅન્ડીનું સિંહલ રાજ્ય ખાલસા કરી આખા ટાપુ ઉપર એકહથ્થુ સત્તા સ્થાપી જે ઈ. સ. ૧૯૪૮માં લંકા સ્વતંત્ર થયું ત્યાં સુધી ચાલુ રહી.

એ સમયમાં જાવા સુમાત્રામાં પણ વલંદાઓની હકૂમત હતી. ત્યાંથી કેટલાક મલય સૈનિકો તેઓ લંકામાં લાવ્યા હતા. જાવા-સુમાત્રાના કેટલાક રાજકીય કેદીઓને પણ તેમણે લંકામાં રાખેલા. આ રીતે મલય જાતિનાં કેટલાંક કુટુંબો પણ એક અલગ જાતિ તરીકે પેઢીઓથી લંકામાં વસે છે. તેઓ ઇસ્લામ ધર્મ પાળે છે, પરંતુ સ્થાનિક પ્રજા સાથે સહેલાઈથી ભળી જાય છે. આજે યે લશ્કર તથા પોલીસ-દળમાં એ મલય લોકો મોખરે છે.

હિંદી મહાસાગરનો વેપાર અરબી વહાણવટીઓના હાથમાં હતો તે વખતથી અરબ લોકો પણ લંકામાં સ્થિર થએલા છે. તેઓ 'સીલોન મૂર' તરીકે ઓળખાય છે. પાછળથી દક્ષિણ ભારતમાંથી આવેલા અરબ તેમજ અન્ય મુસલમાનોને ત્યાં 'હિંદી મૂર' તરીકે ઓળખે છે. આ લોકો સમગ્ર લંકામાં પ્રસરેલા છે, અને મોટે ભાગે વેપાર– ખાસ કરીને ઝવેરાતનો વેપાર એમના હાથમાં છે.



દક્ષિણભારતના વારંવારના તમીળ આક્રમણોથી બચવા અનુરાધપુર ત્યજીને પોળોન્નરૂવમાં લંકાની રાજધાની વસી. કાળાનુક્રમે તો એ સ્થાન પણ ભગ્નસ્વરૂપે જ રહ્યું છે. બૌદ્ધધર્મી લંકાના અનેક પ્રાચીન અવશેષો ધરાવતા એ પ્રાચીન નગરમાં ભગવાનબુદ્ધનું મહાપરિનિર્વાણ દર્શાવતી આ ૧૪૬ ફૂટ લાંબી મૂર્તિ, તથા બાજુમાં ઊભેલી તેમના શિષ્ય આનંદની ૨૩ ફૂટ ઊંચી પ્રતિમા, બંને, એક જ જંગી શિલાખંડમાંથી કોરેલી છે.



પોળોન્નરૂવનું એક ભગ્ન મંદિર. તેની ઊભી દીવાલોની વચ્ચે ૫૦ ફૂટ ઊંચી વિરાટકાય બુદ્ધમૂર્તિ છે.

વલંદાઓના કૉફીના વાવેતરને એમના પછી આવેલા અંગ્રેજોએ પણ ઉત્તેજન આપ્યું. પરંતુ ઈ. સ. ૧૮૭૯માં કૉફીની જાગીરો જીવાતને લીધે નષ્ટ થઈ ગઈ તે પછી તેને સ્થાને ચા અને રબરનું વાવેતર વધારવામાં આવ્યું. એ જાગીરોમાં મજૂરી કરવા અહીંના લોકો તૈયાર ન હતા એટલે દક્ષિણ ભારતમાંથી તમીળ મજૂરો લાવવામાં આવ્યા અને અંગ્રેજ જાગીરદારોનું હિત સાચવવા એમની જાગીર ઉપર તમીળ વસાહતો ઊભી કરવાની બધી સગવડો આપવામાં આવી. એ પછી રેલવે, બંદરો તથા વેપારી પેઢીઓમાં કામ કરવા માટે થોડા મલયી લોકોને પણ લાવવામાં આવ્યા. એમની પાછળ વેપાર-રોજગાર માટે અન્ય હિંદી લોકો પણ અહીં આવ્યા, જેમાં કેટલાંક ગુજરાતી કુટુંબો પણ હતાં.

લંકામાંથી કેટલાંક તમીળ કુટુંબો મલાયામાં જઈને વસ્યાં. એ જ રીતે લંકાના સ્વાતંત્ર્ય પછી કેટલાંક 'બર્ગર' કુટુંબો ઑસ્ટ્રેલિયા પણ ગયાં છે. પરંતુ એકંદરે લંકા બહાર જઈ વસેલાં કુટુંબોની સંખ્યા, લંકામાં આવીને વસેલાં કુટુંબોની સરખામણીમાં ઘણી ઓછી છે.

ભારત અને લંકાના ટાપુ વચ્ચે માત્ર વીસ માઈલ જેટલું જ અંતર છે. ઉત્તરથી દક્ષિણ ૨૭૦ માઈલ અને પૂર્વથી પશ્ચિમ ૧૪૦ માઈલમાં વિસ્તરેલા આ ટાપુનું ક્ષેત્રફળ લગભગ ૨૫,૨૩૨ ચોરસ માઈલ છે. ટાપુની મધ્યમાં ડુંગરાળ પ્રદેશ છે, અને તેમાં પેદ્રુતલગલ શિખર ઊંચામાં ઊંચું–૮૨૯૪ ફૂટ ઊંચું છે. એના ઉચ્ચ પ્રદેશમાં સારા પ્રકારની ચા અને એથી નીચેના પ્રદેશમાં નિમ્ન કક્ષાની ચા તથા રબરની ખેતી થાય છે. કિનારાના પ્રદેશમાં નારિયેળ તથા સોપારીનું વાવેતર થાય છે.

અંગ્રેજો આવ્યા ત્યારે પહેલાં દરિયાની સપાટીથી ૧૬૦૦ ફૂટ ઊંચા કૅન્ડી અને તેની આસપાસનો પ્રદેશ બાદ કરતાં બાકીનો ડુંગરાળ વિસ્તાર અવિકસિત હતો. અંગ્રેજોએ તેમાં ચાની જાગીરો સ્થાપી, અને ૬૨૦૦ ફૂટની ઊંચાઈએ નુવર એલિય (નુ'રેલિયા) જેવું મનોહર સ્થળ વિકસાવ્યું. અહીંની મોટા ભાગની વસતિ ઉદ્યાં (અનુ. આગલા પાને)



ઉપર: તમીળ વર્ચસ્વ હટાવી સ્વતંત્ર રાજ્ય સ્થાપનાર રાજા ધાતુસેનનો વધ કરાવી તેના અનુલોમ પુત્ર કસ્યપે ખરા રાજ્યાધિકારી રાજકુમાર મોગ્ગલાનના ભયથી દૂર જંગલની વચ્ચે આવેલા ૪૦૦ ફૂટ ઊંચા આ એકાકી ખડક ઉપર ગઢ બનાવી ત્યાંથી ૧૮ વર્ષ સુધી રાજ ચલાવ્યું. એના પ્રવેશ પર વિશાળ સિંહમૂર્તિ હોઈ આ ગઢ સિંહગિરિ–સિગિરિય કહેવાયો. એની તળેટીમાં કસ્યપે કારીગરોનું સમૃદ્ધ નગર વસાવ્યું. ખડકની દીવાલો પર એણે લંકામાં અદ્વિતીય એવાં ભીંત ચિત્રો કરાવ્યાં. ઈ. ૪૯૫માં મોગ્ગલાને એના પર ચડાઈ કરી. પુરવઠાના માર્ગો બંધ થઈ જઈ ભૂખે મરવાની સ્થિતિમાંથી બચવા કસ્યપ એનો આ અજેય ગઢ છોડી મેદાનમાં લડવા ઊતર્યો. એમાં એક ગેરસમજથી સૈન્યમાં ભાગંભાગ થતાં પરાજયને નિશ્ચિત જાણી કસ્યપે જાતે પોતાના ગળા પર તલવાર ફેરવી મોત સ્વીકારી લીધું. નીચે: સિગિરિયનું દુર્ગમ ચઢાણ અને એના આરંભમાં મૂળની સિંહપ્રતિમાના બચેલા બે પંજાના અવશેષ. મનાય છે કે સિગિરિયનું ચઢાણ અસલની એ સિંહાકૃતિ નીચે ઢંકાએલું હતું.





ચોગમ દૂરદૂર સુધી વિસ્તરેલી વનરાઈ વચ્ચે આવેલા સિગિરિયનું વિહંગ દૃશ્ય. એના સપાટ શિખર ઉપર કશ્યપ પહેલાના રાજપ્રાસાદના અવશેષો છે. કશ્યપના મોત પછી કેટલોક સમય બૌદ્ધ સાધુઓના સંઘારામ તરીકે એ વપરાયો. ('સીલોન ઑબ્ઝર્વર'ના સૌજન્યથી)


સો વર્ષ દરમ્યાન બહારથી આવેલા લોકોની છે, જેમાં યુરોપિયનો, તથા હવે સ્થાનિક જાગીરદારો ઉપરાંત, ચાના બગીચામાં કામ કરનાર મજૂરો, કારીગરો, નાના વેપારીઓ અને સરકારી કર્મચારીઓ વસે છે. આ આખો પ્રદેશ ઘણો રમણીય છે. અહીંનું હવામાન પણ ઠંડકને લીધે તાજગીભર્યું રહે છે. મુસાફરી માટે અહીં રેલગાડી તેમજ વાહન-માર્ગની સારી વ્યવસ્થા છે. કૉળમ્બ (કૉલંબો)થી નુવરએલિય અને બંદરવેલ થઈ બદુલ્લ સુધીનો રેલમાર્ગ અતિશય સુંદર છે. કૉળમ્બથી સવારે ઊપડતી ગાડીમાં માર્ગ પરનું પ્રકૃતિસૌન્દર્ય જોવા માટે એક ખાસ ડબો પણ જોડવામાં આવે છે. આ પર્વતીય પ્રદેશમાં જ ૭૩૬૫ ફૂટ ઊંચા એક શિખર ઉપર પથ્થરમાં એક પગલાની છાપ કોરાએલી છે. યુરોપવાસીઓ આ પગલાને આદિ પુરુષ આદમનું ગણાવીને આ શિખરને આદમના શિખર—'આદમ્સ પીક' તરીકે ઓળખે છે. બૌદ્ધ લોકો એને ભગવાન ગૌતમ બુદ્ધનું પગલું માને છે, અને એથી આ શિખરને 'શ્રીપાદ' તરીકે ઓળખાવે છે. એમને માટે તો આ શિખર એક પવિત્ર યાત્રાધામ મનાય છે. ગૌતમ બુદ્ધ લંકામાં આવ્યા હોય એવી તો માહિતી પ્રાપ્ત નથી, પરંતુ 'મહાવંશ'માં જણાવ્યું છે કે ગૌતમ પહેલાં પણ બુદ્ધના અનેક અવતાર થયા હતા અને આવા એક પૂર્વજન્મ દરમ્યાન આકાશમાર્ગે બુદ્ધ લંકામાં આવ્યા હતા ત્યારે આ શિખર ઉપર એમણે પગ મૂક્યો હતો તેની આ છાપ છે.

બૌદ્ધ ધર્મની દૃષ્ટિએ કૅન્ડીનું પણ ઘણું મહત્ત્વ છે. બૌદ્ધ ધર્મી સિંહલ રાજવંશનું એ છેલ્લું પાટનગર હતું, અહીં ઘણાં બૌદ્ધ દેવાલયો છે, જેમાંના એક દેવાલયમાં બુદ્ધ ભગવાનનો દાંત–'દંતધાતુ' સોનાની પેટીમાં સુરક્ષિત રીતે જાળવી રાખેલો છે. દર વર્ષે ઑગસ્ટ મહિનામાં પંદર દિવસ સુધી આ અવશેષને ધામધૂમથી શહેરના જુદા-જુદા માર્ગો ઉપર ફેરવવામાં આવે છે. આ ધાર્મિક પરિક્રમા 'પેરહેર' તરીકે જાણીતી છે. આ પખવાડિયા દરમ્યાન રોજ રાત્રે અસંખ્ય દીવાઓના ઝગમગતા પ્રકાશમાં સાઠથી સિત્તેર અલંકૃત હાથીઓની લાંબી કતાર દેવાલયમાંથી નીકળી તોરણોથી શણગારેલા શહેરના જુદાજુદા માર્ગો પર પરિભ્રમણ કરે છે. એ વખતે ભાવિક જનસમુદાય કુતૂહલ-પ્રેરિત પ્રેક્ષકો માર્ગની બંને બાજુ કલાકો પહેલાં ગીચોગીચ ગોઠવાઈ જાય છે. કૅન્ડીનું વિશિષ્ટ લોકનૃત્ય કરનાર મંડળીઓ, દેવાલયના આશ્રિતો અને ભક્તો પણ આ સરઘસમાં જોડાય છે. આખા સરઘસને એક સ્થળેથી પસાર થતાં લગભગ બે કલાક લાગે છે. આ પેરહેર લંકાના પ્રજાજીવનનું એક અનોખું દૃશ્ય છે. લાગલાગટ પંદર દિવસ સુધી થતા રહેતા આ ભવ્ય ઉત્સવમાં જૂના રજવાડી ઠાઠ અને પ્રજાની ધાર્મિક શ્રદ્ધાનાં દર્શન થાય છે. આ દિવસોમાં સમગ્ર દેશમાંથી ભાવિકો કૅન્ડીની યાત્રાએ આવે છે. પરદેશી પ્રવાસીઓ પણ આ દૃશ્ય જોવા માટે મહિનાઓ અગાઉથી ખાસ વ્યવસ્થા કરાવી લે છે.

આવી ધાર્મિક યાત્રાના પ્રસંગે અંગત સંકલ્પો પરિપૂર્ણ કરવાની પ્રથા પણ સામાન્ય જનતામાં પ્રચલિત છે. આવા સંકલ્પો મોટે ભાગે ફળફૂલ કે પાનસોપારીની ભેટ પૂરતા મર્યાદિત હોય છે, પરંતુ કેટલીક વખત વધારે કઠિન સંકલ્પો પણ જોવા મળે છે. કેટલાક ભક્તો અંગારા ઉપર ઉઘાડા પગે ચાલવાની માનતા રાખે છે, કેટલાક વળી શરીરમાં લોખંડની આંકડીઓ ખોસી એના આધારે દોરડા ઉપર લટકીને અગર તો એ આંકડીને જોડેલું વાહન ખેંચીને યાત્રાના સ્થળ સુધી આવે છે. અલબત્ત, આવી માનતા જૂજ વ્યક્તિઓ જ કરે છે, પરંતુ એનું ઘણું ગૌરવ છે અને એથી ગામના ઘણા લોકો આ વ્યક્તિને આદરપૂર્વક



સિગિરિયનાં ભીંતચિત્રોમાંનું એક મનોહર ઉદાહરણ. એની ચિત્રણામાં દક્ષિણ ભારતની પલ્લવ અને ચોળ શૈલીની અસર છે. સમગ્ર લંકામાં માત્ર સિગિરિયમાં જ જોવા મળતાં આ અદ્વિતીય ભીંતચિત્રોને ગયે વર્ષે કોઈ હેવાફૂટાએ નુકસાન કર્યાનું જાણવા મળ્યું છે.



આદમ્સ પીક. ૭૩૬૫ ફૂટ ઊંચા આ શિખર ઉપરની એક પદછાપને ભાવિક બૌદ્ધ ભગવાન બુદ્ધનું પગલું ગણી એને 'શ્રીપાદ' કહે છે. સૂર્યોદય સમયે ૪૦ માઈલ સુધી પડછાયો પ્રસારતા આ શિખરના દુર્ગમ ચઢાણને સરળ બનાવવા તેના પર ઘણી સગવડો કરેલી છે.

યાત્રાના સ્થળ સુધી સાથ આપે છે. પચાસ માઈલ જેટલે દૂરથી આવું આકરું કષ્ટ વેઠીને પણ ભાવિકો પોતાની માનતા પૂરી કરે છે.

બૌદ્ધ ધર્મમાં આવી બાધા-આખડી રખાતી નથી પણ અહીંના બૌદ્ધ ધર્મમાં તાંત્રિક હિંદુધર્મની એ અસર દર્શાવે છે. અહીંના બૌદ્ધ દેવળોમાં હિંદુ દેવદેવીઓની મૂર્તિઓ હોય. છે. કેન્ડીમાં પણ હિંદુ મૂર્તિઓ છે, અને 'પેરહૅર'માં હિંદુ દેવદેવીઓને અનોખું સ્થાન અપાય છે. એમ કહેવાય છે કે આ ધાર્મિક પરિક્રમણ મૂળ તો હિંદુ દેવદેવીઓનું જ હતું, પણ આગળ જતાં બુદ્ધના અવશેષને એમાં સામેલ કરી આખી ક્રિયાને બૌદ્ધ સ્વાંગ આપવામાં આવ્યો છે. અહીંના બૌદ્ધ લોકો અગ્રગણ્ય હિંદુ ધર્મસ્થળોની યાત્રા પણ અચૂક કરે છે. આવું એક પ્રખ્યાત હિંદુ મંદિર કતરગમમાં છે. ત્યાંના ઇષ્ટદેવ કાર્તિકેય કે સ્કન્દ છે. ભાવિક બૌદ્ધ લોકો એની યાત્રા પણ અનિવાર્ય ગણે છે.

ભારતની સામાન્ય પ્રજા પેઠે જ અહીંના લોકો પણ શ્રદ્ધાળુ અને રૂઢિચુસ્ત છે. જ્યારે અહીંના ઉચ્ચ વર્ગમાં પાશ્ચાત્ય રહેણીકરણીનું અનુકરણ ભારત કરતાં પણ વધારે જણાય છે. જો હવે તેમનામાં પણ સ્વદેશીની ભાવનાએ જોર પકડયું છે, અને સિંહલ ભાષા તથા રાષ્ટ્રીય પોશાક વિષે રાજકીય નેતાઓ આગ્રહ સેવતા થયા છે.

દક્ષિણ ભારતમાં પહેરાય છે તેવી લુંગી અને પહેરણ એ અહીંનો રાષ્ટ્રીય પોશાક છે. ગવર્નર-જનરલ પણ આ પોશાકમાં જોવા મળે. અહીંના હવામાનને આ પોશાક વધારે અનુકૂળ પણ છે પરંતુ ઉચ્ચ વર્ગના લોકો ઘણા હજી પાશ્ચાત્ય પોશાક પસંદ કરે છે.

બીજી બાજુ ધાર્મિક ક્રિયાઓનું મહત્ત્વ વધ્યું છે. ઉદ્ઘાટન કે ખાતમુહૂર્ત જેવા પ્રસંગે થતા વિધિ, કે પારાયણ અને જપજાપ વગેરે પણ હવે ધ્યાન ખેંચે છે. એક પ્રસંગે મુખ્ય પ્રધાનના નિવાસસ્થાને સળંગ જાપ યોજવામાં આવ્યા હતા અને સમસ્ત જનતાને ત્યાં જવાની છૂટ હતી. જન્મથી જ પાશ્ચાત્ય રહેણીકરણીવાળા કુટુંબમાં ઉછરેલા, અને આંગ્લ સંસ્કૃતિના એક સ્તંભ જેવી કૅમ્બ્રિજ વિદ્યાપીઠના સ્નાતક, અપરિણિત મુખ્ય પ્રધાન ડડ્લી સેનાનાયકને ત્યાં, તે પંદર વર્ષ પહેલાં, કોઈ માની પણ ન શકે એવી બીના છે.

જેમના હાથમાં સમાજની નેતાગીરી હતી. એ જમીનદાર વર્ગ આંગ્લ સંસ્કૃતિનું એટલી હદ સુધી અનુકરણ કરતો કે એમનાં બાળકોની કેળવણી અને ઘરનો બધો વ્યવહાર અંગ્રેજીમાં થતો. માત્ર નોકરો સાથે વાતચીતમાં કોઈ વખત સિંહલ ભાષા વપરાતી, અને તે પણ ઘણા તોછડા અને અશુદ્ધ રૂપમાં. શિષ્ટ ભાષા તરીકે આ વર્ગમાં સિંહલ ભાષાની તે સમયે કંઈ જ ગણતરી ન હતી.



'શ્રીપાદ'ના રક્ષણાર્થે ઊભી કરેલી છાપરી. દર વર્ષે કષ્ટ વેઠી હજારો બૌદ્ધ યાત્રીઓ એનાં દર્શનાર્થે આવે છે.

અત્યાર સુધીના લંકાના બધા જ મુખ્ય પ્રધાનો અને ગવર્નર જનરલોને જીવનની પ્રેરણા સિંહલની જનેતા સંસ્કૃત કે પાલિમાંથી નહિ, પરંતુ લૅટિન અને ગ્રીકમાંથી મળેલી છે. ખ્રિસ્તી પાદરીઓના આશ્રયે ચાલતી શાળાઓમાં કેળવણી લેવાથી બાઈબલનું તેઓને તલસ્પર્શી



ઉપર: જંગલ વચ્ચે વસતા લંકાના ગામડાનું એક લાક્ષણિક દૃશ્ય. એમનાં ઘર ગારમાટીનાં અને નળિયે છાયાં હોય છે. જંગલમાં હોવા છતાં સારી માર્ગ-વ્યવસ્થાને કારણે આ ગામડાં નજીકનાં શહેરો સાથે જોડાએલાં રહે છે. સિંહલ ગ્રામવાસીઓ આનંદી, સંતોષી અને બહુ આળસુ ગણાય છે. નીચે: લંકાની નદીઓ મોટી નથી ને વૃક્ષરાજિથી શોભિત એનો કિનારો મોટે ભાગે રેતાળ હોઈ એમાં મોટાં વહાણો ચાલી શકતાં નથી. પણ આમાંની કેટલીક નદીઓ નહેરો વડે એક બીજી સાથે જોડાએલી હોઈ નાની હોડીઓ દ્વારા અવરજવર થઈ શકે છે.





લંકાના આદિવાસી વેદ્દા. એનો અર્થ થાય છે શિકારી. સ્વભાવે ઋજુ અને શાંત આ વનવાસી કોમ તીરકામઠાં વડે બહુ સિફતથી શિકાર કરી જાણે છે, પણ હવે તો માત્ર પરદેશી પ્રવાસીઓને વેચવા માટે જ તેઓ તીરકામઠાં બનાવે છે અને પોતે જૂની બંદૂકો વાપરે છે. આજે શુદ્ધ વેદ્દા તો બહુ અલ્પ સંખ્યામાં જ રહ્યા છે.

જ્ઞાન હતું. અંગ્રેજી ભાષા ઉપરનો તેઓનો કાબૂ અંગ્રેજોની સાથે હરીફાઈ કરી શકે એવો હતો. સ્વાતંત્ર્ય પછી પણ લગભગ આઠ વર્ષ સુધી આ પરિસ્થિતિ ચાલુ રહી. પણ ૧૯૫૬માં એમાં અણધાર્યો પલટો આવ્યો. અંગ્રેજીથી અજ્ઞાત એવા અસંખ્ય લોકોએ, બૌદ્ધ ભિખ્ખુઓની પ્રેરણાથી આંગ્લ સંસ્કૃતિ અને એના મુખ્ય સાધનરૂપ કેળવણીક્ષેત્રે ખ્રિસ્તી મિશન અને એવાં બીજાં અંગ્રેજી ભાષાને જોરે ટકી રહેલાં સ્થાપિત હિતોને મતના પ્રભાવથી સજ્જડ હાર આપી. આ પછી સિંહલ ભાષા, રાષ્ટ્રીય પોશાક અને બૌદ્ધ ધર્મનું ગૌરવ વધ્યું, અને કેટલાક પ્રસંગોએ તો એણે ઝનૂની સ્વરૂપ પણ લીધું. સમાજવાદી પક્ષો ૧૯૬૫ સુધી એટલે કે નવ વર્ષ સત્તા ઉપર રહ્યા તે દરમ્યાન હારેલા રૂઢિચુસ્ત પક્ષમાં પણ પરિવર્તન થયું. મતદાન માટે સિંહલ ભાષા તથા બૌદ્ધ ધર્મની અગત્ય સમજવાથી રાજકીય પક્ષો એકબીજા સાથે તેના તારણહાર તરીકે હરીફાઈમાં ઊતર્યા, અને લંકામાં સિંહલ ભાષા તથા બૌદ્ધધર્મની પ્રતિષ્ઠા એકદમ વધી ગઈ. આમ, મુખ્ય પ્રધાન ડડ્લી સેનાનાયકને ત્યાં લાગલાગટ ત્રણ દિવસ સુધી ધાર્મિક પારાયણ ચાલે, તેની પાછળ ધર્મ પ્રત્યેની અંગત અભિરુચિ કરતાં રાજકીય પરિબળોનો પ્રભાવ વધારે કારણભૂત કહી શકાય. બીજી બાજુ એમ પણ કહેવું જોઈએ કે ૧૯૫૬માં સમાજવાદી પક્ષો જે આંગ્લ સંસ્કૃતિ-વિરોધી ચળવળને જોરે સત્તા ઉપર આવ્યા તેની નેતાગીરી પણ આંગ્લ સંસ્કૃતિની પ્રેરણા નીચે વિકાસ પામેલી વ્યક્તિઓના હાથમાં જ હતી. ૧૯૫૬માં મુખ્ય પ્રધાન થયા તે સદ્‌ગત સોલોમન બંડારનાયક ઑક્સફર્ડના સ્નાતક અને બૅરિસ્ટર હોવા ઉપરાંત લૅટિન ભાષાના અભ્યાસી હતા. એમની હત્યા પછી એમને સ્થાને આવેલાં તેમનાં પત્ની શ્રીમતી સિરિમાવો બંડારનાયક ભલે વિદ્યાપીઠ સુધી ગયાં ન હતાં, પરંતુ કૉન્વેન્ટ શાળાની કેળવણી અને સમૃદ્ધ જમીનદારને ત્યાં પાશ્ચાત્ય પદ્ધતિથી વિતાવેલા બાળપણને પ્રતાપે તેમની પ્રેરણા પણ પાશ્ચાત્ય સંસ્કૃતિમાં જ હતી એમ કહી શકાય. ૧૯૬૫માં તેમના પક્ષની હાર થઈ ત્યારથી તેઓનું સ્થાન હવે વિરોધ પક્ષના નેતા તરીકેનું છે, પાશ્ચાત્ય સંસ્કૃતિમાં મૂળ હોવા છતાં તેમના પક્ષની નીતિ પ્રમાણે તેઓ સિંહલ ભાષા અને સિંહલ સંસ્કૃતિની ખાસ તરફેણ કરે છે, અને અંગ્રેજી ભાષા સામે જેહાદ ચલાવે છે.

લંકાનો આર્થિક વિકાસ પાશ્ચાત્ય અસર નીચે થયો છે. જૂની કૃષિ વ્યવસ્થાના ભોગે પરદેશી પેઢીઓએ ચા, રબર અને નાળિયેરનાં વાવેતરની મોટી જાગીરો ઊભી કરી તેની નિકાસ વધારી દીધી. બીજી બાજુ અનાજનું ઉત્પાદન ઘટતું ચાલ્યું. પરંતુ નિકાસની ઊપજમાંથી

સ્વચ્છ ત્વચા, નમણો ચહેરો, મોટી આંખો અને રેશમી વાળવાળી સિંહાલી યુવતી (નીચે પહેલી છબિ). કહેવાય છે કે સિંહલ યુવાનો વધુ સુંદર હોય છે. બંને લાંબા વાળ રાખે છે અને એકસરખાં ઉત્તરીય ઓઢે છે. વચ્ચે: લંકાનું ડાંગરનું વાવેતર. લંકાના પૂર્વ કિનારે એ માટે પૂરતો વરસાદ થતો નથી, પણ સદીઓ જૂનાં જળાશયોમાંથી સિંચાઈ દ્વારા એમને જોઈતું પાણી મળી રહે છે. (જમણી બાજુ) ચાનો બગીચો. લંકાની એ એક મુખ્ય પેદાશ છે. નુવરએલિયમાં થતી ચા ઉત્તમ ગણાય છે. પોણી સદી પહેલાં અહીં કૉફીની મુખ્ય પેદાશ હતી, પણ રોગચાળાને કારણે એ સમગ્ર ખેતી નાશ પામતાં હવે ચાનું વાવેતર થાય છે અને લંકા એમાંથી ઘણું રળે છે.












સિંહલ રાજવંશની છેલ્લી રાજધાની કૅન્ડીમાં આવેલું આ બુદ્ધમંદિર (જમણી બાજુ) એમાં જળવાએલા ભગવાન બુદ્ધના એક દાંત–'દંતધાતુ'ને કારણે બૌદ્ધ સમાજમાં ઘણું જ પવિત્ર ધામ મનાય છે, પરંતુ કલાકૌશલની દૃષ્ટિએ એના પ્રવેશદ્વાર (ડાબી બાજુ) સિવાય મંદિરમાં ખાસ કશું લાક્ષણિક નથી. પાલી અને સંસ્કૃત ભાષામાં લખાએલાં કેટલાક મૂલ્યવાન પ્રાચીન ગ્રંથોનો અહીં સારો સંગ્રહ છે.

અનાજ આયાત કરવાની નીતિ પરદેશી પેઢીઓના લાભમાં હતી. આ બધું લડાઇનાં વર્ષો દરમ્યાન અને ત્યાર પછી પણ ઠીકઠીક નભી ગયું. પરંતુ લંકાની વસતિ તો વધતી જ ગઈ અને દુનિયાના અન્ય દેશોમાં ચાનું ઉત્પાદન પણ વધ્યું તેથી નિકાસના ભાવ બેસી ગયા અને બીજી બાજુ આયાતના ભાવ તો વધતા જ ગયા. લંકા માટે આ આયાત અનિવાર્ય હોવાથી આ બોજો તેને ઉઠાવવો પડ્યો. પરિણામે જે આર્થિક કટોકટી સર્જાઈ તેનો સામનો આજે લંકા કરી રહ્યું છે.

આર્થિક કટોકટીને લીધે લંકામાં આજે કેટલાક મૂળભૂત ફેરફારો થઈ રહ્યા છે. વધુ અનાજ-ઉત્પાદનની તેમજ સ્થાનિક ઉદ્યોગોને ઉત્તેજન આપવાની નીતિ પણ જોરદાર બની છે. કાપડની મિલો અસ્તિત્વમાં આવી છે અને હાથશાળનું ઉત્પાદન પણ વધ્યું છે. કાપડની અનાજની તથા અન્ય ખાદ્ય પદાર્થોની આયાત ઉપર કાપ મૂકવામાં આવ્યો છે. મોટર તથા મોજશોખની આયાત ઉપર લગભગ સંપૂર્ણ પ્રતિબંધ છે. મુશ્કેલી હોવા છતાં લંકાની વ્યક્તિગત આવક ભારત કરતાં લગભગ બમણી છે, અને જીવનધોરણ ઊંચું છે. પરંતુ આ સમૃદ્ધિ હવે ભયમાં છે, કારણ કે અહીં યાંત્રિક વિકાસ ભારતની સરખામણીમાં નહિ જેવો છે, અને ખેતપેદાશ ઉપર જ આવી સમૃદ્ધિ લાંબો સમય ટકી શકે નહિ. ઔદ્યોગિક પ્રગતિને કારણે આજે હિંદ લંકાને અનેક ક્ષેત્રમાં સહાયક થઈ શકે એમ છે.

સિંહલ ભાષા કર્ણપ્રિય છે. સંસ્કૃતની જેમ એ સ્વરાન્ત અવયવોવાળી હોવાથી, અને તત્સમ્ સંસ્કૃત શબ્દોથી ભરપૂર હોવાને લીધે એ ભાષા સાંભળતાં, સંસ્કૃત સાંભળવાનો ભાસ થાય છે. લિપિ દક્ષિણ હિંદની દ્રવિડ ભાષાઓને મળતી લાગે છે, છતાં મૂળાક્ષરો તો સંસ્કૃતના જ છે. વળી તમીળ કે તેલુગુ ભાષાની લિપિ કરતાં તે





લંકાના પાટનગર કૉળંબ-કૉલંબોનાં બે દશ્યો. (ચિત્રો સીલોનના માહિતીખાતા તથા 'સીલોન ઑબ્ઝર્વર'ના સૌજન્યથી)



કૅાળમ્બ-કૉલંબોના પેટ્રાહ નામક એક વિસ્તારમાંનાં બે હિંદુ મંદિરોમાંનું એક. વિવિધ પ્રાણીઓ અને દેવદેવીની પ્રતિમાઓના શોભનથી ખચિત એના સ્થાપત્યમાં દક્ષિણ ભારતની તમીળ બાંધણીની સ્પષ્ટ અસર જણાય છે. અહીં વસતા તમીળ-હિંદુઓનું એ દેવસ્થાન છે.

ધારે મરોડદાર અને સુંદર લાગે છે. સિંહલ લિપિ વાંચી શકાય તો ગુજરાતી જાણનાર માટે અર્થ સમજવામાં ઝાઝી મુશ્કેલી જણાતી નથી સામેના પાના પર સિંહલ લિપિમાં આપેલું લંકાનું રાષ્ટ્રગીત ગુજરાતી મૂળાક્ષરોમાં જોવાથી આ મુદ્દાઓ સ્પષ્ટ થશે.

ગુજરાતીમાં સામાન્યતઃ અંતમાં મૂકેલા વ્યંજનનો ઉચ્ચાર સ્વર-રહિત હોય છે. જેમ કે, 'ઉચ્ચાર્' 'રહિત્' વગેરે. સંસ્કૃતમાં 'રહિત' સ્વરાન્ત છે. સિંહલમાં પણ છેવટના વ્યંજન પછી સ્પષ્ટ રીતે સ્વરનો ઉચ્ચાર થાય છે. 'અપ' ખરી રીતે અ+પ્+અ છે અને સિંહલમાં તેનો ઉચ્ચાર ગુજરાતી રીતે નહિ, પરંતુ સંસ્કૃત રીતે કરવાનો છે. ગીતમાં આપેલા દરેક શબ્દમાં છેવટનો વ્યંજન આ રીતે જોવાનો છે, સિવાય કે ખાસ સંજ્ઞા દ્વારા છેવટના સ્વરનો અભાવ બતાવ્યો હોય. જેમ કે 'નેકમલ્'માં છેવટના સ્વરનો અભાવ છે.



ભગવાન બુદ્ધના દંત અવશેષની વાર્ષિક યાત્રા–પેરહેરનું તો સિંહલ પ્રજામાં ઘણું જ મહત્ત્વ છે. સંખ્યાબંધ અલંકૃત હાથીઓ સાથે નીકળતી આ યાત્રાના પ્રસંગે સમગ્ર સિંહાલી પ્રજાજીવનનો ખયાલ મળી શકે છે. આ પ્રસંગે પોતાની માનતા પૂરી કરવા ભાવિકો અનેક કષ્ટો વેઠી દેશના દૂરદૂરના ખૂણેથી કૅન્ડીમાં એકઠા થાય છે. (ફોટો : સીલોનના માહિતીખાતાના સૌજન્યથી)

સિંહલ ભાષામાં સ્વરોચ્ચારમાં બીજી પણ કેટલીક ખાસિયતો છે. સિંહલમાં 'અ'નો ઉચ્ચાર ગુજરાતી 'અ' અને 'આ'ની વચમાં હોય તેવો છે. જેમ કે સિંહલ લિપિમાં લખાતું 'નુવરએલિય' ઉચ્ચારમાં 'નુવારાએલિયા' જેમ બોલાય છે. હિંદુઓનું યાત્રાનું સ્થળ સિંહલ લિપિમાં 'કતરગમ' હોવા છતાં ઉચ્ચારમાં 'કાતારગામા' અથવા ટૂંકમાં 'કાત્રગામા' જેવું લાગે છે. આ લેખમાં આપેલાં નામો સિંહલ લિપિ પ્રમાણે આપ્યાં છે, અને સિંહલમાં તેનો ઉચ્ચાર ગુજરાતી ઉચ્ચાર કરતાં ઘણો જુદો છે એ ધ્યાનમાં રાખવાની જરૂર છે.

આજે સિંહલ ભાષામાં પણ ક્રાંતિ થઈ રહી છે. સુશિક્ષિત વર્ગમાં અંગ્રેજી સાથે ગ્રીક અને લૅટિનનો અભ્યાસ કરવામાં આવતો. સિંહલ ભાષા સંસ્કૃત અને પાલિમાંથી ઊતરી આવી છે. એટલે લંકામાં અંગ્રેજી જાણનાર વર્ગ માટે સંસ્કૃત અને પાલિના આધાર વગર સિંહલ ભાષાનું તલસ્પર્શી જ્ઞાન મેળવવાનું મુશ્કેલ હતું. પાશ્ચાત્ય સંસ્કૃતિની અસર નીચે ઉપેક્ષિત થવાથી વ્યવહારમાં વપરાતી સિંહલ ભાષા અશુદ્ધ તેમજ તોછડી બની ગએલી. માત્ર બૌદ્ધ ભિખ્ખુઓમાં અને આયુર્વેદિક વૈદ્યોમાં તે શુદ્ધપણે ટકી રહી, પરંતુ આ વર્ગ પાશ્ચાત્ય અસરથી અલિપ્ત રહ્યો, અને તેથી ભાષાનું દૃષ્ટિબિંદુ સંકુચિત બન્યું. પણ સ્વાતંત્ર્ય પછી લોકમતને આધારે આવેલી સામાજિક ક્રાંતિમાં સિંહલ ભાષાની અગત્ય એકદમ વધી ગઈ, અને ગણ્યાગાંઠ્યા પાલિ અને





સિંહાલી બાળાઓનું લોકનૃત્ય અને નુવરએલિયના વિખ્યાત બગીચાનું એક દશ્ય (બંને ચિત્રો સીલોનના માહિતીખાતાના સૌજન્યથી)

ජාතික ගීය "ශ්‍රී ලංකා මාතා"

රාගය—යමන් කල්‍යාණි

තාලය—කෙහෙර්වා

ශ්‍රී ලංකා මාතා—අප ශ්‍රී ලංකා—නමෝ නමෝ නමෝ නමෝ මාතා//

සුන්දර සිරි බරිනී සුරැඳි අති සෝබමාන ලංකා

ධාන්‍ය ධනය නෙක මල් පලතුරු පිරි ජය භූමිය රම්‍යා

අප හට සැප සිරි සෙත සදනා—ජීවනයේ මාතා

පිළිගනු මැන අප භක්ති පූජා නමෝ නමෝ මාතා//

ඔබ වේ අප විද්‍යා—ඔබමය අප සත්‍යා—

ඔබ වේ අප ශක්ති—අප හද තුළ භක්ති

ඔබ අප ආලෝකේ—අපගේ අනුප්‍රාණේ

ඔබ අප ජීවන වේ—අප මුක්තිය ඔබ වේ

නව ජීවන දෙමිනේ—නිතින අප පුබුදු කරන් මාතා//

ඥාන වීර්‍ය වඩවමින රැගෙන යනුමැන ජය භූමි කරා

එක මවකගෙ දරු කැළ බැවිනා—යමු යමු වී නොපමා

ප්‍රේම වඩා සැම භේද දුරැර ද—නමෝ නමෝ මාතා//

අප ශ්‍රී ලංකා—නමෝ නමෝ නමෝ නමෝ මාතා//

લંકાનું રાષ્ટ્રગીત 'જાતિક ગીય' સિંહલ અને ગુજરાતી લિપિમાં. તેના ઉચ્ચાર અને જોડણી સિંહલ છે. સિંહલ ભાષા અને સંગીત પર ભારતની કેટલી અસર છે એ એના પરથી જોઈ શકાશે. અને એની વળાંકદાર લિપિ પણ દેખાય છે એટલી અઘરી નથી. સીલોનના રેડિયો કાર્યક્રમને અંતે એ કાયમ ગવાતું હોઈ એનો રાગ પણ ઘણાને પરિચિત હશે.

જાતિક ગીય 'શ્રી લંકા માતા'

રાગય—યમન્ કલ્યાણિ

તાલય—કેહેર્વા

શ્રી લંકા માતા – અપ શ્રી લંકા – નમો નમો નમો નમો માતા ।।
સુન્દર સિરિ બરિની સુરૅન્દિ અતિ સોભમાન લંકા
ધાન્ય ધન નેક મલ્ પલતુરુ પિરિ જય ભૂમિય રમ્યા
અપ હટ સૅપ સિરિ સેત સદના – જીવનયે માતા
પિળિગનુ મૅન અપ ભક્તી પૂજા નમો નમો માતા ।।

ઓબ વે અપ વિદ્યા – ઓબમય અપ સત્યા
ઓબ વે અપ શક્તી – અપ હદ તુળ ભક્તી
ઓબ અપ આ લોકે – અપગે અનુપ્રાણે
ઓબ અપ જીવન વે – અપ મુક્તિય ઓબ વે
નવ જીવન દેમિને – નિતિન અપ પુબુદુ કરન્ માતા ।।

જ્ઞાન વીર્ય વડવમિન રૅગેન યનુમૅન જય ભૂમિ કરા
એક મવેકુગે દરુ કૅળ બૅવિના – યમુ યમુ વી નોપમા
પ્રેમ વડા સૅમ ભેદ દુરૅર દા – નમો નમો માતા ।।
અપ શ્રી લંકા – નમો નમો નમો નમો માતા ।।

સંસ્કૃતના વિશારદોએ સિંહલ ભાષામાં મોટે પાયે ભદ્રંભદ્રતા પેસારી. સુપ્રિમ કૉર્ટ માટે 'શ્રેષ્ઠાધિકરણય' અને ઈન્ટર્નલ ઑડિટર માટે 'અભ્યન્તર ગણન પરીક્ષક' જેવા અસ્વાભાવિક પ્રયોગો થવા લાગ્યા. એના કરતાં અંગ્રેજી ઉપરથી સિંહલ ભાષાના ઉચ્ચારને અનુરૂપ થએલાં રૂપાંતરો જેવાં કે 'દેપાર્તમેન્તુવ' (ડિપાર્ટમેન્ટ), 'રેલ્લુવક્ક (રેલવે) વગેરે વધારે અનુકૂળ જણાય છે.

શબ્દરચના ઉપરાંત જોડણી અને વ્યાકરણના ઉપયોગ વિષે પણ આજે સિંહલ ભાષામાં તીવ્ર મતભેદ પ્રવર્તે છે. એક બાજુથી શુદ્ધ શાસ્ત્રમાન્ય પ્રયોગો માટે આગ્રહ સેવવામાં આવે છે, જ્યારે બીજી તરફ જે કંઈ વપરાશમાં હોય તે બધું જ સ્વીકારી લેવાની ભલામણ થાય છે. ભાષાઘડતરમાં વિવિધ પરિબળોના સંઘર્ષનો અભ્યાસ કરવો હોય તો ભારતની કોઈ પણ ભાષા કરતાં લંકાની સિંહલ ભાષા વધારે વિસ્તૃત ક્ષેત્ર પૂરું પાડી શકે તેમ છે.



સિરિમાવો બંડારનાયક અને ડડ્લી સેનાનાયક
લંકાના આજના રાજકારણની બે પ્રભાવક વ્યક્તિ

લંકામાં અનુરાધપુરમાં બોધીવૃક્ષ અને વિહારો, પૉળોન્નરુવમાં ખંડેરો, સિગિરિયનાં અજંટા જેવાં ભીંતચિત્રો અને જૂનો કિલ્લો, મહનુવર (કેન્ડી)નાં બૌદ્ધ દેવાલયો અને બુદ્ધ ભગવાનનો દંતધાતુ અવશેષ તથા અન્ય અનેક નાનાંમોટાં સ્થળોમાં ભારતની પ્રાચીન પરંપરા જોવા મળે છે. અમુક પ્રદેશો બાદ કરતાં આખા દેશમાં બારે માસ થોડો વરસાદ પડતો હોવાથી આંખને તૃપ્ત કરે એવી હરિયાળી અહીં સર્વત્ર જોવા મળે છે. એના પર્વત-પ્રદેશમાં બારે મહિના વહેતાં ઝરણાં અને દેશના અખંડિત દરિયાકિનારાનું પ્રાકૃતિક સૌન્દર્ય પણ અજબ છે. કાચના તળિયાવાળી હોડીમાંથી હિક્કડુવ પાસે પરવાળાંના ખડકોમાં દરિયાનો વિશિષ્ટ પ્રાણીસમુદાય જોવો એ પણ એક અનેરો લહાવો છે. કૉળમ્બ (કૉલમ્બો)નું પ્રાણી સંગ્રહસ્થાન અને મહનુવર પાસે પેરાદેણિયમાં લગભગ બધા જ પ્રકારની વનસ્પતિ ધરાવતો ઉદ્યાન (બૉટનિકલ ગાર્ડન) તો ખાસ જોવા જેવાં છે.

પ્રાચીન સંસ્કૃતિ સાથે યાંત્રિક પ્રગતિ અને આધુનિક વાહનવ્યવહારનો સુમેળ સાધવા કટીબદ્ધ થએલી લંકાની પ્રજા દક્ષિણ એશિયામાં એક અનોખી ભાત પાડે છે.

સાહિત્યસંપર્ક

ગુજરાતની બૃહદ અને બહુરંગી નકશાપોથી

Gujarat Census Atlas

ઈ. સ. ૧૯૬૧માં થએલી ભારતની વસતિગણતરી સાથે પ્રજાજીવનનાં અન્ય અનેક ક્ષેત્રોની મોજણી પણ કરવાનું હાથ ધરાએલું. એ ક્ષેત્રમાં ગુજરાત રાજ્યની કચેરીએ ભારતભરમાં વિશિષ્ટ અને વિસ્તૃત કાર્ય કર્યું છે એની નોંધ ગૌરવ સાથે લેવી જોઈએ. આજ સુધીમાં એમાં ગુજરાતના મેળા અને ઉત્સવો, ખંભાતનો અકીક-ઉદ્યોગ, ગુજરાતનું કાષ્ઠશિલ્પ, મગદલ્લા બંદર; કપડવણજનો સાબુ તથા કાચનો ઉદ્યોગ, ભરૂચનો સુજની-વણાટ પાટણનો મશરૂ-વણાટ આદિ નાનાવિધ પ્રકારના પચ્ચીસેક અહેવાલો (કેટલાક તો સચિત્ર મહાગ્રંથ રૂપે) બહાર પડ્યા છે, તેમાં ૨૦૮ નકશાનો અંગ્રેજી ગ્રંથ Gujarat-Census Atlas (Census of India-1961, Vol. V Part IX) એક અતિ ઉપયોગી પ્રકરણ ઉમેરે છે. અને એ અતિ ચોકસ ને શ્રમસાધ્ય કાર્ય હોઈ સર્વથા આવકારપાત્ર છે. આપણે ત્યાં નકશાલેખનની કળાનો વિકાસ હજી પૂરતા પ્રમાણમાં થયો નથી અને એથી એ પ્રકારનું કામ કરનાર માણસોની બહુ જ ખેંચ હોવા છતાં આ ખાતાના કેન્દ્રીય દફતરની સહાય-સૂચના સાથે લભ્ય માણસોના ઉત્સાહ અને મહેનતથી આ કાર્ય જે રીતે પાર પડ્યું છે એનો યશ એમાં કામ કરનારા સૌ કર્મચારીઓ તથા આ ખાતાના ગુજરાત વિભાગના સુપરિન્ટેન્ડેન્ટ શ્રી આર. કે. ત્રિવેદીને જરૂર ઘટે છે.

આ ગ્રંથમાં ગુજરાતના ભૌગોલિક સ્થાનથી આરંભી ગઈ કાલના અને આજના (એટલે કે આ મોજણી થઈ ત્યારના) ગુજરાતના રાજકીય અને વહીવટી વિભાગો, ગુજરાતનું ભૂસ્તર, એની વન તેમજ ખનિજ સંપત્તિ, એનાં તેલક્ષેત્રો, એનો વાર્ષિક વરસાદ, એની સિંચાઈ, જમીનના પ્રકાર, અનાજ, કઠોળ ને તેલીબિયાંની પેદાશ, ગુજરાતની કુલ વસતિ, તેની પ્રદેશવાર ગીચતા, એની જાતિઓ, સ્ત્રી-પુરુષોનું પ્રમાણ, એમનામાં કેળવણીનું પ્રમાણ, કામ કરી શકે તે ઉમરના લોકોનું પ્રમાણ, શહેરો અને ગામડાંનું પ્રમાણ, વાહન વ્યવહારની સગવડ અને એના પર રહેતા પ્રવાસીઓના પ્રસારાનું પ્રમાણ, વિવિધ ધર્મોનો ફેલાવો, જુદીજુદી ભાષાનો ફેલાવો, લોકોના વસવાટના પ્રકાર અને એનું પ્રમાણ, લોકોનું મરણપ્રમાણ, વસતિ દીઠ ઇસ્પિતાલની સગવડનું પ્રમાણ, ગુજરાતના હસ્તોદ્યોગ, વિવિધ ધર્મસંપ્રદાયોના ઉત્સવ-મેળા અને એનું માસવાર ને પ્રદેશવાર પ્રમાણ વગેરે દ્વારા ગુજરાતનાં અનેકવિધ પાસાંની રજૂઆત કરતા ૧૮૫ નકશા ઉપરાંત, ગુજરાતનાં છ અગ્રગણ્ય શહેરોના નકશા તથા ગુજરાતના જિલ્લાવાર નકશા મળી કુલ ૨૦૮ નકશા તેમજ એ પ્રત્યેક નકશા વિષે વિગતવાર માહિતી આપતી અલગ નોંધો એમાં આમેજ કરવામાં આવી છે.

એ તો સર્વવિદિત છે કે કોઈ પણ પ્રદેશના કોઈ પણ વિષયનાં લાંબાંલાંબાં લખાણો અને આંકડાનાં જાળાંથી કંટાળતાં મગજ અને આંખ સમક્ષ એ જ વિગતો આપતો ચિત્રાત્મક નકશો રજૂ થાય તો એક જ નજરે એ સમગ્ર પ્રદેશનો તુલનાત્મક ખયાલ સરળતાથી પામી શકાય છે. આ ઍટલાસ એક એવો જ ગ્રંથ છે. ગુજરાતના અભ્યાસ ને વિકાસમાં રસ ધરાવતા સૌકોઈને માટે એ એક અધિકૃત સંદર્ભસામગ્રી પૂરી પાડી શકે તેમ હોઈ એ માત્ર આવકાર્ય જ નહિ પણ શક્ય હોય તેમણે વસાવી લેવાની ભલામણને યોગ્ય છે. (કિં. રૂ. ૨૬-૫૦ પૈસા). એમાંનો એક નકશો નમૂના તરીકે આ અંકના માધુકરી વિભાગમાં આપ્યો છે.

ઉપર્યુક્ત ગ્રંથની ઉપયોગિતા અને લોકપ્રિયતાથી પ્રેરાઈ એમાંના બધા વિભાગોમાંથી ચૂંટીને ૫૪ નકશાની એક સંક્ષિપ્ત આવૃત્તિ Gujarat-Census Atlas (Abridged) પણ પ્રકટ કરવામાં આવી છે. મૂળ મોટા ગ્રંથની બધી જ લાક્ષણિકતા સાથેની આ સંક્ષિપ્ત આવૃત્તિની કિંમત માત્ર રૂ. ૯-૨૫ હોઈ, અસલ ગ્રંથ નહિ મેળવી શકનારને પણ લભ્ય છે.

સેન્સસ ઑપરેશનનાં આ અને અન્ય બધાં પ્રકાશનો સરકારી પ્રકાશનો વેચનારા વિક્રેતાઓને ત્યાંથી મળી શકે છે.



ચાલો દુનિયા જોવા : જાતપ્રવાસે જોએલા અનેક દેશો પૈકી ઇટલી, સ્વિટ્ઝરલૅન્ડ, જર્મની અને ફ્રાંસના પ્રકૃતિસૌન્દર્ય, ઐતિ-

શબ્દકથા : 'સગડી', 'હસંતી.'

'સગડી' અને શગડી' એમ બંને ઉચ્ચારે પ્રચલિત આ શબ્દને જોડણીકોશ 'શગ' ઉપરથી બનેલો માને છે. 'શગ' એટલે 'દીવાની જ્યોત', 'ઢગલાની ટોચનો શંકુઆકાર ભાગ.'

પણ બીજી કેટલીક શબ્દસામગ્રી જોતાં આવી અટકળ નિરાધાર ઠરે છે.

સંસ્કૃતિમાં 'શકટ' એટલે 'ગાડું'. નાની, રમકડાની ગાડી તે 'શકટિકા.' આવી માટીની શકટિકા ઉપરથી સંસ્કૃતના એક પ્રખ્યાત નાટકનું નામ પડ્યું છે 'મૃચ્છકટિક.'

'શકટિકા'નું પ્રાકૃતમાં 'સગડિઆ' થાય, અને તેનું અર્વાચીન રૂપ 'સગડી.' કોયલાના ચૂલા તરીકે કામ આપતું, નાની ગાડીના આકારનું (પૈડાંવાળું) સાધન તે 'અંગારશકટિકા'. પ્રાકૃતમાં તે 'ઇંગાલસગડિઆ' રૂપે મળે છે. 'અંગારસગડિઆ' કે 'ઇંગાલસગડિઆ'નું ટૂંકું રૂપ 'સગડિઆ', અને પછી 'સગડી', 'શગડી.'

હેમચંદ્રના 'અભિધાન ચિન્તામણિ' કોશમાં 'અંગારધાની' 'અંગારપાત્રી' અને 'અંગારશકટી' પર્યાયો તરીકે આપેલાં છે.

હેમચંદ્રે સગડી માટે આપેલા બીજા બે શબ્દ છે. 'હસન્ત' અને 'હસન્તિકા.' બંનેનો ધાત્વર્થ થાય છે. 'હસતી' કે 'હસનારી'. અંધારામાં તગતગ થતા અંગારાથી ભરેલી સગડીને 'હસંતી' કહેવામાં ઘણું ઔચિત્ય લાગશે.

જોડણીકોશે ક્શેથી 'હસંતી' શબ્દ સગડીના અર્થમાં નોંધ્યો છે ખરો, પણ 'અભિધાન ચિન્તામણિ' જેવા પ્રાચીન કોશો મૂળમાં જોવાનું બન્યું નથી લાગતું, નહિ તો 'અંગારશકટિકા' વગેરે પણ ધ્યાનમાં આવ્યા હોત.

ચોક્કસ વ્યુત્પત્તિ માટે શક્ય તેટલી પૂર્વસામગ્રી જોવી અનિવાર્ય હોય છે.

હરિવલ્લભ ભાયાણી

હાસિક ને ભૌગોલિક વિશિષ્ટતાવાળાં સ્થળો, ઉદ્યોગ-વિદ્યાનાં ધામો અને લોકસ્વભાવનો પરિચય કરાવતું બાળકોને ગમે તેવી શિષ્ટ ને પ્રાસાદિક ભાષામાં લખાએલું આ ચિત્રોથી સમૃદ્ધ પુસ્તક બાળકો માટેનાં આપણાં અલ્પ-વિકસિત પ્રવાસસાહિત્યમાં આવકારપાત્ર ગણાશે. લે૦ સૌ. કૈલાસબેન તનુભાઈ દેસાઈ, પ્ર૦ એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. મુંબઈ-૨. પૃ. ૧૦૮, કાચું પૂંઠું. રૂ. ૫-૦૦.



જાદુઈ ફુવારો

આપણે ત્યાં પણ બાળકો માટે ચિત્રમય વાર્તાનાં બહુરંગી પ્રકાશનો હવે લભ્ય થવા લાગ્યાં છે. મુંબઈના ઇંડિયા બુક હાઉસે જગજાણીતી બાળવાર્તાની 'અમર ચિત્રકથા' નામક એક શ્રેણી દ્વારા એમાં ઉમેરો કર્યો છે. 'જાદુઈ ફુવારો' એ એમાંનું પાંચમું પ્રકાશન છે. મૃત્યુને બિછાને પડેલા પિતાને બચાવવા જાદુઈ ફુવારાનું જળ લેવા જતા ત્રણ રાજકુંવરોની એમાં વાર્તા છે. ગુજરાતી ઉપરાંત, હિંદી, મરાઠી, બંગાળી, કન્નડ, તમિળ, તેલુગુ ને મળયાળમ ભાષામાં પણ એ પ્રકટ થાય છે.

બાલભોગ્ય રંગીન ચિત્રો સાથે વહેતી આ રસમદ કથાઓ માત્ર વિદેશી બાળવાર્તા પર જ આધારિત ન રહેતાં ભારતીય કથાવસ્તુ પર પણ રચાય એવી આશા સાથે આવકારવા જેવી છે. કિ. ૦-૭૫ પૈસા. પ્રાપ્તિસ્થાન: ઇંડિયા બુક હાઉસ, ૨૪૯ દાદાભાઈ નવરોજી રોડ, મુંબઈ ૧, બી. આર.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



કિશનસિંહ ચાવડા

જન્મ : વડોદરા, ૧૭ નવેમ્બર ૧૯૦૪. વડોદરામાં પ્રાથમિક અને માધ્યમિક કેળવણી લઈ ગુજરાત વિદ્યાપીઠ અને શાન્તિનિકેતનમાં અભ્યાસ કરી અમેરિકામાં પિટ્સબર્ગના કાર્નેગી ઇન્સ્ટિટ્યૂટ ઑવ ટેકનૉલૉજીમાં મુદ્રણની વિશેષ તાલીમ લીધી. વડોદરામાં 'ક્ષત્રિય' અને 'નવગુજરાત' રાષ્ટ્રીય સાપ્તાહિકનું સંપાદન. ભગતસિંહ ને મિત્રે સાથે ક્રાંતિકારી પક્ષમાં કામ. ત્રણ વર્ષ પૉંડિચેરી શ્રી અરવિંદ આશ્રમમાં રહી પૂર્ણયોગનો સમાગમ. પન્ના અને જયપુરના મહારાજાના અંગત મંત્રી તરીકે કાર્ય. વડોદરામાં સાધના પ્રેસ અને ચેતના પ્રેસનું સંચાલન. દિલ્હીમાં વિદેશ મંત્રાલયમાં સ્વ. પંડિત નેહરુ સાથે પૂર્વ આફ્રિકાની વિશેષ કામગીરી. ૧૯૬૦થી આલમોડા પાસે મીરતોલા આશ્રમમાં શાંતવાસ.

૧ સાહિત્ય એટલે?

❙ સાહિત્ય એ જીવનના પરાક્રમનો પ્રસાદ અને પરિમલ છે.

૨ ગુજરાતી સાહિત્યમાંથી કયું પાત્ર સૌથી વધારે ગમ્યું?

❙ મુનશીજીની 'ગુજરાતના નાથ'ની મંજરી. એની જીવન-જિજ્ઞાસા અદ્‌ભુત હતી. જીવનના આનંદની એ શોધક અને સાધક હતી.

૩ તમારા જીવનની શ્રેષ્ઠ ક્ષણ કઈ?

❙ હું મને પોતાને મળ્યો તે.

૪ જીવનનો સાચો ચમત્કાર શામાં છે?

❙ રૂપાન્તરની પ્રક્રિયા દ્વારા પોતાની સાચી જાતને પહોંચવામાં.

૫ સાચા ધ્યાનની તમારી અંગત વ્યાખ્યા શી છે?

❙ સમગ્રતાને સમાવી લેતું લક્ષ એ ધ્યાન. ધ્યાન એ સમગ્રતાની સંવેગશીલ ગતિ છે. મનનું સમગ્ર મૌન, ધ્યાનમાં વિધાયક સ્વરૂપે ક્રિયાશીલ રહે છે. આવા મૌનમાં ભયાનક ઉત્કટતા અને ઊંડાણ એકીસાથે હોવાથી એમાં ચેતના અસરકારક રીતે સક્રિય થાય છે. ધ્યાન એ અખિલાઈનું સંવાદી અનુસંધાન છે.

૬ ધ્યાનકૃત સ્વયં અનુભૂતિ દ્વારા જિંદગીનું મૂલ્યાંકન કરશો?

❙ જિંદગી એટલે પ્રભુનું વરદાન. ભગવાનને પામવાનું માધ્યમ. સત્યને સમગ્રમાં સાક્ષાત્ કરવાની શક્યતા. આનંદની પરમ અનુભૂતિ પામવાની ધરતી.

૭ અનંત જીવનને સત્ય સ્વરૂપે સાધી શકાય?

❙ જીવન પોતે જ અનંતતાનું અનુસંધાન છે. મૃત્યુ પોતે જ શાશ્વતીનું વાહન છે. જેમાં કાળ આપણને ખાય તે મૃત્યુની ઘડી. જેમાં આપણે કાળને ખાઈએ તે અમૃતની ક્ષણ. આ અમૃતની ક્ષણમાં જીવનપુરુષ કાળને મળી કાળપુત્ર બને છે. મરજીવો થઈ અનંત ચાત્રિકનું વરદાન પામે છે.

૮ મૃત્યુ વિષેનું તમારું મંતવ્ય આપશો?

❙ મૃત્યુ છે જ નહિ. મૃત્યુ એ નવા જીવનનો સેતુ છે. જીવનને અનંતતા સાથે સાંકળનારી જનેતા છે. મૃત્યુ દ્વારા જ અનંતતા પડખું બદલે છે. મૃત્યુને જીવી જાઓ.

કિશનસિંહ ચાવડા

નવાં પ્રકાશનો

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધીરોડ • અમદાવાદ ૧

કૃષ્ણાવતાર: ખંડ ત્રીજો–પાંચ પાંડવો: કૃષ્ણના મોહક વ્યક્તિત્વથી આકર્ષાઈ એમના સમગ્ર જીવનને આલેખતી આ મહાનવલના પ્રથમ ખંડને 'મોહક વાંસળી' બીજાને 'સમ્રાટનો પ્રકોપ' અને આ ત્રીજા ખંડને 'પાંચ પાંડવો' નામ આપવામાં આવ્યું છે. પાંડવોના હસ્તિનાપુર આગમનથી દ્રૌપદી સ્વયંવર સુધીની આ ખંડની કથામાં લેખકે અર્વાચીન દૃષ્ટિએ અનેક પ્રસંગોમાં સુધારા-વધારા ને નવા ઉમેરા પણ કર્યા છે. હજી બીજા બે ખંડો પછી પૂરી થનાર આ મહાનવલ કનૈયાલાલ મુનશીના વાનપ્રસ્થાશ્રમની કીર્તિદા કૃતિ બની રહેશે. પૃ. ૬૨૪, પાકું પૂઠું, રૂ. ૧૨.

સદાચાર: 'આ જગતની સૌથી સુંદર વસ્તુ એ યુવાન માણસનું હૃદય જ છે.' એ હૃદય કમળની પાંખડીઓ દુનિયાદારીના અનીતિ, દુરાચાર, પાખંડ ઇત્યાદિના ભ્રમરથી કલંકિત ન થાય એ માટે યુવાનોને સદાચાર-

નો બોધ આપતા આ પુસ્તકમાં બોધની નીરસતા નથી, શુષ્કતા નથી, કારણ કે લેખકની વિષય પર પકડ છે એટલી જ ભાષા પર પણ છે. સાદી સરળ ને સંવાદી છાપવાળી ભાષા, લેખકની બહુશ્રુતતાની પ્રતીતિ કરાવતાં વિષયાનુરૂપ દૃષ્ટાંતો, સચોટ કથન-શૈલી આદિને લીધે આ પુસ્તકનો નીતિબોધ પ્રેરક ને આહ્લાદક બને છે. ફાધર સી. જી. વાલેસની આ પુસ્તક પાછળની 'મિશનરી' ભાવના એમના શબ્દેશબ્દમાં રણકે છે. એ જ આ પુસ્તકની મહત્તા છે. એમાં ભાષાના શબ્દો નથી, હૃદયની વાણી છે અને એથી જ એની અસર અનેકોના હૈયાને હચમચાવી દેશે એ નિઃશંક છે. પૃ. ૧૪૫, કાચું પૂઠું, રૂ. ૨.

નવી પેઢીને: કાકાસાહેબ જેમને 'સ્વામીજી' કહે છે તે બીજા સવાઈ ગુજરાતી લેખક, ઈસાઈ ગણિતજ્ઞ કેળવણીકાર ફાધર વાલેસના વિદ્યાર્થીઓ પ્રત્યેની શુદ્ધ ને વિશાળ સહાનુભૂતિ અને નિઃસીમ પ્રેમના વાતાવરણમાં લખાએલા, 'ગુજરાત સમાચાર'માં પ્રસિદ્ધ થએલા લેખો. પૃ. ૨૫૩, પાકું પૂઠું, રૂ. ૩-૫૦.

ધૂમકેતુના તેજતણખા: સ્વ. ધૂમકેતુની અનેકાવધ ક્ષેત્રોમાં વિહરેલી સત્ત્વશીલ કલમના કેટલાક ચમકારા આ સંગ્રહમાં વિષયબદ્ધ સ્વરૂપે સંચિત કરવાનો પ્રા. પ્રકાશ ગજ્જરે સનિષ્ઠ પ્રયાસ કર્યો છે. વાર્તા, નવલકથા કે અન્ય સાહિત્ય સ્વરૂપમાં રસક્ષતિ કરતી આવી ચિંતનકણિકાઓ સ્વતંત્ર રીતે પ્રેરક નીવડે છે, એથી આ પ્રયાસ આવકાર્ય છે. સંપાદકે ચિંતનકણોને વિષયબદ્ધ કરવાનો પ્રયાસ કર્યો છે એ સાથે દરેકની મૂળ કૃતિનો ઉલ્લેખ કર્યો હોત તો સારું થાત એમ નથી લાગતું? પૃ. ૨૫૫, પાકું પૂઠું, રૂ. ૭.

ઇજન: ટાગોર, ઠાકોર કે સુંદરમ્ જેવા કવિઓની સૉનેટ કાવ્યો પર ને રાજેન્દ્ર શાહ જેવાઓની અન્ય ગીતો કાવ્યો પર અસર દર્શાવતા શ્રી ફકીર મહંમદ મનસૂરીના આ કાવ્યસંગ્રહમાં એમની પોતાની વિશિષ્ટ મુદ્રાવાળાં કાવ્યો પણ છે. મુ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી લખે છે એમ એમનાં 'નારી હે', 'શિશિરની રાત' ૧ અને ૨ આદિમાં વાસ્તવની પકડ, ભાવનાની સૂઝ અને વાણીનિબન્ધનનું કૌશલ્ય દેખાય છે. કવિની કવિતાવિષયક દૃષ્ટિ ઉછાંછળી નથી. કવિતા તેમને મન કોઈ કેવળ કસબ, વાચકને મૂઢ કરનાર કોઈ શબ્દરમત કે કલેશ આપનાર અટકચાળું નથી. એ છે માનવને વરેલી કોઈ સૂક્ષ્મ સંપત્તિ જેમાં બીજા ભાગીદાર થઈ શકે. આ સમજ એમના ભાવિ સર્જનમાં પણ એમને સહાયક થશે. પ્ર. ડૉ. ઓમાનંદ રૂ. સારસ્વત, પ્રમુખ, રૂપ સહકાર, વલ્લભવિદ્યાનગર, પૃ. ૮૦, પાકું પૂઠું, રૂ. ૫.

બે ઘર: સુશીલ અને પતિવ્રતા પત્ની રાગિણી અને વિલાસી ને ચંચળ વૃત્તિની પ્રેયસી સુરબાળા–બંને પ્રત્યે અદમ્ય આકર્ષણ અનુભવતા સુવિધિના પ્રણય ને પશ્ચાત્તાપની કથા, જેમાં કલાતત્ત્વની ઊણપ થોડીક જણાય છે. લે. જયા ઠાકોર, પૃ. ૧૦૩, પાકું પૂઠું, રૂ. ૪.

વિચિમાલા: જૂની લઢણો, પરંપરિત લયો, રૂઢ ભાવો ને શબ્દછટાઓ બતાવતાં, આસપાસની હવાના કાવ્યસંસ્કારો પર રચાએલાં શ્રી સુશીલાબેન ઝવેરીનાં કાવ્યોનો સંગ્રહ. પૃ. ૧૫૨, પાકું પૂઠું, રૂા. સાડા ત્રણ.

જ્ઞાનાંજલિ: જીવનનો હેતુ અને રહસ્ય આધ્યાત્મિક દૃષ્ટિએ સમજાવતા શ્રી રજનીકાન્ત મોદીના ચિંતનપૂર્ણ લેખોનો સંગ્રહ. પ્ર. શ્રીમતી કાન્તાબહેન વરજીવનદાસ સરૈયા, મુંબાઈ. પૃ. ૩૯૨, પાકું પૂઠું, રૂ. ૭.

શિવસ્થ પન્થા: વિદ્યાર્થીના સર્વદેશીય વિકાસ વિષે આ જ લેખકનો ચિંતનપ્રધાન લેખસંગ્રહ 'ચાર મોરચાની કેળવણી' પછી વિદ્યાર્થીજગતને માર્ગદર્શન આપતું એવું જ બીજું પ્રકાશન. લે૦ દામુભાઈ શુક્લ. પૃ. ૧૨૬, કાચું પૂઠું, રૂ. ૨-૨૫.

મનોમંથન: જૈન ધર્મમાં પ્રબોધેલ અહિંસા, મૌન, મનોબળ, તપ આદિ સદ્ગુણોને વ્યવહારમાં ઉતારવાની પ્રેરણા આપતા શ્રી મનુભાઈ લાલભાઈ શેઠના વાચન-મનન ને અનુભવના પરિપાક રૂપે લખાએલા લેખોનો સંગ્રહ. પ્ર. પોતે જ. પૃ ૧૧૧, કાચું પૂઠું, રૂ. ૨.

રંગીલું રાજસ્થાન: રાજસ્થાનનાં પ્રવાસચિત્રો અને તેના રંગભર્યા ઇતિહાસનું આલેખન. લે૦ અમુભાઈ પંડ્યા. પૃ. ૧૭૦, કાચું પૂઠું, રૂ. ૩.

વાચન પા પગી: પહેલા ધોરણનાં બાળકોને ભાષાજ્ઞાન મેળવવામાં સરળતા પડે એ માટેની સોમાભાઈ કાશાભાઈ પટેલે તૈયાર કરેલી, દરેક બે ભાગમાં એવી પાંચ પુસ્તિકાઓ પૃ. ૧, ૨નાં ૮૮ બાકીનાનાં ૬૪, રૂ. ૩(સેટના)

સ્વાતિ પ્રકાશન · મુંબઈ-૩

રૂપ: 'અડધાં આંસુ અડધાં સ્મિત' સમી શ્રી અમૃત ઘાયલની ગઝલોનો સંગ્રહ. પૃ. ૧૧૫, પાકું પૂઠું, રૂા. ૪-૫૦.

સાંધ્યકાળ: ગઈ કાલની અને આજની પેઢી વચ્ચેના વિચારો ને ભાવનાઓનો સંઘર્ષ દર્શાવતું, સંવાદો, પાત્રો ને વાતાવરણથી તાજગીનો અનુભવ કરાવતું શ્રી શિવકુમાર જોશીનું નાટક. પૃ. ૧૧૬, કાચું પૂઠું, રૂા. ૩.

સ્વ. હરસિદ્ધભાઈ દિવેટિયા



ગુજરાતનાં શિક્ષણ, સંશોધન અને અદાલતનાં ક્ષેત્રોમાં અગ્રનામધારી હરસિદ્ધભાઈ વજુભાઈ દિવેટિયાનું આ માસની ત્રીજી તારીખે મુંબાઈની હરકિશનદાસ હૉસ્પિટલમાં ન્યૂમોનિયાના તાવને કારણે ચાર દિવસની બેભાનાવસ્થા બાદ ૮૨ વર્ષની વયે અવસાન થયું. એમનો જન્મ ૧૭ ફેબ્રુઆરી ૧૮૮૬. તત્ત્વજ્ઞાન સાથે બી. એ.માં પ્રથમ આવી ધીરજલાલ મથુરાદાસ સ્કૉલરશિપ અને એમ. એ.માં તેલંગ ચંદ્રક મેળવી ૧૯૦૯માં એલએલ. બી. થઈને તેઓ બરેલી કૉલેજમાં તત્ત્વજ્ઞાનના અધ્યાપક બન્યા; પણ વતનથી બહુ દૂર નહિ ફાવવાથી ૧૯૧૨માં મુંબાઈ આવી હાઈકોર્ટમાં વકાલત આરંભી બાહોશી અને કાર્યદક્ષતાને કારણે ત્યાં બાર કાઉન્સિલના મંત્રી બન્યા. ઈ. ૧૯૧૭માં આનંદશંકર ધ્રુવનાં પુત્રી જૉલીબેન સાથે બીજું લગ્ન થયું. '૩૩ થી '૪૬ મુંબાઈ હાઈકોર્ટમાં જજ હતા તે દરમિયાન ટેક્સ્ટાઈલ લેબર ઈન્ક્વાયરી સમિતિના પ્રમુખ તરીકે પણ કામ કરેલું. એ પછી સૌરાષ્ટ્ર હાઈકોર્ટમાં પાંચ વર્ષ ચીફ જસ્ટિસ તરીકે રહ્યા. ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ ઉપકુલપતિ બની આઠ વર્ષ સુધી સેવા આપી. ગુજરાત સંશોધન મંડળ અને સૌરાષ્ટ્ર સંશોધન મંડળના પ્રમુખ તથા એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીના કુલપતિ તરીકેની જવાબદારી પણ એમણે સંભાળી. ભારતીય વિદ્યાભવનના તો તેઓ છેવટ સુધી ઉપપ્રમુખ હતા. 'કુમાર' અંક ૪૯૬થી સાત સાહિત્યસેવીઓના 'બંધુસમાજ'ની એક પરિચયમાળા પણ એમણે લખેલી. એ વ્યાપક વિદેશ પ્રવાસના અનુભવી, 'માનસશાસ્ત્ર' અને 'ધી આર્ટ ઑવ લાઈફ ઈન ભગવદ્ગીતા' જેવાં પુસ્તકોના લેખક, તત્ત્વચિંતક, વિદ્વાન અને ઉમદા કાર્યકરના જવાથી ગુજરાત-મુંબાઈના બૃહદ ક્ષેત્રમાં એક ભારે દુઃખદ ખોટ પડી છે. (મથાળે છબિમાં યુવાનવયે ને ઉત્તરાવસ્થામાં હરસિદ્ધભાઈ)

ભારતીય નૃત્યોનાં પ્રચારક રાગિણીદેવી

લેખક • સુનીલ કોઠારી

ત્રિસી-ચાળીસીમાં જેમણે નૃત્યો જોએલાં તેઓ તો રાગિણીદેવીના નામથી સારી પેઠે પરિચિત હશે. એમનું મૂળ નામ તો છે એસ્થર શેરમાન. તેમણે ભારતીય નામ રાગિણીદેવી ધારણ કર્યું અને તે નામે જ ન્યૂ યૉર્કથી માંડીને તે સ્વાતંત્ર્યોત્તર યુગના ભાવનગર ઈત્યાદિ રાજારજવાડાંઓમાં જાણીતાં થએલાં. ભારતના જાણીતા નૃત્યકલાકાર શ્રીમતી ઈન્દ્રાણી રહેમાનનાં એ માતા છે. રૂથ સેંટ ડેનિસ, પાવલોવા અને લા મેરી ત્રણેય ભારત આવેલાં. ત્રણેયે અહીંનાં નૃત્યો જોએલાં અને ત્રણેયે ભારતીય નૃત્યો પણ રજૂ કરેલાં. તેમાંય લા મેરી અહીં કંઈક વધુ રહ્યાં. પરંતુ જો પશ્ચિમમાંથી કોઈ કળાકાર અહીં આવી સ્થાયી થઈને ભારતીય પ્રણાલિ જોડે તદ્રૂપ થયા હોય તો તેમાં રાગિણીદેવી મોખરે છે. ત્રીસીના અરસામાં તેઓ કેરળ કળામણ્ડલમાં જોડાયાં અને સદ્ગત કવિ વળ્ળતોળની રાહબરી હેઠળ કથકલી શીખ્યાં. તે અરસામાં જ જાણીતા કથકલી કલાકાર ગોપીનાથને 'પાર્ટનર' બનાવી તેમણે સમસ્ત ભારતમાં કથકલી નૃત્યો રજૂ કરેલાં. કેરળની સરહદ વટાવીને તે વર્ષોમાં કથકલીને ભારતભરના અન્ય પ્રાંતોમાં પ્રચારમાં લાવવામાં તેમનો મહત્ત્વનો ફાળો છે. આજે તો કથકલી ભારતના સીમાડા વટાવી પારી(સ) અને મૉન્ટ્રીઍલ ગજવી ચૂક્યું છે, પણ આજથી ચાર દાયકા પૂર્વે કેરળની સરહદ સુધ્ધાં કથકલીએ વટાવી નહોતી ત્યારે કવિ વળ્ળતોળની પ્રેરણાથી રાગિણીદેવીએ મહત્ત્વનું કાર્ય હાથ ધરી ભારતીય નૃત્યક્ષેત્રે ઉત્તમ કામ કર્યું હતું.



રાગિણીદેવી →

નીચે અનુક્રમે : ભારતીય સાડીમાં રાગિણીદેવી. વચ્ચે : મારવાડી નૃત્યની રજૂઆત અને (છેલ્લે) કથકલી નૃત્યમાં કાલીસંહાર તાણ્ડવ રજૂ કરતાં. કથકલી નૃત્યોને કેરળની સરહદ બહાર લાવવાનો યશ રાગિણીદેવીને જ ઘટે છે.

તેમની આવી દૃઢ નિષ્ઠા અને પ્રવૃત્તિથી પ્રેરાઈને તે વખતનાં રાજારજવાડાંઓએ નૃત્યપ્રયોગો માટે એમને ખાસ નિમંત્રેલાં તેમાંય મ્હેસૂર, પતિયાલા, ભાવનગર, જીંદ, ઈંદોર અને ત્રાવણકોરના મહારાજાઓએ તેમની ઘણી કદર કરેલી. આ સિવાય વિશ્વવિદ્યાલયો-યુનિવર્સિટીઓ તરફથી પણ તેમને સપ્રયોગ વ્યાખ્યાનો આપવા માટે આમંત્રણો મળેલાં. જેમાં બનારસ, મદ્રાસ, કલકત્તા, અન્નામલૈ વગેરે યુનિવર્સિટીનાં આમંત્રણોને તેઓ મોટું માન ગણે છે. આ અરસામા જુદીજુદી કૉલેજોમાં પણ એમણે નૃત્યવિષયક સપ્રયોગ વ્યાખ્યાનો આપેલાં. વડોદરા, કરાચી, કોચીન, ભાવનગર વગેરે સ્થળે લોકોએ તેમને ઉત્સાહભેર વધાવી ઘણી દાદ આપેલી.

ભારતમાં અધિકારી જ્ઞાન પ્રાપ્ત કરી રાગિણીદેવી લંડન ઊપડયાં. ત્યાંના પ્લે-હાઉસ ને આર્ટ્સ થીએટરમાં તેમના પ્રયોગોએ ભાર-

←
રાગિણીદેવી
ત્રીસેક વર્ષ પહેલાં
કુમાર કાર્યાલયમાં
આવેલાં ત્યારે









અપ્સરા



દિવ્યબંસરીવાદક કૃષ્ણ



વીર



એક રાસ નૃત્યમાં 'રાધા'



સમભંગ



અપ્સરા નૃત્ય

વિવિધ નૃત્યમુદ્રામાં રાગિણીદેવી. '૩૦-'૪૦ના ગાળામાં નૃત્યના પુનરુત્થાન વખતે આ પ્રકારના આહાર્યાભિનય પોશાક વગેરે અપનાવવામાં આવતા. કાળાનુક્રમે રુચિ બદલાતાં એમાં યોગ્ય ફેરફારો થતા ગયા.

તીયનૃત્ય પ્રત્યે લોકોની આંખ ઉઘાડી દીધી. અત્યાર લગી ભારતીય નૃત્યને નામે રજૂ થએલી ચીજો અને રાગિણીદેવીનાં નૃત્યો એ બન્ને વચ્ચેનો તફાવત સુજ્ઞ અને સમજુ પ્રજા હવે પારખી શકી. ત્યાં પણ યુનિવર્સિટી ઑવ લંડને તેમને નૃત્યના ખાસ અભ્યાસક્રમ માટે નિમંત્ર્યાં. બ્રિટિશ યુનિવર્સિટીના ઇતિહાસમાં આ નવું જ પ્રકરણ હતું. લંડનથી તેઓ પારી(સ) જઈ ત્યાં પણ ફત્તેહ મેળવી તેઓ ઊપડચાં સીધાં ન્યૂ યૉર્ક.

ન્યૂ યૉર્કના 'ન્યૂ યૉર્ક ટાઈમ્સ હૉલ' અને અન્ય થીએટરોમાં તેમનાં ભારતીય નૃત્યો રજૂ કરવા માટે પડાપડી થવા લાગી. આ ઉપરાંત સપ્રયોગ નૃત્યવિષયક વ્યાખ્યાન આદિ તો તેઓ આપતાં જ. યુનિવર્સિટી ઑવ કૉલમ્બિયા, કૉર્નેલ, પેન્સિલવાનિયા અને મીનેસોટામાં તેમને ઘણી લોકપ્રિયતા પ્રાપ્ત થઈ. ત્યાં ગયા પછી તેમણે વર્ષો લગી ન્યૂ યૉર્કમાં 'ધ સ્કૂલ ઑાવ હિન્દુ ડાન્સ' નામે નૃત્યશાળા ચલાવીને ભારતીય નૃત્યો વિષે ત્યાંના લોકોને માહિતગાર કરવામાં તેમજ તે પરત્વે લોકોની રુચિ કેળવવામાં મહત્ત્વની સેવાઓ બજાવી.

ભારત સ્વતંત્ર થયું તેના બીજા વર્ષે તેઓ ભારતમાં આવી સ્થિર થયાં. તેમનું સ્વપ્ન તો હતું 'ઑાલ ઇન્ડિયા ડાન્સ એડચુકેશન મુવમેન્ટ' સિદ્ધ કરવાનું. તેના આશ્રયે 'ઑાલ ઇન્ડિયા ડાન્સ સર્વે યુનિટ' સ્થાપી પ્રાદેશિક, ધાર્મિક, સામાજિક, લોકનૃત્યો, આદિવાસી પ્રજાનાં નૃત્યો, વિધિનૃત્યો, શાસ્ત્રીય નૃત્યો આદિની મોજણી કરવાની મહત્ત્વાકાંક્ષી યોજના હાથ ધરેલી. જોકે તે યોજના સફળ ન થઈ, પણ રૉકફેલર ફાઉન્ડેશનના આશ્રયે પછી વૈયક્તિક ધોરણે તેમણે ઘણું મૂલ્યવાન કાર્ય કર્યું છે. જ્યારે ઘણા ઓછા લોકોને આંધ્રના 'કુચીપુડી' નૃત્ય વિષે કંઈ પણ માહિતી હતી ત્યારે તેઓ આંધ્રમાં જઈ કુચીપુડી નૃત્ય શીખી આવેલાં. કેરળના 'ભગવતી' અને વિધિ તેમજ ધાર્મિક નૃત્યોનો તેમનો અભ્યાસ પણ ઊંડો છે. હવે બિહાર રાજ્યમાં ભેળવી દીધેલ પરંતુ પૂર્વે ઓરિસ્સાના જ એક ભાગરૂપ (અનુસંધાન પૃષ્ઠ ૩૩૮)

વસિયતનામાની તપાસ

ગુનાશોધનની લેખમાળાના અનુસંધાને એક દૃષ્ટાંતકથા

લેખક - પુષ્કરભાઈ ગોકાણી

મસલા ઍન્ડ વાયડા સૉલિસિટર્સની પેઢીમાં એક યુવાન આવ્યો. રાઉન્ડ બિલ્ડિંગનો મોટો દાદર ચડવાથી એ સહેજ હાંફતો હતો. વળી, કંઈક અધીરાઈમાં પણ હશે એટલે ઊભાંઊભાં જ એણે વાત કરવા માંડી: 'વાયડા સાહેબ?'

'હા. બેસો. બોલો શું સેવા કરું!' કામમાંથી માથું ઊંચું કરી મનસુખલાલ બોલ્યા.

'આ વીલ છે. મારા નાનાએ બનાવ્યું છે. તેને માટે લડવાનું છે. અત્યારની સ્થિતિમાં વિલમાં જણાવ્યા મુજબ અમને એટલે કે મને ને મારી વિધવા માતાને ફક્ત દશ હજાર રૂપિયા મળે છે અને બાકીની મિલકત મારા દૂરના મામા અને નાનાના દૂરના ભત્રિજા ચિમનલાલને મળે છે. વીલમાં કેટલોક ભાગ બૉલપૉઈન્ટ પેનથી છેકી નાખવામાં આવ્યો છે. વળી મારા નાનાને ચિમનમામા ઉપર ખાસ પ્રેમ પણ નહોતો અને વારંવાર નાના બધી મિલકત અમને આપી જવાનું કહેતા પણ હતા. ચિમનમામા તેમનું ઑફિસકામ કરતા. તેમને નાના સારો પગાર પણ આપતા. આ વીલ પણ મામાએ જ ટાઈપ કરેલું છે.'

મનસુખલાલે તેને બેસવાનું કહી પોતે વીલ વાંચી લીધું.

'તમારું જ નામ અશોક?' 'જી.'

'વીલમાં બૉલપેનથી છેક્યું છે તેની નોંધ નીચે સહી કરતી વખતે કરેલી છે, એટલે વીલ ખોટું તો ન જ ગણાય.' મનસુખલાલ બોલ્યા.

'પણ સાહેબ, આ બનવું અસંભવ છે.' અશોકે આવેશમાં કહ્યું, 'છેક મરતાં સુધી નાના બધું અમને આપી જશે તેમ જ કહેલું.'

'આ વીલ તમને કોણે આપ્યું?' 'ચિમનમામાએ.'

'ત્યારે તો એ સારા માણસ કહેવાય.' મનસુખલાલ હસ્યા, 'શું વીલની આ એક જ નકલ છે?'

'હાજી, પણ મામા જાણે છે કે હું આ નકલનો નાશ કરી નાખું તો તેમને બહુ નુકસાન તો નથી જ, તેઓ નાનાના પિતરાઈઓના પુત્ર છે એટલે મિલકત તો તેમને જ મળે ને?'

મનસુખલાલ ખડખડાટ હસી પડયા. '૧૯૫૬ના હિંદુ વારસાધારા પછી હવે એવું રહ્યું નથી. અલબત્ત, તેને હક્ક હિસ્સો મળે, પણ તમે જ મુખ્ય વારસ ગણાઓ. અને વીલનો નાશ થાય તો તમને જ બધો ફાયદો મળે; પણ હું તેવી સલાહ આપું નહિ. તમારા મામાએ આ વીલની ફોટો નકલ કઢાવી જ હશે, એટલું જ નહિ, પણ તેને અધિકૃત મેજિસ્ટ્રેટ પાસે ખરી પણ કરાવી હશે. ઠીક, હવે તમે જાઓ, હું આ વીલની તપાસ કરાવીશ. મારા સેક્રેટરીને તમારું સરનામું અને અઢીસો રૂપિયા ડિપોઝિટ આપતા જજો. તમને તેનો હિસાબ આપીશું. તે કહે ત્યાં સહી કરતા જજો. કાલે મને મળજો.'

મનસુખલાલે માથું ધુણાવી જણાવ્યું, 'અશોકકુમાર, વીલમાં કાંઈ ગોટાળો થયો હોય તેમ તપાસમાં જણાયું નથી. પારજાંબલી અને અધોરક્ત કિરણોમાં પણ વીલની તપાસ કરાવી. છેકેલી લીટીમાં નીચે શું ટાઈપ કર્યું છે, તે દેખાતું જ નથી. તમારા મામાએ બહુ સિફતથી છેકછાક કરી હશે. વીલની ત્રીજી કલમમાં તમારા નાના જણાવે છે:

'3. I declare that, if my daughter shall survive me OR if she shall predecease me and her son Chi. Ashokkumar Vasantlal Sheth survives me, she or Ashok shall get Ten * * * * Thousand Rupees * * * * and balance may be given to my nephew Chi. Chimanlal Kothari after realising the value of my fixed assets and shares described as under.'

'૩. એટલે કે હું જાહેર કરું છું કે જો મારી પુત્રી મારા મૃત્યુ બાદ હયાત હોય અથવા મારા મૃત્યુ પહેલાં તે મરણ પામે અને તેનો પુત્ર અશોકકુમાર વસતલાલ શેઠ હયાત હોય તો તેને અથવા અશોકકુમારને દશ * * * * હજાર રૂપિયા આપવા * * * * અને બાકી મારા ભત્રીજા ચિમનલાલ કોઠારીને નીચે જણાવેલી મારી સ્થાવર મિલકત ને શેર વેચીને આપવા. વળી, વીલની નીચે લખેલ છે કે, ત્રીજી કલમમાં ૩જી લીટીમાં બૉલપૉઈન્ટ પેનથી છેક્યું છે તે મારી મરજી મુજબ મેં પોતે છેક્યું છે. હાંસિયામાં વળી, પોતાની સહી પણ કરી છે.

આ દૃષ્ટિએ વીલમાં કાંઈ ખોટું જણાતું નથી. વળી બૉલપેનથી એવી રીતે છેક્યું છે કે નીચે શું લખેલ છે તે પારજાંબલી કે અધોરક્ત કિરણોમાં પણ જોઈ શકાતું નથી.' મનસુખલાલે જણાવ્યું.

'કોઈ રસ્તો નથી?' અશોકના અવાજમાં હતાશા આવી ગઈ.

'જો આ વીલની અધિકૃત ફોટોકૉપી કરાવીને ચિમનલાલ તથા કોર્ટ તેની રાસાયણિક તપાસ કરવા રજા આપે તો આગળ વધી શકાય.'

'તો એવી અરજી ઘડી આપો. હું મામાની પરવાનગી લઈ આવીશ. આપ કોર્ટની પરવાનગી આપો.' અશોકને કાંઈક આશા લાગી.

મનસુખલાલે તે માટે અરજી ટાઈપ કરાવી અશોકને આપી. અને કોર્ટને આ વીલની મૂળ કૉપી તથા અધિકૃત ફોટો નકલો ખરી કરવા તથા ત્યાર બાદ વીલની રાસાયણિક તપાસ કરવા પરવાનગી માગતી અરજીઓ પણ લખાવી દીધી.

બીજે દિવસે ફોટોકૉપી અને અસલ વીલ ઝીણવટથી તપાસી ફર્સ્ટ ક્લાસ મેજિસ્ટ્રેટે તે ખરી નકલ છે તેવી સહીઓ ફોટોકૉપી ઉપર કરી આપી તથા વીલના બીજા હકદાર ચિમનલાલની રૂબરૂ અને લેખિત પરવાનગી મળતાં આ વીલની રાસાયણિક તપાસ કરવા છૂટ આપી જેને કારણે વીલમાં કાંઈ ફેરફાર થાય તો કોર્ટ અધિકૃત ફોટોકૉપી ઉપરથી યોગ્ય નિર્ણય આપશે તેમ શેરો મારી આપ્યો.

ચિમનલાલનો અસાધારણ સહકાર જોઈ મનસુખલાલ તથા અશોકને પોતાનો કેસ નબળો હોવાની આશંકા જાગી.

વળતે દિવસે એક નવી ફોટોકૉપી લઈ, નેશનલ થેરાપેટિક ઍન્ડ રીસર્ચ લૅબોરેટરીનો રીપોર્ટ તથા તેના મુખ્ય રાસાયણિક તપાસ-અધિકારી બાલકૃષ્ણને લઈને મનસુખલાલ વાયડા મૅજિસ્ટ્રેટ પાસે આવ્યા. 'સાહેબ, આ બાલકૃષ્ણ રાયચુરા, લૅબોરેટરીના રાસાયણિક ઍનેલાઈઝર છે અને આપની પાસે સોગંદનામું કરવા આવ્યા છે.' સાહેબે રજા આપી એટલે મનસુખલાલે એ સોગંદનામું વાંચવા માંડયું:

'હું બાલકૃષ્ણ રાયચુરા ઉમર વર્ષ ૩૮ સોગંદપૂર્વક જાહેર કરું છું કે—

મૅસર્સ મસલા ઍન્ડ વાયડાના મુખ્ય સૉલિસિટર શ્રી મનસુખલાલ વાયડા કોર્ટની પરવાનગી લઈ પુરસિશ ૧નો દસ્તાવેજ અમારી લૅબોરેટરીમાં રાસાયણિક તપાસ માટે લાવ્યા. તેની અધિકૃત ફોટોકૉપી તેમણે અમોને આપી જેની ઉપર તથા આ વીલ ઉપર મેં મારી લૅબોરેટરીનો સિક્કો મારી દાખલતારીખ નાખી તથા વાયડાની લેખિત સૂચના મુજબ મેં નીચે મુજબ રાસાયણિક તપાસ કરી છે:

આ દસ્તાવેજની કલમ ત્રણમાં બોલપૉઈન્ટ પેનથી છેકેલા ભાગને મેં પારજાંબલી તેમજ અધોરક્ત કિરણો નાખી વાંચવા પ્રયત્ન કર્યો, પણ બોલપૉઈન્ટ પેનથી છેકેલી લીટીઓ નીચે મૂળ ટાઇપ કરેલું લખાણ વાંચી શકાયું નહિ. એટલે મેં રાસાયણિક તપાસ શરૂ કરી.

પહેલાં આ છેકેલા લખાણ ઉપર ક્લૉરોફૉર્મવાળું રૂનું પોતું લગાવી તેને સુકાવા દીધું. ત્યાર પછી શોષિત (Saturated) ઑક્ઝેલિક ઍસિડના પાવડરને તેની ઉપર છાંટયો. પછી છેકેલી લીટી ઉપર સૉડિયમ હાઈપોક્લૉરાઈટનું દ્રાવણ કાળજીપૂર્વક લગાડયું એટલે છેકેલી લીટી ઉપરથી ઘણી ખરી છેકછાક ઊડી ગઈ અને ટાઈપ કરેલો ભાગ થોડોથોડો સ્પષ્ટ દેખાવા લાગ્યો. શાહીચૂસ વડે ઉપર લગાડેલું વધારાનું દ્રાવણ ચૂસી લઈ દસ્તાવેજ ચોખ્ખો કરી અને ગરમ હવામાં સૂકવી તેનો સાદો ફોટો લેવડાવ્યો જેમાં મારી સહી કરી છે. તે માર્ક A વડે દર્શાવ્યો છે. જે પાંચસો વૉટની ચાર આરગો ફોટોફ્લડ લાઈટમાં કૉડાકની ફિલ્મ ઉપર f ૩૨ પર એક સેકંડનું એક્સ્પૉઝર આપી ફોટો પાડેલ છે. અને તેને ડીકે-૫૦ ડેવલપરમાં ૬૮ ડીગ્રીએ પાંચ મિનિટ ડેવલપ કરી નકલ કાઢી છે.

ત્યાર બાદ આ દસ્તાવેજને કૉડાકની ઈન્ફ્રારેડ ફિલ્મ ઉપર કૉડાક ૮૭ ઈન્ફ્રારેડ ફિલ્ટર વડે ઉપર મુજબ પ્રકાશમાં ફોટો પાડયો. તે વખતે f ૩૨ પર સાત સેકંડનું એક્સ્પૉઝર આપી ઉપર મુજબ ડેવલપ કરેલ છે. તેની ફોટોકૉપીને માર્ક B કરી અમારી કંપનીના સિક્કા અને મારી સહી સાથે સામેલ કરેલ છે.

માર્ક Aની ફોટોકૉપી જોતાં જણાય છે કે વીલની ૩જી કલમમાં વીલ કરનારે સાદી બોલપૉઈન્ટ પેનથી ભાર આપીને બે લીટી દોરીને છેક્યું છે. જ્યારે પાછળથી કોઈએ ન વાંચી શકાય તેવી રીતે તેની ઉપર એવી જ બોલપૉઈન્ટ પેનથી છેકછાક કરી છે. પ્રથમ ઉપર્યુક્ત પ્રયોગથી બોલપૉઈન્ટ પેનની બીજી વારની છેકછાક દૂર થઈ ગઈ છે અને વીલ કરનારે છેકવા માટે કરેલ બે લીટી સ્પષ્ટ ઊઠી આવી છે. સૉડિયમ હાઈપોક્લૉરાઈટનું પ્રવાહી ઉપરની છેકછાકને ખાઈ જાય પછી નીચેની છેકછાક ઉપર અસર કરે તે પહેલાં અમે બ્લૉટિંગ વાપરીને તે દ્રાવણ શોષી લીધું હતું, જેથી ખરી હકીકત બહાર આવે.

એક અધિકૃત રાસાયણિક તપાસનીશ અને મુંબાઈ યુનિવર્સિટીની ડૉક્ટરેટની પદવી મેળવેલ અનુસ્નાતક તરીકે હું પ્રામાણિકપણે જાહેર કરું છું કે વીલ કરનારે બોલપૉઈન્ટ પેન વડે બે લીટીઓ કરીને જ છેકેલું અને પાછળથી કોઇએ તેની ઉપર તથા વીલમાં દર્શાવેલા Ten hundred thousand rupees (દસ સો હજાર રૂપિયા) એ શબ્દોમાંથી Hundred (સો) શબ્દ ઉપર પણ એવી જ રીતે ન વાંચી શકાય તેમ છેકછાક કરેલી છે, જે કદાચ વીલ કરનારે ન કરી હોય.

ફોટોકૉપી માર્ક B જોતાં જણાય છે કે સારો ટાઈપિસ્ટ વીલમાં આવી ભૂલ ન જ કરે કે જે વીલ કરનારને છેકવી પડે, પણ છતાં તે ભૂલ જોઈ વીલ કરનારને બોલપૉઈન્ટ પેનથી બે લીટી કરી તેને છેકી છે. વળી તે વીલ કરનાર ચોક્કસ માણસ જણાય છે. કારણ કે વીલને છેડે પોતે કરેલી છેકછાકની નોંધ મૂકી ત્યાં પણ પોતાની સહી કરેલી છે. એટલે મારા પ્રામાણિક મંતવ્ય પ્રમાણે મૂળની છેકછાક ઉપર કોઈ અન્ય માણસે ન વાંચી શકય તેવી રીતે ફરી છેકછાક કરેલી છે અને તેમાં વીલ કરનારે છેકેલા શબ્દો ઉપરાંત Hundred (સો) શબ્દ પણ છેકી નાખ્યો છે, જે ફોટોકૉપી માર્ક Aમાં છેકેલો જણાયો નથી.

આજે જુલાઈ માસની ૯મી તારીખે ઓગણીસો ને અડસઠને દિવસે ઉપર્યુક્ત બાબત મારી અધિકૃત રાસાયણિક તપાસમાં જણાઈ આવી છે એમ સોગંદપૂર્વક જાહેર કરી મારી લૅબોરેટરીની પરવાનગીથી આપ નામદાર રૂબરૂ મારી સહી કરું છું.

ઓળખ આપનાર (સહી) બાલકૃષ્ણ મગનલાલ રાયચુરા
મનસુખલાલ વાયડા કેમિકલ ઍનેલાઇઝર
મસલા ઍન્ડ વાયડા, સૉલિસિટર્સ વતી.

મૅજિસ્ટ્રેટ સાહેબે બાલકૃષ્ણ રાયચુરાની ઊલટ તપાસ કરી ઉપર્યુક્ત સોગંદનામામાં રૂબરૂની સહી કરી આપી.

ત્યાર પછીની વાત ટૂંકી છે.

વધારાની છેકછાક ચિમનલાલે પોતે કરી છે એમ સાબિત કરવું તો મુશ્કેલ હોઈ ચિમનલાલને બોલાવવામાં આવ્યા. તેમણે એ કોણે છેક્યું હશે તે બદલ અજ્ઞાન દર્શાવ્યું અને પોતાના કબજામાં દસ્તાવેજ રહેલા છતાં આમ કેમ બન્યું તે બદલ આશ્ચર્ય વ્યક્ત કર્યું, પણ પછી અશોક અને તેની માતાને કુલ મિલકતમાંથી સરકારી વેરાઓ બાદ થતાં Ten hundred thousand rupees એટલે દસ લાખ રૂપિયા આપવા માટે વાંધો લીધો નહિ. અને બાકીની મિલકત પોતાને મળે તેમાં ખુશી દર્શાવી. (બીજો કોઈ રસ્તો રહ્યો જ નહોતો.) કોર્ટે રીસીવર મૂકી મિલકતનો ફેંસલો કર્યો. મળેલી રકમમાંથી સૉલિસિટરની ફી અને અન્ય ખર્ચ તથા સરકારી વેરાઓ જતાં આઠ લાખ રૂપિયા જ બચ્યા. એટલે ચિમનલાલ હાથ ઘસતા જ રહ્યા.

આમ ગુનાશોધનમાં દસ્તાવેજોની તપાસમાં રાસાયણિક પરીક્ષાનું મહત્ત્વ અનેરું છે. પારજાંબલી અને અધોરક્ત કિરણોની તપાસ જ્યારે અસફળ નીવડે ત્યારે આ રાસાયણિક તપાસ ગુનો શોધી શકે છે.

ગુલાબદાસ બ્રોકર

નવા ગગનની નીચે

૧૪ • પારી(સ)ની રાત

જ્યાંથી ટુરમાં નીકળવાનું હતું તે જગ્યાએ પહોંચ્યો ત્યારે એમાં જોડાનારા તમાશબીનો આવતા-જતા હતા.

નિયત સમયે અમારી લક્ઝરી બસ ઊપડી. રસ્તા ઉપર એ લસરતી હતી, ત્યારે એ બસ-સર્વિસના મૅનેજરે કહેલી વાત મને સાચી લાગી: 'સાહેબ, રાતનું પારી(સ) એ તમે અત્યારે જોયું એના કરતાં જાણે જુદું જ શહેર હોય છે, તમે જોજો તો ખરા!'

જોયું. નગરી જાદુઈ બની ગઈ હતી. તેના મોટામોટા રસ્તા, મહાલયો, મૉન્યુમેન્ટો રાત્રિના દીવાના પ્રકાશમાં કોઈ નવું જ પરિમાણ પ્રાપ્ત કરતા હતા. આખું વાતાવરણ રંગીન, રહસ્યમય, વેધક બની ગયું હતું એ વાતાવરણનો સર્વાંશે સ્પર્શ કરતા ઉતારુઓ પણ શાંત બની ગયા હતા. બસ લસરતી જતી હતી.

મોટા રસ્તામાંથી એ નાનકડા રસ્તા ઉપર સરી; તેમાંથી વળી વિશેષ નાના. અને એવા એક રસ્તાની અધવચ્ચે આવીને એ જ્યારે ઊભી રહી ત્યારે ઓચિંતાનો વરસાદ વરસવો શરૂ થઈ ગયો. ફટાફટ ઓવરકોટ નીકળી પડ્યા. રમણીઓ 'આહ' અને 'ઓહ' કરવા લાગી. પુરુષો અનેક ભાષાઓમાં અણગમો વ્યક્ત કરવા લાગ્યા. અંતે બધાં બહાર નીકળ્યાં. સાથેના માર્ગદર્શકોએ બધાંને થોડે સુધી ચલાવ્યાં. વરસતા વરસાદમાં અજાણ્યા ગામની એ અણજાણ નાની ગલીમાં ચાલવું રોમાંચક લાગતું હતું. આખરે એક સ્થળે પહોંચ્યાં. નાનું એવું એનું પ્રવેશદ્વાર હતું. એ હતી લૅટિન ક્વૉર્ટરની, એક વિશિષ્ટ કહેવાય એવી નાઈટ-ક્લબ. તેમાં, અમારા માર્ગદર્શકે સમજાવ્યું તે પ્રમાણે, માત્ર ગીતો અને હાસ્યરસિક દશ્યો જ ભજવાતાં હતાં. પ્રવેશદ્વારમાંથી નાની સીડી દ્વારા નીચે ઊતરવાનું હતું. અદ્‌ભુત રસનો અનુભવ થતો હતો. સાથેસાથે સમરસેટ મૉમ યાદ આવતા હતા. તેમની 'રેઝર્સ એજ'માં આવી જ એક નાઈટક્લબનું વર્ણન છે. આ પ્રસંગે એ ચિત્તમાં તાજું થઈ ગયું કદાચ આ જ જગ્યા વિષે નહિ લખ્યું હોય!

સાંકડો એવો ઓરડો હતો. એમાં બધાં ધૂસ્યાં અને નાનીનાની પાટલીઓ પર માંડમાંડ ગોઠવાયાં. અગાઉ આવેલા થોડા માણસો ત્યાં બેઠેલા હતા જ. સામે નાનું એવું સ્ટેઈજ હતું. એ તરફ ધ્યાન ગયું; ને પછી અમારી પહેલાં આવીને ત્યાં બેઠેલાં માણસો તરફ. જાણે કોઈ જુદી જ દુનિયામાં આવી પડ્યાં હોઈએ એવું વાતાવરણ બની ગયું હતું.

પછી ક્લબનો કાર્યક્રમ શરૂ થયો, પણ મને મઝા નહોતી આવતી. ભાષા સમજતો નહોતો એટલે ફારસ માણી શકતો નહોતો; ને ગીતો ગમતાં નહોતાં. પણ બાકીના લોકો આનંદમાં હતાં. મને તો આનંદ એ જગ્યા છોડીને ફરી કોચમાં બેઠો ત્યારે થયો. સહુને યે બસમાં બેસતી વખતે આનંદ થયો, કેમ કે વરસાદ હવે રહી ગયો હતો, ને દીવાનાં પ્રતિબિંબ પાડતા રસ્તા સવિશેષ સ્વપ્નમય લાગતા હતા.

બીજી ક્લબ પણ નાની જ હતી. પણ પહેલી કરતાં મોટી. નીચે જ નૃત્ય વગેરેની ફર્શ હતી, અને ત્યાં તેને ઘેરી લેતી જગ્યામાં પ્રેક્ષકોને બેસવાનું હતું. અહીં રજૂ થતા પ્રયોગો 'સૅડિસ્ટિક ટાઈપ'ના હતા... કાર્યક્રમ શરૂ થવાની નિશાની થઈ કે તરત જ એક દિશામાંથી એક સ્ત્રી ધસી આવી, ને બીજી દિશામાંથી એક પુરુષ. સ્ત્રી પાતળી ને સુકી ટાટ હતી. ગાલમાં ખાડા હતા ને શરીરમાં કશું જ નહોતું. સિવાય કે વસ્ત્રો. એ વસ્ત્રો ઉપર જ પેલા પુરુષે મારો શરૂ કર્યો. સ્ત્રી વીફરી. એની સુકલકડી કાયામાં કલ્પી ન શકાય એટલા બળનો સંચાર થયો. તેણે પુરુષને આંટી મારી ગોથું ખવડાવી દીધો ને એના ગબડેલા શરીર ઉપર તુચ્છકાર કરતીકરતી ચાલતી થઈ. હવે પેલાનો વારો આવ્યો. આવી નિર્ભર્ત્સના એ શાનો સહી લે? એણે ઊભા થઈને એ સ્ત્રીને પછાડી ને લાત ફટકારી દીધી. પ્રેક્ષકોમાંથી તાળીઓ પડી, ને બીજી દિશામાંથી ત્રણ ચાર છોકરીઓ નાચતી ગાતી દોડી આવી. સાથળના મૂળ સુધીનું આખું અંગ દેખાય તે રીતે તેઓ તેમના ટૂંકા અને પહોળા ઝભ્ભાઓ ઉછાળી ઉછાળીને નાચવા લાગી. બધાં તલ્લીન બની ગયાં... મને તો એ બધું જોતાં કમકમાં આવી ગયાં. સદ્‌ભાગ્યે ખૂબ માર ખાઈને અને આપીને એ બન્ને જણાં ઊભાં થઈ ગયાં. ને પેલી છોકરીઓના ઝભ્ભા નીચા થઈ ગયા. બધાંએ એક હારમાં ઊભાં રહીને પ્રેક્ષકોને નમન કર્યું. પ્રેક્ષકોએ ફરી તાળીઓથી એને વધાવી લીધાં.

ગીતો ગવાવા લાગ્યાં ને શરાબ વહેંચાવા લાગ્યો. શરત પ્રમાણે મને કોકાકોલા મળ્યો. કાર્યક્રમ ફરી શરૂ થઈ ગયો.

આ વખતે એકલી એક સ્ત્રી જ આવી. પેલી જ, બેઠેલા ગાલ અને અને ઊપસેલાં હાડકાંવાળી. પાતળીપાતળી ને લગભગ કુરૂપ લાગતી. એ એકલી જ હતી. કપડાં ઉછાળી ઉછાળીને નાચવા લાગી. પ્રેક્ષકોમાં તલ્લીનતા જાગી ત્યારે ઓચિંતા એ એમના તરફ ધસી ગઈ ને તેમાંના એકને પકડીને ઊભો કર્યો. અધવચ્ચે ખેંચી ગઈ. બાકીના પ્રેક્ષકોમાં આનંદઆનંદ ફેલાઈ ગયો. ઉત્સુકતાપૂર્વક બધાં એ બન્ને તરફ જોઈ રહ્યાં. પેલીએ વચ્ચોવચ્ચ જઈને પોતાને બહુ જ ગરમી થતી હોય તેવો અભિનય કર્યો ને પેલાને પોતાનું પોલકું કાઢી આપવા સૂચવ્યું. હસતાં-હસતાં એ માણસે એ સેવા બજાવી ને પોતાને સ્થાને તાળીઓના ગડગડાટ વચ્ચે મરકતો મરકતો ચાલ્યો ગયો... આ બધું જોવાનું મન થાય એમ નહોતું. મેં મારી આજુબાજુ જોયું. એક બાજુ એક ડોસીમા બેઠાં હતાં. તલ્લીન હતાં. ભક્ત ઠાકોરજીની મૂર્તિ સામે જોઈ રહે એટલી તલ્લીનતાથી એ પેલીના હવે અર્ધા ઉઘાડા બની ગએલા વરવા દેહ સામે જોઈ રહ્યાં હતાં. બીજી બાજુ એક કન્યકા હતી. હશે સત્તર અઢારની. પણ રૂપ? કદીક જ જોવા મળે એવું. એ પણ પેલું જોતી ને હસતી હતી. પણ સત્તર વરસની તેની ઉમર, કોઈક તેની સામે જોઈ રહ્યું છે એ વાત એનાથી છૂપી રહેવા દે તેવી નહોતી. તેણે પણ મારી સામે જોયું અને હસી. તેની બાજુમાં બેઠેલી તેની માતાએ એ જોયું ને એ જરા ધૂરકી. ફરીથી હું ભજવાઈ રહેલા કાર્યક્રમ તરફ જોવા લાગ્યો.

હવે એક નવીન માણસનો વારો આવ્યો હતો. તેણે નાચનારીનું બ્રેસિયેર કાઢી નાખ્યું... ફરી આડું જોઈ જવા મન થયું. પેલી બાજુવાળી યુવતીની આંખ મળી. હસી.

'ફ્રેંચ છો?' મેં અંગ્રેજીમાં પૂછ્યું. 'ઈટાલિયન.' તે બોલી.

'અંગ્રેજી આવડે છે?'

'થોડું થોડું.' પણ ત્યાં તો તેની માતાએ તેને કશીક વાતે વળગાડી, ને ફરી પાછું સામે જોવાનું થયું... ખેલ ખલાસ થયો. બેહૂદું લાગતું ચિત્ર નજર સામેથી દૂર થવાનો મને આનંદ થયો. ત્યાંથી બહાર નીકળતાં હતાં ત્યારે પેલી બાજુવાળી યુવતી જ બોલી: 'તમને ગમ્યું?'

ચાલતાં ચાલતાં મેં સામું પૂછ્યું : 'તમને ?'

'હા, ખૂબ જ. પણ તમે જવાબ ન આપ્યો.'

મેં કહ્યું : 'મને ન ગમ્યું—બિલકુલ નહિ.'

'ખરેખર ?' અત્યંત આશ્ચર્યપૂર્વક : 'કેમ ?'

'કેટલી ગંદી હતી એ બાઈ ? કેટલી કુરૂપ ?' પળ પછી 'તમને એ એવી ન લાગી ?' મૂંઝાઈ ગઈ હોય એવા અવાજે તેણે કહ્યું : 'મને તો ગમ્યું.'

ઓચિંતા જ મારાથી પૂછાઈ ગયું : 'તમે તમારો ચહેરો કદી અરીસામાં જોયો છે ?' તે હસી પડી : 'કેમ એવું પૂછો છો ?'

'નહિ જોયો હોય બરાબર. ફરી જોજો. વિકસતા જતા ગુલાબ જેવો એ છે. એવો ચહેરો ધરાવનારને આવાં કુરૂપ દર્શનમાં આનંદ આવે ? મને તો ન આવે.' 'થૅન્ક યુ વેરી મચ.' કહીને એ એવું તો મીઠું હસી ! અમે બસ પાસે આવી પહોંચ્યાં હતાં.

ત્રીજી ક્લબ 'શેરઝાદ' તો માત્ર સંગીતની જગ્યા હતી સંગીત અને શરાબ પીરસાતાં હતાં. એકમાં મને સમજણ નહોતી, બીજામાં રસ નહોતો. હું તો ઊંઘવા માંડ્યો. થાકેલું શરીર એમ કરવા પ્રેરી રહ્યું હતું. હજી છેલ્લો મહત્ત્વનો કાર્યક્રમ બાકી હતો. તેને માટે એ મને, કદાચ, તૈયાર પણ કરી રહ્યું હોય. કલાક સવા કલાકનો મને આરામ મળી ગયો. બીજાઓને મારા દર્શને થોડી રમૂજ મળી હશે.

અંતે છેલ્લા અને અત્યંત આકર્ષક એવા સ્થળનાં દર્શને જવા અમારી બસ ઊપડી ત્યારે સર્વના ચહેરા ઉપર ઉત્સુક આનંદ પથરાઈ રહ્યો. જેમ એ જગ્યા નજીક આવવા માંડી તેમ એ આનંદ અને ઉત્સુકતાની માત્રા વધવા માંડી. અંતે, રસ્તાના એક ભાગમાં ઝગી રહેલી બત્તીઓના ઝગઝગાટે જ્યારે મોટા અક્ષરે 'મુલાં રુજ' (Moulin Rouge)નું નામ વહેતું કર્યું, ત્યારે વર્ષોથી જે જગપ્રસિદ્ધ જગ્યા વિષે સર્વેએ કલ્પના કર્યે રાખી હતી તે જગ્યા પ્રત્યક્ષ થઈ જવાનું સહુનું સ્વપ્ન સાકાર થતું લાગ્યું. હર્ષભર્યાં પગલાં એના પ્રવેશદ્વારમાં શોર મચાવી રહ્યાં.

કલ્પેલું તરત જ પ્રત્યક્ષ થયું. તુલુ લોત્રે (વિખ્યાત ફ્રેંચ કલાકાર)નાં ચિત્રો અને પોસ્ટરો સ્થળે સ્થળે ટીંગાતાં હતાં. આ જગ્યાએ બેસીને એ અમર ચિત્રકાર પોતાની અપંગ હાલત ભૂલી, જગત એને હમેશાં યાદ કરતું રહે એવી ચિત્રશ્રેણી ઉપજાવતો રહેતો હશે : બેસવાના સ્થળ તરફ જતાંજતાં મને વિચાર આવ્યો. તેનું નાનું છતાં સંઘર્ષમય આખું યે જીવન ત્યાંની ઝળહળતી બત્તીઓમાં જાણે મારી નજર સમક્ષ પુનર્જીવિત થવા લાગ્યું. મેં આજુબાજુ જોયું. કોનું ધ્યાન દોરાય છે એ લોત્રેની યાદ તરફ ? બધાં પોતપોતામાં મસ્ત હતાં. હું યે એમને અનુસર્યો. એક સરસ બૉક્સમાં મને જગ્યા મળી ગઈ.

એ બૉક્સમાં મારી જોડે એક અમેરિકન કુટુંબ એકત્ર થયું હતું : માતા, પુત્ર, પુત્રવધૂ. મિલનસાર માણસો હતાં. ભલાં લાગતાં હતાં. પડદો ઊઘડે એ પહેલાં એ લોકો જોડે થોડી વાતો લોત્રે વિષે કરવાનું મન થયું. એમને માટે એનો કશો અર્થ નહોતો. પણ વાતો તો તે લોકો કરવા માગતાં જ હતાં : ભારતની, નેહરુની, આપણી સમસ્યાઓની. એ પળે મને એમાં રસ નહોતો. મારી આંખો આડીઅવળી દોડવા માંડી. એને પૂરતો ખોરાક મળી રહે એવું ઘણું બધું ત્યાં હતું.

પારી(સ)ની રંજનલક્ષ્મી ત્યાં છૂટે હાથે વીખરાએલી પડી હતી. રંગમંચ વિશાળ લાગતો હતો. આવેલાં માણસો જાતજાત અને ભાતભાતનાં હતાં. પેલી અમેરિકન પુત્રવધૂએ એ બધાં તરફ નજર દોડાવી અને હસતાંહસતાં પૂછ્યું : 'એકલા જ આવ્યા છો તમે ?'

'હા, જી.' 'તો અહીં કેમ બેઠા છો ?'

'કેમ ?' મારા પ્રશ્નમાં આશ્ચર્ય સ્પષ્ટ તરી આવતું હતું. એ સવિશેષ હસી પડી : 'જોતા નથી ? એકલા માણસો તો કોઈ ને કોઈ રૂપાળું સાથીદાર શોધીને ત્યાં આગળ જમા થાય છે તે ?'

'પણ મને સોડા પીવામાં સાથીદાર કોણ મળી રહે ?'

ત્રણે હસી પડયાં. પછી દારૂ અને દારૂબંધી ઉપર વાત ઊતરવા જતી હતી ત્યાં જ પડદો ઊંચકાયો. હું બચી ગયો.

તરત જ ધમાધમ મચી ગઈ. અહીં પ્રેક્ષકોમાં નહિ, ત્યાં રંગમંચ ઉપર. જાતજાતનાં માણસો ત્યાં ઊતરી આવ્યાં. સરસ સરસ કપડાં પહેરેલાં સ્ત્રી-પુરુષો આવ્યાં. ગાયું, નાચ્યાં. રંગના ફૂવારા ઊડયા—વસ્ત્રાભૂષણો દ્વારા. અંગ-કસરતના ખેલ થયા. ને પછી મુલાં રુજની—અને આવી બધી જગ્યાઓની—વિશિષ્ટ કામગીરી રજૂ થઈ. અનેક સ્ત્રીઓ રંગમંચ ઉપર પ્રકાશના તેજભર્યા વર્તુલથી ઘેરાએલી ઊતરી આવી. એ બધી સ્ત્રીઓ જુવાન હતી. એમનું દેહસૌષ્ઠવ નિહાળી, વીણીવીણીને ચૂંટી આણીને આ રંગમંચ ઉપર મૂકી દીધી હતી. તેમણે બધીએ માત્ર કમર આસપાસ થોડું કપડું વીંટાળેલું હતું અને બાકી આખે અંગે ઉઘાડી હતી. સેંકડો પ્રેક્ષકોની સામે આવી હાલતમાં આવીને તે સ્ત્રીઓ અંગો ઉછાળતી હતી, ઊભી રહેતી હતી, નાચતી હતી, ગાતી હતી, આવતી હતી ને જતી રહેતી હતી. આ બધું લાંબો વખત ચાલ્યું. કેટલું ચાલ્યું હશે તેનો બરોબર ખયાલ નથી, કેમ કે મારી આંખો ઊંઘે ઘેરાએલી હતી. આખા દિવસની રઝળપાટથી થાક્યો હતો. અને આ બધું પ્રદર્શન, કોણ જાણે કેમ, આનંદ નહોતું આપતું. મેં વચ્ચે એકબે વાર મારી સાથે બેઠેલ અમેરિકન કુટુંબ તરફ નજર નાખી. એ ત્રણે જણ ચાલતું હતું તે જોવામાં મશગૂલ હતાં. કશાક આનંદનું, કશીક પરિતૃપ્તિનું સ્મિત એ ત્રણેના ચહેરા ઉપર પથરાએલું પડ્યું હતું.

આંખો ઉઘાડી રાખવાનો મારાથી બનતો પ્રયત્ન મેં કર્યો. આ બધું જોવા તો અહીં આવ્યો હતો. પારી(સ)ની સુંદરી અને એનું અંગસૌષ્ઠવ આખા જગતમાં વખણાતાં હતાં. અહીં એમના નિર્ભેળ સ્વરૂપે એ રજૂ થતાં હતાં. ...છતાં કોણ જાણે કેમ, મને મઝા નહોતી આવતી ને બધું બીભત્સ લાગતું હતું. ન ગમે એ અર્થમાં બીભત્સ. સ્ત્રીઓનાં અંગોનું આવું સમૂહદર્શન બીભત્સ નહિ બની જતું હોય ? શયનકક્ષના એકાંતમાં જે રહસ્ય ખુલ્લું થાય એ રહસ્યને આખા જગસમસ્ત સમક્ષ ખુલ્લું થએલું જોવામાં સૌંદર્યનો જ દ્રોહ થતો નહિ લાગતો હોય ? ખબર નથી. પણ મારી આંખ તો માંડ ઉઘાડી રહેતી હતી... ઓચિંતી એ એક સપાટે ઊઘડી ગઈ. ચારે બાજુ તાળીઓના ગડગડાટ થતા હતા અને પરદો બંધ થતો જતો હતો. બેબાકળી નજરે મેં મારાં સાથીદારો તરફ જોયું. તે ઘડીક બંધ થતા પરદા તરફ ને ઘડીક મારા તરફ જોઈ રહ્યાં હતાં. તાળી પાડતાં હતાં અને હસતાં જતાં હતાં. 'બંધ થયું ?' સરખા ભાનમાં આવતાં મેં પૂછ્યું.

'લાગે છે.' યુવતી હસી.

'તમને બહુ મઝા આવી લાગે છે ?' વૃદ્ધા હસી.

'હા જી. એવી મીઠી નિંદર આવી ગઈ હતી !' મેં કહ્યું.

'ખબર છે તમને ?' પેલો જુવાન બોલ્યો : 'અમે જ્યારેજ્યારે સામે જોઈ રહેવાથી કંટાળતાં હતાં ને, ત્યારે તમારી સામે જોઈ લેતાં હતાં. તમે જાણે તમારા શયનખંડમાં સૂતા હો એવી નિરાંતથી ઊંઘતા હતા. એ જોવાની મઝા આવતી હતી.' 'ને છતાં મારી ઉદારતા જુઓ.' મેં કહ્યું: 'આ લોકો તમને મઝા કરાવવાના આટલા બધા પૈસા માગે છે, ને હું તો એક પૈસો પણ નહિ માગું.'


હસીને સહુએ હાથ મિલાવ્યા. પછી જઈને અમારી બસમાં બેઠો. હોટલ પર ઊતર્યો ત્યારે ત્રણ થયા હતા. થાક લાગ્યો હતો ને ઊંઘ આવતી હતી. પણ સારું થયું કે આ અનુભવ કર્યો. ન કર્યો હોત તો કુતૂહલ એ બધી વસ્તુઓને અનેરા રોમાન્સે છાઈ દેતું હોત. (ચાલુ)

કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવાની શાફરની પદ્ધતિ →



કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી




શ્વાસાવરોધની એકમાત્ર સારવાર તાત્કાલિક કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવાની છે. આની ઘણી રીતો છે, પણ શાફર (Schafer)-ની પદ્ધતિ સારી ગણાય છે.

ઉપર આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે એક પડખે મોં રાખી રોગીને ઊંધે માથે સપાટ જમીનઉ પર સુવાડવો. તેના બન્ને હાથ કોણીમાંથી વાંકા વાળી બગલમાંથી માથા પાસે ઊંચા આવે એમ ગોઠવવા. જરૂર પડે તેને ગરમ રાખવા શરીર નીચે અને ઉપર ધાબળા રાખવા.

એ પછી દર્શાવ્યા પ્રમાણે રોગીની એક બાજુએ ધૂંટણ વાળી બેસવું અને બન્ને હથેળીઓ એના બરડા પર ગોઠવવી.

કોણીમાંથી વળે નહિ તે રીતે બન્ને હાથ અક્કડ રાખી ધીમેથી રોગીની ઉપર મથાળાની આકૃતિ પ્રમાણે વાંકા વળી, ભાર આપવો. સીધા અને અક્કડ હાથથી તમારું વજન હાથ અને પોંચા ઉપર થઈ રોગીની કેડ ઉપર આવશે. જોસથી કે ભારપૂર્વક દબાણ કરવાની જરૂર નથી. તમારા શરીરના વજનથી જોઈતું દબાણ આવી રહેવાથી રોગીનું પેટ જમીન ઉપર દબાઈને પેટનાં અવયવો ઉદરપટલ ભણી જોસથી ધકેલાય છે. આમ થવાથી ઉચ્છ્વાસની ક્રિયા થાય છે જે દરમિયાન ફેફસાંમાંથી હવા, પાણી કે શ્લેષ્મ બહાર ધકેલાય છે.



પછી તરત જ ધીમેથી પાછા પડવું. એથી રોગીની કમર ઉપરનું દબાણ દૂર થઈ ઉદરપટલ પાછો પડે છે અને એથી ફેફસાંમાં હવા પુરાય છે. રોગી ઉપર વાંકા વળવામાં બે સેકન્ડનો સમય વીતવો જોઇએ. આસ્તેથી એક ને બે ગણવામાં બે સેકન્ડ થઈ રહેશે. પહેલી સેકન્ડમાં દબાણ વધારવું, બીજી સેકન્ડમાં સ્થિર કરવું. ત્રીજી સેકન્ડે ઢીલું કરવું. પછી એક ને બે ગણતાં સુધી રોગીની કમર ઉપર હાથ રહેવા દઈને આરામ કરી લેવો. એક મિનિટમાં બાર પંદર વખત રોગી ઉપર આ રીતે દબાણ આપવું અને પાછા પડવું.


રોગીને ઊંધે માથે ન સુવાડી શકાય ત્યારે કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ માટે સિલ્વેસ્ટર(Silvester)ની રીત અજમાવવી. જોકે એમાં જીભ ગળામાં પાછી પડતી હોવાથી ફેફસાં મોં ગળા ને નાકમાંથી પાણી, ઊલટી ને શ્લેષ્મ બહાર આવવામાં અંતરાય પડે છે.

સિલ્વેસ્ટરની રીતમાં રોગીને ચત્તો સુવાડવો. તેના ખભા નીચે જરૂર લાગે તો ગડ વાળીને કપડું કે ઓશિકું ગોઠવવું જેથી છાતી ઊંચી થવા સાથે ગરદન લંબાઇને માથું નીચું ઢળશે. જરૂર લાગે તો કોઈ સહાયક પાસે રોગીની જીભ રૂમાલ વતી પકડી મોં બહાર ઝાલી રખાવવી. જો તેમ ન બની શકે તો રોગીનું માથું એક બાજુએ ઢળતું રાખવું.


રોગીના માથા પાસે ધૂંટણિયે બેસવું. અને આકૃતિ પ્રમાણે રોગીના હાથ કાંડામાંથી પકડી ઊંચા ને બહાર પડતા રાખી રોગીના માથા ભણી જેટલા જાય એટલા લઈ જઈ, કોણી જમીન ઉપર ટેકવાય એવી રીતે ગોઠવવા. આથી છાતી ફૂલશે અને શ્વાસ લેવાશે. આવી રીતે બે સેકન્ડ સુધી હાથ પકડી રાખવા. પછી હાથ આગળ નીચે ને અંદર પડતા રાખી કોણીમાંથી વાળી પાંસળીઓ ઉપર ગોઠવવા. તે વખતે રોગી ઉપર ઢળતા થઈ બંને પડખાં ને છાતીનાં હાડકાંની બાજુઓ ઉપર દબાણ કરવાથી ઉચ્છ્વાસ થશે. (જુઓ બાજુની આકૃતિ)

છાતી ઉપર આવું દબાણ બે સેકન્ડ સુધી રાખવું. આ રીતમાં માથા ઉપર હાથ લઈ કોણી જમીનને અડે એવી રીતે રાખવામાં બે સેકન્ડ અને છાતી ઉપર રાખી પાછા માથા ભણી લઈ જવામાં ત્રણ સેકન્ડનો સમય વીતવો જોઈએ.

કુદરતી શ્વાસોચ્છ્વાસ પુનઃ શરૂ થવા માટે શાફર કરતાં પણ વધુ કામિયાબ નીવડેલી હૉલ્ગર નીએલસન(Holger Nielsen)ની રીત







પણ જાણવા જેવી છે. એમાં આ આકૃતિ મુજબ રોગીને ઊંધો સુવાડી. તેના બન્ને હાથની એકડી કરેલી હથેળીઓના પાછલા ભાગ ઉપર એક બાજુએ ઢળતું રહે એમ એનું માથું ગોઠવવું. રોગીના માથા પાસે એક ઘૂંટણ ઉપર ઉભડક બેસવું. બીજો પગ તેના બીજા ખભાની બાજુએ રાખવો. રોગીની કરોડની બાજુએ આકૃતિ પ્રમાણે તમારા હાથના અંગૂઠા રહે એવી રીતે બન્ને હથેળીઓ બરડાના ખભાના હાડકાંને



દાબતી ગોઠવવી. (જુઓ આકૃતિ) બન્ને હાથ સ્થિર રાખી હળવેથી આગળ નમવું. ધીમેથી એક બે ત્રણ ગણતાં સુધી આમ કરવું. એ દરમિયાન ઉચ્છ્વાસની ક્રિયા થશે. પછી હથેળીઓનું દબાણ છોડી દઈ રોગીની કોણીઓ સુધી હાથ લઈ જવા. આમાં એક સેકન્ડ જેટલો સમય વીતવો જોઈએ.



પછી વજન જેવું અનુભવાય તેટલા પ્રમાણમાં કોણીમાંથી રોગીના હાથ ઊંચા કરવા. આમ કરવામાં જમીન ઉપરથી એની છાતી ઊંચકાય કે રોગીનું માથું ન હાલે તે જાળવવું. આ ક્રિયા અઢી ત્રણ સેકન્ડમાં પૂરી થવી જોઈએ. આ સમયે શ્વાસની ક્રિયા થશે. ફરી પાછા રોગીના બરડા ઉપર હથેળીઓ ગોઠવી અગાઉની જેવી ક્રિયા ફરી શરૂ કરવી. મિનિટમાં દસ થી બાર વખત આ રીતે શ્વાસોચ્છ્વાસ આપવાની ક્રિયા કરવી અને તે કુદરતી શ્વાસોચ્છ્વાસ ચાલુ થાય ત્યાં સુધી ચાલુ રાખવી.



પીઠ ઉપર દબાણની અને હાથ ઊંચકવાની કૃત્રિમ શ્વાસોચ્છ્વાસની એક સાદી રીત છે. આમાં માથા ભણી હાથ ઊંચા રાખી મોં એક બાજુ ઢળતું રાખી ઊંધા સુવાડેલા રોગીના માથા તરફ એક ઘૂંટણ ઉપર અધુકડા બેસી રોગીના હાથ બાવડામાંથી પકડીને તેને ઊંચકવા પાછા પડવું પછી પીઠ ઉપર હથેળીઓ લઈ જવી અને શરીરનું વજન આપવા રોગી ઉપર નમવું પાંચેક સેકન્ડમાં આ ચારેય ક્રિયાઓ પૂરી કરવી એટલે કે એક મિનિટમાં રોગીને બાર વખત આ રીતે કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા.

(ચાલુ)

અનુસંધાન] **રાગિણીદેવી** [પૃ. ૩૩૨થી

સડાઈકેલા રાજ્યનાં મ્હોરાંવાળાં છાઉ નૃત્યોનો પણ તેમણે ઊંડો અભ્યાસ કર્યો છે. છેક ૧૯૨૮માં ભારતીય નૃત્યો પર 'નૃત્તાંજલિ' નામે પુસ્તક ન્યૂ યૉર્કમાં તેમણે પ્રગટ કરેલું. આમ ભારતીય નૃત્યક્ષેત્રે તેમની સેવાઓ ઘણી મૂલ્યવાન છે.

રાગિણીદેવીનાં નાની–માતામહી–ભારતીય સ્ત્રી હતાં અને કોઈ અંગ્રેજ કુટુંબે દત્તક લઈ તે અજ્ઞાતનામ સ્ત્રીને લંડન લઈ જઈ કેળવણી-શિક્ષણ વગેરે આપેલું. પાછળથી તેઓ બધાં અમેરિકા જઈ વસેલાં. રાગિણીદેવીનાં મા વાયોલિન સરસ વગાડતાં. નાનીને જોયાનું રાગિણીદેવીને સ્મરણ છે. તેમનું ભારતીય નામ 'બેલા' હતું. પિતા ત્યારે અમેરિકામાં નવી નંખાતી રેલવે લાઈનમાં નોકરી કરતા, પરંતુ નાની તથા માના સંગીતપ્રેમે રાગિણીને નૃત્યો પરત્વે વાળેલાં. બીજી પેઢીએ તે ભારત પ્રત્યે આકર્ષાયાં. ન્યૂ યૉર્કમાં કેમિકલ લાઈનમાં કામ કરતા કનૌજ–ઉત્તર પ્રદેશ તરફના શ્રી ઠાકુરપ્રસાદ બાજપાઈ સાથે રાગિણીદેવી લગ્નગ્રંથિથી જોડાયાં. તેમની એકમાત્ર પુત્રી શ્રીમતી ઈન્દ્રાણી રહેમાન વિખ્યાત નૃત્યાંગના છે. નાની વયથી જ તે માતા પાસે નૃત્યો શીખ્યાં હતાં. શ્રીમતી ઈન્દ્રાણીનો નાનો પુત્ર રામ પણ નૃત્ય શીખે છે. આમ રાગિણીદેવીની ત્રીજી પેઢીએ ભારતીય નૃત્યપરંપરાનો તંતુ વિકસ્યો છે. હાલ તેઓ નિવૃત્ત જીવન ગાળે છે અને ભારતીય નૃત્યો પર બીજું એક પુસ્તક લખી રહ્યાં છે. ભારતીય સંગીત પર પણ એક પુસ્તક તેમણે લગભગ પૂરું કર્યું છે.

પચ્ચીસ વર્ષ પહેલાં



ભારતીય સંગીતના રાગોના શ્રવણથી મનમાં ઊઠેલાં કેટલાંક ચિત્રો સુન્દરમે કાવ્યોમાં શબ્દબદ્ધ કરેલાં. પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં પ્રકટ થએલાં તે પૈકી એક (સામે).

સંગીતના રાગનાં ચિત્રો તેમજ કાવ્યો એ નવાઈની વસ્તુ નથી. પણ અત્યાર લગીનાં રાગ વિષયક કાવ્યોમાં આ કાવ્યોની નવીનતા કહેવી હોય તો તે એ કે રાગનું આખું ચિત્ર પ્રકૃતિની વિશાળ ભૂમિ ઉપર મંડાઈને પ્રાણી અને મનુષ્યસૃષ્ટિમાં સંક્રાન્ત થતુંથતું પોતાની ગતિને કોક માનવભાવમાં સ્થિર કરે છે.



· શિખરિણી ·

લચંતી સાખોથી ક્ષિતિ ઉભરતાં આમ્ર તરુ થાં,
અને રક્તશ્યામે ફલથી લસતાં જંબુવન ત્યાં,
મહા દ્રાક્ષાકુંજે લલિત ઝૂમતા પુંજ મધુના
અને ઈક્ષુક્ષેત્રે નરતત ધરાનો રસ કશો !

વિશાળાં બીડોમાં ધણ વિચરતાં શષ્પભુજતાં,
શુકોનાં વૃન્દોના કલરવ ફલોનાં વિટપ પે,
પિવાડે ગૌ હેતે પય લિહીલિહી વત્સશિરને,
અને માદા દેતી ચણ વિકસિયા શાવકમુખે.

ત્યહીં ભક્તે અન્ન પ્રભુપદ ધર્યાં કૂટ રચીને,
ઉદારે કો જીવે સકલ જનને ભોજ અરપ્યો,
અને ર્‌હેલી માતા નિજ સકલ સૌભાગ્યરસને
રહી સ્રાવી દેઈ સ્તનમુખ શિશુના મુખ મહીં.

સમસ્તાં ભોજ્યોના મધુભૃત મહા પુદ્‌ગલસમ
તને પ્રાશ્યો પ્રાશ્યો સભરરસ કેદાર પરમ !

'એક દોરડાને આશરે' અવકાશમાં, જમીનથી અરધો માઈલ ઊંચે, એક મહાકાય ઝેપલિનમાંથી લટકતા ૨૦૦ ફૂટ લાંબા દોરડાને છેડે અકસ્માતે લટકી રહેલા એક જુવાનના ભયાનક અનુભવની કથા : શ્રી જગજીવન ખુશાલ મિસ્ત્રીએ અંગ્રેજી પરથી ઉતારેલી :

દસમી મેના દિવસે યુનાઈટેડ સ્ટેટ્સના નૌકાદળના મથકમાં હુકમ આવ્યો કે આવતી કાલે બસો નાવિકોએ જંગી હવાઈ જહાજ ઍક્રૉનને જમીન પર ઉતારવામાં મદદ કરવા જવાનું છે. અગિયારમીએ બહુ જ વહેલા અમને મેદાનમાં લઈ જવામા આવ્યા.

થોડી જ વારમાં એક જંગી રૂપેરી સિગાર જેવા ઘાટનું ઍક્રાન નજરે પડ્યું. જમીનથી બસોક ફીટ જેટલું દૂર રહ્યું હશે ત્યાં તેના મોરાનું દોરડું નીચે નાખવામાં આવ્યું. અને તરત મૂરિંગ માસ્ટના તારની જોડે તેને જકડી લેવામાં આવ્યું. માસ્ટનાં યંત્રો ધમધમાટ અવાજ કરવા લાગ્યાં, દોરડું ટાઈટ થતું ગયું અને પછી જેમજેમ તે વીંટળાતું ગયું તેમતેમ હવાઈ જહાજ માસ્ટ તરફ ખેંચાવા લાગ્યું. પછી બીજાં નાનાં દોરડાં જહાજમાંથી નીચે ફેંકવામાં આવ્યાં અને અમને એંશી નાવિકો તે પકડીને જહાજને સ્થિર કરવાનો અને તેને માસ્ટ તરફ લઈ જવાનો હુકમ થયો. જહાજના ખોખામાં મોરા નીચે આવેલા એક દોરડાને મેં પણ પકડી લીધું.

એવામાં એકાએક ગરમ પવનનો સુસવાટો આવ્યો અને ઍક્રૉનનાં દોરડાં જોરથી ખેંચાયાં. એને લીધે જબરા આંચકા સાથે તે જમણી બાજુ નમી ગયું, અને તેને સ્થિર કરવાને દોરડાં ખેંચતા મારા સાથીદારોને મેં જમીનથી અધ્ધર ઊપડતા જોયા. મૂરિંગ માસ્ટના મથાળા પરના ઑફિસરોને હવાઈ જહાજમાંથી હુકમો અપાતા હું સાંભળી શક્યો હતો. પણ જ્યાં સુધી છોડી દેવાનો હુકમ ન મળે, ત્યાં સુધી લટકી રહેવાની જ અમને સૂચનાઓ આપવામાં આવી હતી, અને છોડી દેવાનો હુકમ મારા સાંભળવામાં આવ્યો જ નહોતો; એટલે જમીન પર પગ ટકાવી રાખતાં પણ મને ઘણી જ મુશ્કેલી પડતી હતી છતાં હું મારા દોરડાને જોરથી ખેંચી રહ્યો હતો.

ત્યાં તો એક સખત આંચકાભેર હું પચીસ ફૂટ ઊંચે હવામાં ખેંચાઈ ગયો ! પૃથ્વી મારાથી દૂર ને દૂર નીચે જતી હતી અને જગતના સર્વોત્કૃષ્ટ હવાઈ જહાજને જોવા મળેલી હજારો માનવોની મેદની પર હું અધ્ધર લટકતો હતો ! ત્યારે મેં જો તરત દોરડું છોડી દીધું હોત તો સલામત નીચે પડ્યો હોત; પરંતુ તેથી નીચે કેટલાક લોકોને ઈજા થવાના ભયે હું ટીંગાઈ જ રહ્યો.

હું તો એમ જ ધારતો હતો કે થોડીક ક્ષણને માટે ઍક્રાન આમ ઊંચે ગયું હશે અને તરત જ પાછું ઠેકાણે આવી જશે. પણ એટલામાં મારી નજર નીચે ગઈ, અને મારાં ગાત્ર ગળી ગયાં ! મેં જોયું તો ઍક્રાનને મૂરિંગ માસ્ટ સાથે જોડી રાખતો તાર તૂટી ગયો હતો અને કોઈ અમર્યાદ વેગથી મને ખેંચતું ઍક્રાન હવામાં ઊંચે ચડ્યે જતું હતું ! પૃથ્વી મારાથી એટલી ઝપાટાબંધ દૂર ને દૂર નીચે સરતી જતી હતી કે એ જોઈ મને તમ્મર આવવા લાગ્યાં. હવે તો દોરડાનો એ છેડો અને તેના પર લટકી રહેવાની મારી શક્તિ સિવાય મારી અને મૃત્યુ વચ્ચે બીજું કાંઈ રહ્યું નહોતું !

હું આશરે દોઢસોક ફીટ ઊંચે હવામાં ગયો હોઈશ ત્યાં મેં બીજા બે નાવિકોને મારી જ પેઠે દોરડાં પર લટકતા જોયા. પણ બીજી જ ક્ષણે મેં જે દૃશ્ય જોયું એ જોઇને તો હું ભયથી બેભાન જેવો થઈ ગયો ! એ બેમાંના એકને તેની પકડ છોડતો અને પૃથ્વી તરફ ગબડતો મેં જોયો. તે પૃથ્વી પર પછડાયો એવો જ તેનો દર્દમય ચીત્કાર હવામાં ગુંજતોગુંજતો મારા કાને અથડાયો અને એ સાંભળીને, હતી તેટલી હિંમત ભેગી કરી હું મારા દોરડાને ખચખચાવીને જોરથી ચોંટી રહ્યો. પછી મેં બીજા સાથીદારની સ્થિતિ જોવા તેના તરફ જોયું. અમે ત્યારે અઢીસો ફીટની ઊંચાઈએ પહોંચ્યા હતા. જેવી મેં તેના તરફ નજર કરી તેવો જ મેં તેને પણ હિંમત હારીને દોરડું છોડી દેતો તથા પહેલાના હાલે જમીનદોસ્ત થતો જોયો !

'હવે તારો વારો છે, બચ્ચા કૉવર્ટ!' મેં મારી જાતને કહ્યું. અને ધબકતા હૃદયે દાંત કચકચાવીને દોરડાની પકડ વધુ સજ્જડ કરી.

થોડી મિનિટમાં તો હું પૃથ્વીથી પૂરા પાંચસો ફીટ ઊંચે જઈ પહોંચ્યો; અને હવાઈ જહાજમાંના અફસરો જહાજને ફરીથી કાબૂમાં લાવી શકે તે પહેલાં કેટલોક સમય જશે તેની ચિંતા કરવા લાગ્યો.

સાધારણ સંજોગોમાં તો, હું માનું છું કે, હું બસો ફીટના એ દોરડા પર હાથ વતી ચડી ગયો હોત! પરંતુ અત્યારે તો હું કેવી કટોકટીભરી સ્થિતિમાં હતો તેનું મને પૂરેપૂરું ભાન હતું; કેમ કે જહાજની જે નાની બારીમાંથી મારું દોરડું લટકતું હતું ત્યાં પહોંચ-

વાને માટે મારું બળ બહુ જ ઘટી ગયું હતું. અત્યારે તો લટકી રહેવા કે નીચે પડવા સિવાય ત્રીજું હું કાંઈ જ કરી શકું તેમ નહોતો.

ધીમે ધીમે મને મારી આંગળીઓ લપસતી લાગી! અરેરે, આ દોરડામાં એક જ ગાંઠ ક્યાંક હોત તો? ઊંચે નજર કરી; પણ ત્યાં તો હતો આસ્માની આકાશનો અમાપ વિસ્તાર, તેમાં દોડતી થોડી વાદળીઓ, અને મહાકાય ઍક્રાનની રેખાઓ. પછી નીચે દૃષ્ટિ કરી તો પૃથ્વી એક માઈલ જેટલી નીચે લાગી! એ જોતાં નીચે પડવાનાં વિચારમાત્રથી જ મને ધ્રુજારી આવી ગઈ. દોરડાને વળગી રહેવામાં જો નિષ્ફળ જાઉં તો મારા રાઈરાઈ જેટલા કુરચા જ ઊડી જાય તેમ હતું!

પણ એવામાં તો મારી નજર એક એવી વસ્તુ પર પડી, જે જોઈને મેં છુટકારાનો દમ ખેંચ્યો. એ હતો, મારા પગથી પંદર ફીટ જેટલે નીચે દોરડામાં વણી લીધેલો, દસેક ઇંચ જેટલો લાંબો લાકડાનો કટકો!

તરત જ મને એક વિચાર સૂઝ્યો. મેં મારા જમણા પગ વડે દોરડાને આમળો લઈ મારા ડાબા પગને બ્રેક તરીકે વાપર્યો અને ધીમેધીમે એ લાકડાના કકડા તરફ સરકવા માંડ્યું. અંતે લાકડાનો કટકો બરાબર મારા સાથળ નીચે આવ્યો કે મારું વજન તેના પર ટેકવી મેં બેઠક જમાવી. પડી જવાનો ભય આમ નાબૂદ થયો, એટલે હવે મેં એક હાથ વતી દોરડું પકડી રાખી બીજા હાથને આરામ આપવા અને તેનાં અકડાઈ ગએલાં આંગળાંમાં લોહી વહેતું કરવા તેને છુટ્ટો કરીને લંબાવવા માંડ્યો. આમ વારાફરતી કરવાથી થોડી મિનિટમાં મારા હાથોમાંથી દુઃખ અને બધિરતા જતાં રહ્યાં. મેં ઊંચે જોયું તો એ જંગી હવાઈ જહાજ તેની બધી મોટરો ચાલુ કરીને ઘૂમતું જણાયું; ને નીચે નજર કરી તો નાના પાથરેલા નકશા જેવા દેખાતા સાન ડીઆગો શહેર પર અમે ચક્કર લેતા માલૂમ પડ્યા!

લાકડાના એ કટકા પર હું ભાગ્યે જ અર્ધો કલાક બેઠો હોઈશ ત્યાં તો મારા સાથળોમાં દુખાવો શરૂ થયો! અને તેને પરિણામે મારા પગોમાં બધિરતા આવી જણાઈ. હવે મારી અધીરાઈ વધવા માંડી: હવાઈ જહાજમાંનાં માણસો મારી સ્થિતિ વિષે શું કરવા ધારતા હતા? તે જ સમયે એક ભયપ્રેરક વિચાર મને સ્ફુરી આવ્યો. હું અહીં લટકતો હતો તે વિષે ઍક્રૉન પરના માણસો શું અજ્ઞાત તો નહિ હોય? ઍક્રાનની મોટરોના ધમધમાટ કરતા અવાજને ડુબાડી દેવા જેટલી મોટી બૂમ હું પાડી શકું એ તો અશક્ય જ હતું, છતાં જિજિવિષાને વશ થઈને મેં એક હાથને મોઢા આગળ રાખીને જોરથી બૂમ મારી: 'આ જહાજને તમે નીચે ઉતારવાના નથી કે શું?'

અને, મારા આશ્ચર્ય વચ્ચે, દોરડું લટકતું હતું તે બારીમાં એક માથું દેખાયું ને અવાજ આવ્યો: 'જોરથી બેસી રહેજે, છોકરા! બરાબર લટકી રહેજે! સૂર્યાસ્ત થયા પહેલાં અમે નીચે ઊતરવાનો પ્રયત્ન કરી શકીએ નહિ, ત્યાં સુધી બરાબર ચિટકીને લટકી રહેજે. પહેલી જ તકે અમે તને ઉપર ખેંચી લઈશું.'

પાછળથી મને જાણ થઈ હતી કે હવાઈ જહાજના ઑફિસરે મને બસો ફૂટ નીચે લટકતો જોઈ ધાર્યું હતું કે હું દોરડામાં ગુંચવાઈ ગયો હતો અને કાં તો બેભાન અવસ્થામાં અથવા તો મુડદા રૂપે ત્યાં લટકતો હતો! એ તો જ્યારે એમણે મને બૂમ મારતો સાંભળ્યો ત્યારે જ તેઓએ જાણ્યું કે હું મારી જિંદગી માટે લટકી રહ્યો હતો!

લાકડાના કટકા પર એકાદ કલાક બેઠો હોઈશ, ત્યાં તો મારા નીચેના અવયવોમાં અસહ્ય પીડા થવા લાગી. હવે હું તે કોઈ પણ ભોગે સહન કરી શકું તેમ નહોતો, એટલે નિરુપાયે, સમતોલપણું ખોવાના તથા અવકાશમાં ફેંકાઈ પડવાના જોખમે પણ, હું ફરી દોરડા પર હાથ વતી ચડવા લાગ્યો. આમ, લાકડાનો કટકો બરોબર મારા પગની નીચે આવ્યો ત્યાં સુધી હું ઉપર સરક્યો. કેટલીક મિનિટો સુધી તો મારા અચોક્કસ પગનો ભરોસો નહિ રાખતાં, મેં મારા વજનને મારા હાથ વતી જ ટેકવી રાખ્યું. તરત જ લોહીનું ફરવું શરૂ થતાં બધિરતા નાસવા માંડી અને મને નિરાંત વળી.

બીજા એક કલાક સુધી તો હું આમ વારાફરતી એ લાકડાના કટકા પર બેઠો ને ઊભો. મારા હાથ દોરડું પકડી પકડીને થાકી જાય ત્યાં સુધી હું ઊભો રહેતો; અને પછી લાકડાનો કટકો મારા સાથળોમાં પેસવા લાગે ત્યાં સુધી બેસી રહેતો. પણ હવે એક ભય પેદા થયો: ઠંડીથી મારું શરીર બધિર થતું જતું હતું! રોજિંદા સફેદ ડકના યુનિફૉર્મ સિવાય મારા શરીર પર બીજું કાંઈ જ નહોતું અને ઊંચાઈ બદલાઈ જવાથી ત્રીસ ડિગ્રી ઘટી ગએલા ટેમ્પરેચરમાં કલાકના સાઠથી સિત્તેર માઇલની ઝડપે હું હવામાં ઘસડાતો હતો! પ્રથમ તો મારું આખું શરીર ઠંડું થવા લાગ્યું; પછી મારા હાથપગ બહેરા પડી ગયા. જ્યાં સુધી હવાઈ જહાજ સૂર્યતેજમાં ફરતું હતું, ત્યાં સુધી તો મને બહુ અસર નહિ, પરંતુ જ્યારે તે નીચાં લટકતાં વાદળાંઓમાંથી પસાર થયું ત્યારે તો મારાં પાતળાં કપડાં બરફ જેવાં જ લાગ્યાં.

ખાતરીપૂર્વક વખત ગણવાનું મારી પાસે સાધન નહોતું. પરંતુ સૂર્યની ગતિ પરથી મને લાગ્યું કે હું દોરડા પર આશરે બે કલાક સુધી હતો. તે દરમિયાન હું એટલો બધો ઠંડો થઈ ગયો કે મેં ધાર્યું કે હવે એક પણ મિનિટ વધારે લટકી શકીશ નહિ. હું જમીન તરફ જોવા લાગ્યો અને મારા આશ્ચર્ય વચ્ચે મેં જોયું કે તમ્મરની જરા પણ અસર વિના હવે હું નીચે નિહાળી શકતો હતો.

ફરી હવાઈ જહાજનાં માણસો પર મને ગુસ્સો આવવા લાગ્યો. મને લાગ્યું કે મને મદદ કરવાને તેઓ કાંઈ જ કરતા નહોતા. એમને થોડીક સરસ્વતી સંભળાવવાની ઇચ્છાથી હું લાકડાના કટકા પર ઊભો થયો, ત્યાં તો દોરડું જરા ખેંચાયું હોય એમ મને લાગ્યું. ઊંચે જોતાં હવાઈ જહાજની બારીમાંથી બહાર આવતા અને દોરડાને ખેંચતા બે હાથ મેં જોયા. હવે તો સ્પષ્ટ હતું કે મને હવાઈ જહાજમાં ખેંચી લેવાને તેઓ મહેનત કરતા હતા; એટલે હું ચૂપ રહ્યો અને નવી પ્રકટેલી આશાથી દોરડાને વળગી રહ્યો.

પણ એટલો વખત તો જાણે એક યુગ જેવડો મને લાગ્યો. 'આ ગમારો ઉતાવળ કેમ નહિ કરતા હોય?' હું મનમાં મોટેથી બબડ્યો. તે જ સમયે દોરડાને એક બીજો આંચકો લાગ્યો. ઊંચે જોતાં મારી અને હવાઈ જહાજની વચ્ચેનું અંતર થોડા ફીટ ઘટ્યું હોય તેમ લાગ્યું. મારા દોરડાને ખેંચતા એ હાથોને હું હજી નિહાળી શકતો હતો.

હું લટકતો હતો તે દોરડાના બસો ફીટ હવે ધીરેધીરે અદૃશ્ય થતા ગયા. આખરે જેવો હું તે બારીની કિનારે લગભગ સ્પર્શ કરી શકું એટલો નજીક જઈ પહોંચ્યો કે તરત જ બારીમાંથી એક કર્કશ અવાજ ગાજ્યો: 'તારો હાથ ઊંચો કર.' ડાબા હાથ વતી દોરડાને પકડીને મેં મારો જમણો હાથ લંબાવ્યો. તરત જ મારો હાથ જાણે રીંછને પકડવાના સકંજામાં જકડાયો હોય તેમ જકડાયો અને મને બારી વાટે જોરથી અંદર ખેંચી લેવામાં આવ્યો.

બારીથી હવાઈ જહાજની અંદર પાછા જવાના રસ્તાની સપાટી સાથે જ્યારે મારા પગને સ્પર્શ થયો, ત્યારે સહીસલામતી અને હાશની કેવી અકથનીય લાગણી મારી પર ફરી વળી હતી! આખરે હું સહીસલામત હતો!

વહાણકથા-૮




ઈ. ૧૮૮૦માં નૉર્વેના પાટનગર ઑસ્લો પાસે ગૅાકસ્ટાડમાં કોઈ અગ્રણી વાઇકિંગ નેતાના શબ સાથે દફનાવેલું એક વહાણ મળી આવ્યું. વાઇકિંગો જ્યારે ઈંગ્લંડ પર ચડી આવ્યા એ કાળ એટલે કે લગભગ ૯મી સદીનું એ લાક્ષણિક જહાજ સામાન્ય વાઇકિંગ વહાણો કરતાં વધુ પહોળું ને ઊંડું હતું. એ સમયનાં ઉત્તરનાં વહાણોમાં સઢ ન ફરકે ત્યારે એ હલેસાં મારીને ચલાવાતાં.

ફગફગતા સઢ તથા વહાણ વચાળે ઊભી કરેલી છાપરીના કાપડના રંગીન ચટાપટા, પડખાંની ધારે ભેરવેલી રંગબેરંગી ઢાલો તથા મોરે છેડે ને કૂવાથંભની ટોચે મૂકેલાં સર્પમૂખ જેવાં શોભનોવાળું વાઇકિંગ જહાજ દરિયાની સપાટી પર બહુ સુંદર દેખાતું.

ઉત્તરનાં આ વહાણોમાં મોરા તરફ જોતાં જમણે પડખે છેડે એક હલેસા જેવું સુકાન રહેતું. એના પરથી વહાણનો એ ભાગ 'સ્ટીઅર બોર્ડ' કહેવાતો જે (શબ્દ) આગળ જતાં 'સ્ટાર બોર્ડ' બની ગયો.

ઈ. ૯૮૫માં વાઇકિંગો ગ્રીનલૅન્ડ સુધી પહોંચ્યા. એથી આગળ તેઓ અમેરિકા સુધી પણ ગયા. આ જિગરબાજ લોકોએ દક્ષિણનો દરિયો પણ ખેડ્યો અને સ્પેનને ફરીને ભૂમધ્ય સાગરમાં ને ત્યાંથી બાલ્ટિક સમુદ્રમાં થઈ પ્રાચીન રશિયન નગરી 'કીવ' સુધી પહોંચેલા. આશરે ઈ. સ. ૯૧૨માં ઉત્તર ફ્રાંસને કિનારે એમણે વસાહત સ્થાપી તે 'નોર્થમંડી' અને પછી 'નૉર્મંડી' તરીકે ઓળખાઈ. ડ્યૂક રિચાર્ડ એનો પહેલો શાસક હતો. ભવિષ્યમાં એના જ વંશજ વિલિયમે ઈંગ્લંડના સૅક્સન રાજ્ય પર ચડાઈ કરી હૅસ્ટિંગ્સની લડાઈમાં ઇતિહાસપ્રસિદ્ધ વિજય મેળવેલો.

૯મી સદી સુધીમાં તો નૉર્સમેનોએ અનેક નવાં નગરો સ્થાપ્યાં. ઈ. ૧૦૧૬માં કૅન્યુટ ઈંગ્લંડ પર વિજય મેળવી ડેન્માર્ક, નૉર્વે, ઇંગ્લંડ ને હેબ્રાઇડ્સ ટાપુઓનો સમ્રાટ બનતાં એક મોટું નૉર્ધર્ન સામ્રાજ્ય સ્થપાયું ને વાઇકિંગોનો દરિયામાં ભટકવાનો કાળ સમાપ્ત થયો.



હે મુજ માતૃભૂમિ!
રગરગના પ્રતિસ્પંદનમાં બસ તું જ રહી છે ઘૂમી!
લીલાં મસ્તક જહીં વધેરી રળી શહીદી શાતી,
કર કોમળ કંકણવંતાએ ધરી તેગ જ્યાં તાતી;
કાળ થપાટો કૈક જીરવી દેવતવાળી ભૂમિ!-હે મુજ૦

—ફકીરમહંમદ મનસૂરી

ત્રણ કલાવિવેચકો

તાજેતરમાં આપણે એકસામટા ત્રણ ખ્યાતનામ કલાવિવેચકો ગુમાવતાં આપણી કલાભિરુચિની કેળવણીના ક્ષેત્રમાં મોટી ખોટ પડી છે. એમનાં લખાણોનું ધ્યેય માત્ર વિવેચન જ ન બની રહેતાં લોકોની કલાભિમુખતા કેળવવાનું રહ્યું હતું.

સ્વ. કલામર્મજ્ઞ ચાર્લ્સ ફાબ્રી

ભારોભાર વિદ્વત્તા, ચોકસાઈ ને માહિતીથી ભરપૂર છતાં પ્રતીતિજનક વિશદ શૈલીનાં પોતાનાં કલાવિવેચનોથી દેશવિદેશમાં ખ્યાતનામ ચાર્લ્સ ફાબ્રી આપણા સમૃદ્ધ ને પ્રાચીન-અર્વાચીન કલાધનનું સાચું મૂલ્યાંકન આપનાર એક સહૃદયી ને લોકપ્રિય કલામર્મજ્ઞ હતા. ગયા માસ (જુલાઇ)ની છઠ્ઠી તારીખે દિલ્હીમાં ૬૯ વર્ષની વયે એમનું એકાએક અવસાન થતાં જે અનેક ચિત્રકારો, શિલ્પીઓ, નૃત્યકારો ને અદાકારોને એમણે જાહેરમાં આણી પ્રતિષ્ઠા અપાવી હતી એમની, તથા એમના લેખો વાંચીને જેમણે પોતાની કલાભિરુચિ વિકસાવી હતી એ સર્વ કલાપ્રેમીઓની સાથે આપણને સૌને એક સાચા કલાપારખુંની ભારે ખોટ પડી છે.

ડૉ. ચાર્લ્સ લુઈ ફાબ્રીનો જન્મ બુડાપેસ્ટમાં ઈ. ૧૮૯૯માં એક ઉપલા મધ્યમ વર્ગના સુખી કુટુંબમાં થએલો. એ કુટુંબમાં દરેક જણે કોઈ ને કોઈ કળા હસ્તગત કરી હતી. પિતા નાટ્યના રસિયા હતા, માતા પીઆનો વગાડતાં અને ગાતાં, ભાઈ જાણીતા ચિત્રકાર અને એચર છે અને એક બેન કુશળ પીઆનોવાદક છે. પણ ચાર્લ્સને જ્યારે યુનિવર્સિટીમાં જવાનો સમય આવ્યો ત્યારે કમનસીબે કુટુંબની આર્થિક સ્થિતિ નાજુક થઈ પડી અને એમને છ વર્ષ સુધી કલાના ઇતિહાસનું શિક્ષણ આપવામાં જોડાઈ જવું પડ્યું. સાથોસાથ તેઓ કેટલીક ભાષાઓ પણ શીખવતા. (અવસાન સમયે તેઓ અંગ્રેજી, ફ્રેંચ, જર્મન, હંગેરિયન, ડચ, ઈટાલિયન, સ્પૅનિશ, હિંદુસ્તાની, સંસ્કૃત, પાલી, લૅટિન ને ફારસી ઉપરાંત અન્ય કેટલીક ભાષાઓ જાણતા હતા અને ત્રેવડી ડૉક્ટરેટ ધરાવતા હતા.) પોતાના આ વિકાસ દરમિયાન એમણે હોલૅન્ડની લાઇડન યુનિવર્સિટીના વિખ્યાત ઈન્ડોલૉજિસ્ટ (પ્રાચ્યવિદ્યાવિદ) પ્રો. ફોગેલના સહાયક તરીકેની નિમણૂક મેળવી હતી.



ચાર્લ્સ ફાબ્રી



વ્યંકટ અચલમ



હર્બર્ટ રીડ

ઈ. ૧૯૩૧માં સર ઑરેલ સ્ટાઈને એમની સેવા માગી અને તેઓ બ્રિટિશ મ્યૂઝિયમના પ્રતિનિધિઓ સાથે ભારત આવ્યા. પાછા ફરતાં મધ્ય પૂર્વમાં ઈરાન, ઈરાક, તુર્કસ્તાન વગેરેમાં થઈને લંડન ગયા ત્યારે ત્યાં એમને બ્રિટિશ મ્યૂઝિયમમાં નિમણૂક મળી.

ઈ. ૧૯૩૩માં કવિવર રવીન્દ્રનાથે એમને શાંતિનિકેતનમાં ભારતીય કલાના ઇતિહાસના વ્યાખ્યાતા તરીકે બોલાવ્યા ત્યારે તેઓ ફરી ભારત આવ્યા. એ પછી લાહોરની પંજાબ યુનિવર્સિટીમાં પણ એમણે કલા વિષે વ્યાખ્યાનો આપેલાં. ત્યાર બાદ દિલ્હી-સીમલા અને પછી મોહેં-જો-ડેરોમાં એમણે 'સર્વે ઑવ ઇંડિયા' માટે ખાસ કામગીરી કરી. એ પૂરું થયે એમને લાહોરના સેન્ટ્રલ મ્યૂઝિયમને નવેસરથી ગોઠવવાનું કામ સોંપાયું, જેના તે ૧૯૪૯માં ક્યુરેટર નિમાએલા. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન એમણે રૉયલ એર ફ઼ોર્સમાં ફ્લાઈટ લેફ્ટેનન્ટ તરીકે લૉર્ડ માઉન્ટબૅટનના હાથ નીચે કામ કરેલું ને પછી એર મિનિસ્ટ્રીમાં પણ સેવા આપેલી.

દેશના ભાગલા પડ્યા ત્યારે લાહોરમાં હતા, પણ એમનાં પત્ની હિંદુ હોઈ તેઓ દિલ્હી આવીને વસ્યા. ત્યાં એમણે આરંભમાં નેશનલ મ્યૂઝિયમમાં અને પછી દિલ્હી પૉલીટૅકનિકમાં કલા-ઇતિહાસનાં વ્યાખ્યાનો આપ્યાં. આ દરમિયાન પોતાના પ્રાચીન-અર્વાચીન કલાના ઊંડા રસને કારણે તેઓ કલાવિવેચનો લખતા થયા, જે કામ આગળ જતાં એમનો વ્યવસાય બની રહ્યું. તેઓ જાણીતા અખબાર 'ધી સ્ટેટ્સમૅન'ના કલાવિવેચક હતા. ભારતમાં કદાચ તેઓ જ પ્રથમ વ્યવસાયી કલાવિવેચક હતા.

ચિત્ર, શિલ્પ અને સ્થાપત્ય વિષે એમણે સેંકડો લેખો લખ્યા છે, જેમાંના ઘણા ઉચ્ચ વિદ્વદ્ભોગ્ય સામયિકોમાં પ્રકટ થયા છે. એમના મત પ્રમાણે ભારતમાં જેની ઘણી ઉપેક્ષા થતી રહી છે એ કલાભિરુચિ કેળવતા શિક્ષણના તેઓ પ્રખર હિમાયતી હતા. અને એ માટે પોતાના બધા લેખોમાં એમણે એવી સરળ ભાષા અપનાવી છે કે જે કલાથી અનભિજ્ઞ માણસ પણ સમજી શકે. રેડિયો ઉપરથી પણ એમણે અંગ્રેજી, ફ્રેંચ, જર્મન તેમજ હિંદી ભાષામાં સરળતાથી સમજી શકાય એવા કલાવિષયક સેંકડો વાર્તાલાપો આપ્યા છે.

એમની દૃષ્ટિ સાચી કલાપારખુ હતી. અમૃત શેરગિલને ભારતના એક મહાન ચિત્રકાર તરીકે એમણે જ પહેલી વાર લાહોરના એક છાપામાં ઓળખાવ્યાં હતાં. ખ્યાતનામ નૃત્યકાર ઈન્દ્રાણી રહેમાનની નૃત્યશક્તિની પ્રથમ પરખ એમણે જ કરાવેલી. યામિની કૃષ્ણમૂર્તિને પણ એમણે જ 'શોધી' કાઢેલાં ને સતીશ ગુજરાલ તેમજ ધનરાજ ભગતને કોઈ નહોતું જાણતું ત્યારે એમણે જ એ બંનેનાં ચિત્રો ને શિલ્પો માટે સૌપ્રથમ લખેલું. ઓરિસ્સી નૃત્યને એક શાસ્ત્રીય પ્રકાર તરીકે સ્વીકાર અપાવવા તેઓ આઠ વર્ષ સુધી ઝઝૂમેલા. ઓરિસ્સાનાં ઘણાં કલાક્ષેત્રો એમણે ખોળી કાઢેલાં. એ દેશના તે જબરા ચાહક હતા અને એની કલાના અધિકૃત જ્ઞાતા ગણાતા. કાશ્મીરનાં વિશિષ્ટ બૌદ્ધ માટી-શિલ્પોને જાહેરમાં આણવા પણ એમણે અથાગ મહેનત કરેલી.

આમ, વિદેશી છતાં ભારતમાં વસી ભારતીય કલા વિષે પોતાના લેખો તેમજ વ્યાખ્યાનો વડે એમણે જે કલાપ્રસાર કર્યો છે તેનું ક્ષેત્ર અતિશય વિશાળ છે. ઑક્સ્ફર્ડ, પારી(સ), લાઈડન, આમ્સ્ટર્ડામ, એસ્સેન, વીએના, રોમ, બેલગ્રેડ, ઝ઼ેગ્રેબ, બુડાપેસ્ટ, મદ્રાસ, લખનૌ, કલકત્તા, દિલ્હી, અલીગઢ, ત્રિવેન્દ્રમ, મ્હૈસૂર, બેંગલોર, અન્નામલાઈ, હૈદરાબાદ, કટક વગેરે અનેક સ્થળે એમણે કલાવિષયક વ્યાખ્યાનો આપેલાં. પણ એમની આ સખત જહેમતનું એમને યોગ્ય વળતર કદી મળતું જણાતું નહિ. મોટી મહત્ત્વાકાંક્ષાઓ વિના સંતોષ અને સાદગીથી તેઓ રહેતા. એમના શબ્દોમાં જ કહીએ તો 'થોડા ઉમદા ગ્રંથો પાછળ મૂકી જવા' તેઓ પરિશ્રમ કરતા. કોઈ પણ સુંદર વસ્તુ માટે સદા ઉત્સુક એમનું હૃદય વિશાળ હતું. સંખ્યાબંધ લોકોને એ ચાહતા અને અનેકના એ મિત્ર હતા. એમની રીતે કહીએ તો 'જીવનમાં કદી કંઈ બૂરું કર્યું' નહોતું. એમનું તત્ત્વજ્ઞાન બૌદ્ધ વિચારસરણી પર આધારિત હતું. એમને મન ખ્રિસ્તી ને બૌદ્ધ સિદ્ધાંતો સમાંતર હતા. પાછળથી એમણે બૌદ્ધ ધર્મ અંગીકાર કરેલો.

એમણે લગ્ન બે વાર કર્યાં. પ્રથમ, અંગ્રેજ કુ. ઑલિવિયા લ્યુકાસ સાથે, જેમનાથી એ પછી છૂટા પડેલા. પછી ૧૯૪૬માં લાહોરનાં કુ. રત્ના માથુર સાથે, જેમનાથી એમને એક પુત્ર ક્રિસ્ટૉફર ગૌતમ છે. ઈ. ૧૯૩૭માં તેઓ બ્રિટિશ નાગરિક બન્યા હતા.

છેલ્લાં પાંચેક વર્ષથી એમની તબિયત અસ્વસ્થ રહેતી હતી. હમણાં એમનું અવસાન થતાં, જેની સાથે પોતે બે દાયકાથી જોડાએલા હતા એ સ્ટેટ્સમૅનમાં એમની જે અંજલિ છપાએલી (અને જેમાંની હકીકતો ઉપર આપી છે) તે એમણે પોતે જ લખેલી હતી! બે વર્ષ પર એમને ગળાના કૅન્સરનું ઑપરેશન કરાવવું પડેલું; એ સમયે પોતાના વસિયતનામા સાથે સ્વહસ્તે એમણે એ અવસાનનોંધ પણ લખેલી એક અંગત મિત્રને સોંપી રાખેલી. એક પણ છેકછાક વિનાની સ્વહસ્તે લખેલી એ નોંધ, બીમાર હાલતમાં પણ એમણે જાળવી રાખેલી માનસિક સ્વસ્થતાની દ્યોતક છે. કલાકારો પ્રત્યે દાખવતા એવી જ મમતાથી છતાં તદ્દન પરલક્ષીપણે એમણે એમાં પોતાની જાતને વર્ણવી છે.

છેવટની ઘડી સુધી તેઓ કાર્યરત રહેલા. સવારે સંસ્કૃત ભાષામાં સંશોધન કરતી એક હંગેરિયન વિદ્યાર્થિનીનો પોતાના દફતરમાં પરિચય કરાવ્યો. બપોરે એમના પર હૃદયરોગનો હુમલો આવ્યો. સાંજે એમને મળવા આવેલા કલાકારો ને નાટ્યકારોને મુલાકાત આપી. બીજે દિવસે તેઓ એક ડિઝાઈન સેન્ટર વિષે લખવાના હતા, પણ રાત્રે ઊંઘની ગોળીઓની મોટી માત્રા લઈ તેઓ સદાને માટે પોઢી ગયા! પત્નીને તેમણે લખ્યું કે 'આટલી બધી શારીરિક પીડા સાથે કામ કરતાં જીવવું એ મૂર્ખતા જ છે.' કૃત્ય પોતે સ્વેચ્છાએ અને સંપૂર્ણ માનસિક સ્વસ્થતામાં કર્યું હોવાનું નિર્દેશતી ચાર પાનાની એક નોંધ પણ એમણે પોતાને હાથે લખીને મૂકી રાખી હતી.

રાષ્ટ્રપતિએ, સ્ટેટ્સમૅનના એમના સહકાર્યકરોએ, કૉમનવેલ્થનાં કેટલાંક હાઇકમિશનો અને એલચીખાતાંએ તથા સંખ્યાબંધ ચિત્રકારો, શિલ્પીઓ, નૃત્યકારો ને અભિનેતાઓએ એમને અંતિમ અંજલિ આપી. બૌદ્ધ સાધુઓની પ્રાર્થનાના ઉચ્ચારો સાથે કેસરી વસ્ત્રમાં વીંટી એમના દેહને દિલ્હીમાં વીજળી-ભઠ્ઠીમાં અગ્નિદાહ અપાયો.

એમના પુસ્તક 'Indian Costumes'નું સચિત્ર અવલોકન 'કુમાર'માં (અંક ૪૫૩) આવેલું જોઈ ને એમણે અમારી સાથે કરેલા પત્રવ્યવહારનું આજે સહજ સ્મરણ થાય છે. ૪૬૧મા અંકના પત્ર વિભાગમાં આવેલો એ પત્ર અહીં ઉતારવાનો લોભ રોકી શકતા નથી.

Dear Mr. Rawat,

Your charming and most courteous letter of March 29th, and the copy of your magazine KUMAR that you are good enough to present to me, came yesterday, and I hasten to thank you. It is very good of you to write such a kindly note to me.

I know no Gujarati; only what I can decipher and guess from my knowledge of Sanskrit and Prakrit, plus my knowledge of Hindi. I had your article

in translation, and it is very charming indeed.

I find your magazine splendid. Little as I am able to read the actual articles, the printing of the plates, the rich illustration material, the variety of topics—from Picasso and Gauguin to chess and Kathakali, and on Verrier Elvin, Scandinavia and cooking recipes, embroidery and literature, impress me greatly. I wish I could read it.

With the expression of my most sincere thanks,

I am Very Sincerely yours, *Charles Fabri*

આજે તેઓ આપણી વચ્ચે નથી; પણ આજના અનેક ખ્યાતનામ કલાકારો, અનેક કલાસંસ્થાઓ અને એમનાં લખાણો વાંચી પોતાની કલાભિરુચિ કેળવનારા અનેક લોકો એમના સદા ઋણી રહેશે. માત્ર વિવેચનાત્મક જ ન બનતાં કલાકાર અને એની કળાના સાચા પરિચયદર્શક બની રહેતાં એમનાં વિદ્વત્તાભર્યાં છતાં સરળ ને લયાન્વિત વિવેચનો ગદ્યના ઉત્તમ નમૂના સમાં છે. અનેક લોકોમાં કેળવાએલો કલારસ એમનાં આ વિવેચનોને આભારી છે. કલાક્ષેત્રમાં તેમજ વાચકોમાં એમના જેટલી ચાહના બહુ ઓછા વિવેચકોને પ્રાપ્ત થઈ હશે.

સ્વ. વ્યંકટ-અચલમ્

હિંદી કળાના પુનરુત્થાનમાં અગ્રગણ્ય કલામર્મજ્ઞોની હરોળમાં જેમને મૂકી શકાય એવા એક અન્ય વિદ્વાન કલાવિવેચક શ્રી વ્યંકટ-અચલમ્‌નું પણ ગયા એપ્રિલની ૧૩મીએ અવસાન થયું. લગભગ પાંચ દાયકાથી તેઓને આપણા કલાકારો અને એમની કલાનો નિકટ પરિચય હતો. કલાકારના અંતરમાં પ્રવેશી એને અભિપ્રેત અર્થ તારવવાની એમનામાં શક્તિ હતી. એમને મન કલા અને કલાકાર અલગ હતાં જ નહિ. લેખક તરીકે એમની અસંદિગ્ધ શૈલીનો અભિગમ અનન્ય હતો. ક્ષતિઓને ત્યજી તેઓ સદા સારી બાજુને જ રજૂ કરતા, એટલે એમનું વિવેચન એક રસાસ્વાદ જેવું બની રહેતું. એમના આવા ગુણદર્શી સ્વભાવને કારણે જ તેઓ જવાહરલાલ અને ડૉ. લોહિયા જેવી ભિન્ન પ્રકૃતિની વ્યક્તિઓના મિત્ર બની શક્યા હતા. ભારતના લગભગ બધા પ્રદેશોમાં એમને એકાદ અંગત મિત્ર તો હતો જ. આમ, જન્મજાત તમિળ હોવા છતાં તેઓ પૂરેપૂરા ભારતીય હતા.

કલા અને સાહિત્યને આજીવન સંગિની બનાવી દેનાર એ કલાયાત્રી હિંદી કલાનો પયગામ ફેલાવવા ચીન, જાપાન, જાવા, કોરિયા, રશિયા, લંકા વગેરે દેશોમાં પણ ફર્યા હતા. 'ઑલ ઇંડિયા એસોસીએશન ઑવ ફાઇન આર્ટ્સ'ના પ્રથમ પ્રમુખના અને 'ઇન્ડિયન નેશનલ કમિશન ઑવ યુનેસ્કો'ના સભ્યપદે સ્થાપીને એમની સેવાઓની કદર કરાએલી. લલિતકલા અકાદમીના પણ તેઓ સભ્ય હતા. હૈદરાબાદના સાલારજંગ મ્યૂઝિયમ તથા મૉસ્કોના 'ઇંડિયન આર્ટ એક્ઝિબિશન' સાથે પણ તેઓ સંકળાએલા હતા.

'ફૉર એવર ઇન્ડિયા'માં એમણે હિમાલયથી કન્યાકુમારી સુધીની કલાયાત્રા કરાવવાનું ભગીરથ કાર્ય કરેલું 'કૉન્ટેમ્પરરી ઇંડિયન પેઇન્ટર્સ' અને 'ડાન્સ ઑવ ઇંડિયા' નામનાં પુસ્તકો દ્વારા આપણા અનેક કલાકારોને એમણે જગત સમક્ષ રજૂ કર્યા. એ જ રીતે 'પ્રોફાઇલ્સ' તેમજ 'માઈ કૉન્ટેમ્પરરીઝ'માં એમણે અનેક વ્યક્તિવિશેષોનાં, સહાનુભૂતિ ને કૌશલભર્યાં રસાળ રેખાચિત્રો લખ્યાં છે. ('નવનીત')


સર હર્બર્ટ રીડ

ઇંગ્લંડના સુખ્યાત કવિ, લેખક, કલાવિવેચક, ઇતિહાસકાર અને કૅથલિક ચિંતક સર હર્બર્ટ એડવર્ડ રીડનું જૂનમાં ૭૪ની વયે કૅન્સરથી અવસાન થયું. સ્વચિંતિત વિચારોને દૃઢપણે વળગી રહી અમલી બનાવવાના પોતાના સ્વભાવને કારણે, ટી. એસ. એલિયટ જેવા બુદ્ધિવાદી અને રહસ્યવાદી કવિતાના હિમાયતીઓ સાથે ગાઢ મૈત્રી હોવા છતાં રોમૅન્ટિક કવિતાઓ પ્રત્યેના તેમના આદરે કદી ઓટ અનુભવી નહોતી. તેઓ માનતા: 'ક્લાસિકલ (શિષ્ટમાન્ય) અને રોમૅન્ટિક(કૌતુકરાગી—રંગદર્શી) શબ્દો વડે કોચલા અને ગર્ભ—છાલ અને બીજ—નું સૂચન થાય છે. જીવન, સર્જન અને મુક્તિનો એક જ સિદ્ધાંત છે, અને તે છે 'રોમૅન્ટિક સ્પિરિટ.'

મૉડર્ન આર્ટના તેઓ આ સદીના મુખ્ય પ્રવક્તા હતા. તેમને પક્ષપાત હતો 'સરરિયાલિસ્ટિક પેઇન્ટિંગ (પરા-વાસ્તવવાદી ચિત્રણા) પ્રત્યે. 'ધ મીનિંગ ઑવ આર્ટ' (૧૯૩૧), 'આર્ટ નાઉ' (૧૯૩૩), 'આર્ટ ઍન્ડ ઇન્ડસ્ટ્રી (૧૯૩૬) 'ધ ફિલૉસૉફી ઑવ આર્ટ', 'આર્ટ ઍન્ડ સોસાયટી', 'એડ્યુકેશન ઇન આર્ટ', 'ધ કન્સાઈઝ હિસ્ટરી ઑવ મૉડર્ન પેઇન્ટિંગ' (૧૯૫૯) વગેરે કલાવિષયક પુસ્તકોમાં તેમણે કશા પણ પૂર્વગ્રહ વિના ઍબસ્ટ્રૅક્શન અથવા કન્સ્ટ્રક્ટિવિઝનની જે ટીકા કરી છે તે ભલભલાને મૂંઝવી નાખતી આધુનિક કલા (મૉડર્ન આર્ટ)ની તેમની તલસ્પર્શી સાચી સમજણને આભારી છે. પ્રાથમિક શાળામાંથી જ બાળકોને કલાશિક્ષણ આપવાનો વિચાર તેમણે પુરસ્કાર્યો હતો. તેમના 'એડ્યુકેશન ઇન આર્ટ' પુસ્તકના માર્ગદર્શનને પરિણામે જ આજે ઇંગ્લંડમાં યુવાન કલાકારોની સંખ્યા ઉત્તરોત્તર વધતી જોઈ શકાય છે. ઉદ્યોગ-ધંધા પણ કલાવિમુખ ન રહી શકે એવી તેમની માન્યતા હતી. તેમની કલાવિચારણાનું મુખ્ય ગૃહિત આ હતું: 'માત્ર સામાજિક માળખા સાથે જ નહિ પણ દેશની ધરતી અને ગ્રામદૃશ્યો સાથે પણ કલાને અનિવાર્ય સંબંધ છે.' રૉજર ફ્રાઈ પછી છેલ્લાં વીસ વર્ષમાં તેમના જેવી કલાસૂઝવાળો કોઈ લેખક થયો નથી.

ઇંગ્લંડના યૉર્કશાયર પરગણાના એક સામાન્ય ખેડૂતને ત્યાં જન્મેલા હર્બર્ટ રીડે ક્રોસલીની શાળા અને લીડ્ઝ યુનિવર્સિટીમાં શિક્ષણ લીધેલું. 'પોએમ્સ. ૧૯૧૪–૩૪'(૧૯૩૫),'થર્ટી ફાઈવ પોએમ્સ(૧૯૪૦), 'એ વર્લ્ડ વિધિન એ વૉર' આદિ કાવ્યસંગ્રહોમાં તેમની સંવેદના, કલ્પના અને લય ખાસ ધ્યાન ખેંચે છે. તેમની આરંભની કૃતિઓ પર 'ઈમેજિસ્ટ મૂવમેન્ટ'ની અસર છે, જ્યારે પાછલી ઉંમરે લખાએલી 'ધ ગોલ્ડ ડિસ્ક: ઍન ઍલીજી' જેવી કવિતામાં ચિંતનનો ભાર વધુ છે. તેમણે 'રીઝન ઍન્ડ રોમૅન્ટિસિઝમ' (૧૯૨૮), 'ઇંગ્લિશ પ્રોઝ સ્ટાઈલ' (૧૯૨૮), 'ફેઈઝિસ ઑવ ઇંગ્લિશ પોએટ્રી' (૧૯૨૮), 'સેન્સ ઑવ ગ્લોરી' (૧૯૨૯), 'વર્ડ્ઝવર્થ' (૧૯૩૦), 'ફૉર્મ ઈન મૉડર્ન પોએટ્રી' (૧૯૩૨), 'ઈન ડિફેન્સ ઑવ શેલી' (૧૯૩૫), 'પોએટ્રી ઍન્ડ ઍનાર્કિઝમ' જેવી સાહિત્યકૃતિઓ પણ લખી છે.

રાજકારણમાં તેમના વિચારો વિનયશીલ ઉદ્દામવાદી હતા. એમાં ભાંગફોડિયા તત્ત્વોને સ્થાન નહોતું. માર્ક્સવાદી (સામ્યવાદી) રાજકારણમાં સ્વયંભૂ એકતા પ્રકટાવવાની શક્તિનો અભાવ જણાવાથી અને માથેથી લદાએલી એકતામાં એમને રસ ન હોવાથી આખરે તેમણે પોતાનું આગવું 'ફિલૉસૉફિકલ 'ઍનાર્કિઝમ' વિકસાવ્યું હતું. તેમની કવિતાઓમાં અને 'ધી ઈનોસંટ આઈ' નામના આત્મકથાખંડમાં અનેક વિસંવાદી પ્રવાહોના એક સાચા સમન્વયકારનો પરિચય થાય છે. તેમના સમગ્ર લખાણમાં જર્મનો જેવી પરિપૂર્ણતા હતી. ૧૯૧૫માં પહેલા વિશ્વયુદ્ધ વેળા લશ્કરી સેવામાં વીરત્વ દાખવવા બદલ 'ડિસ્ટિંગ્વિશ્ડ સર્વિસ ઑર્ડર' અને 'મિલિટરી ક્રૉસ' જીતનાર આ કલાજીવી આ સદીના એક અગ્રગણ્ય શાંતિવાદી હતા.



છેલ્લી વસતિ-ગણતરી સાથે પ્રજાજીવનનાં વિવિધ પાસાંનું જે સર્વેક્ષણ થયું તેમાં ગુજરાતના ગ્રામવિસ્તારનાં ઘરોની બાંધણી, એ માટે વપરાતા પદાર્થો, એનાં છાપરાંના પ્રકાર વગેરેની પણ સચિત્ર નોંધો તૈયાર થએલી અને એ અંગે એક સચિત્ર અહેવાલ ગુજરાતના 'સેન્સસ ઑપરેશને' પ્રકટ કરેલો. એ મોજણીના આધારે તૈયાર કરેલા આ નકશામાં મકાનોની જિલ્લાવાર લાક્ષણિક બાંધણીનો ખ્યાલ આપ્યો છે. અલબત્ત, મકાન બાંધવામાં અમુક જ રચના કે પદાર્થોનો ઉપયોગ ચુસ્તપણે પળાતો નથી. વળી, ખેડૂતની આર્થિક સ્થિતિ તથા ઘર બાંધવા માટે જરૂરી સામગ્રીની સુલભતા પર પણ એનો આધાર રહે છે. પણ આ નકશા પરથી જે તે વિસ્તારમાં મોટેભાગે ઘરની રચના કેવી હોય છે એ જોઈ શકાશે. બનાસકાંઠા, સાબરકાંઠા, અમદાવાદ, ખેડા, ભાવનગર, અમરેલી અને સુરેન્દ્રનગર જિલ્લામાં તથા પંચમહાલ, વડોદરા, ભરૂચ ને સૂરત જિલ્લાના કેટલાક ભાગમાં મુખ્યત્વે ગારમાટીનું ચણતર થાય છે. જામનગર, જૂનાગઢ, રાજકોટ, કચ્છ ને સુરેન્દ્રનગર, ભાવનગરના અમુક ભાગમાં પથ્થર સુલભ હોઈ ત્યાં એનું ચણતર જોવા મળે છે. મોટાં શહેરો તરફ અને સૂરત, રાજકોટ, મહેસાણા આસપાસનાં ગામડાંઓમાં પાકી ઈંટનું ચણતર વધારે થાય છે. પંચમહાલ, વડોદરા, ભરૂચ અને સૂરતના કેટલાક ભાગમાં તથા ડાંગમાં નજીકના વનવિસ્તારોને લીધે નેતર–બરુ કે વાંસ યા ઘાસપાન વધુ સુલભ હોઈ એની પણ ભીંત બનાવાય છે. બનાસકાંઠા, વડોદરા, ભરૂચ અને સૂરત જિલ્લા સિવાયના ગ્રામવિસ્તારમાં છાપરાં માટે મોટે ભાગે દેશી કે મેંગલોરી નળિયાં વપરાય છે. મહેસાણા, સાબરકાંઠા, ખેડા, વડોદરા, ભરૂચ ને સૂરતના શહેર-વિસ્તારમાં તથા વડોદરા, ખેડા, મહેસાણા ને ભરૂચનાં કેટલાંક ગામોમાં પતરાંનાં છાપરાં બને છે. સૂરત જિલ્લાના પૂર્વ ભાગમાં ને બનાસકાંઠા જિલ્લાના અમુક ભાગમાં વાંસ-બરુ કે ઘાસપાંદડાંનાં છાપરાં હોય છે. (ગુજરાતના 'સેન્સસ ઍટલાસ'માંથી જેની નોંધ અન્યત્ર જોશો.)

ગુજરાતી સાહિત્ય પરિષદ (હ. કા. આર્ટ્સ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ-૯)નું **પાંચમું જ્ઞાનસત્ર**: નવેમ્બરની પહેલી, બીજી અને ત્રીજી તારીખે શારદાગ્રામ (જિ. જૂનાગઢ)માં યોજાશે. ઑગસ્ટના અંત સુધીમાં જે સભ્યો નોંધાયા હશે અને બંધારણના નવા નિયમ પ્રમાણે જેઓ ડેલિગેટ-પ્રતિનિધિ થવા પાત્ર હશે, તેઓ જ આ જ્ઞાનસત્રમાં ભાગ લઈ શકશે. રહેવા-જમવા માટેના ત્રણે દિવસનો ખર્ચ રૂ. ૧૨–૦૦ જે તા. ૧૫ ઑક્ટોબર સુધી પરિષદ કાર્યાલયને મોકલી આપવા. અન્ય વિગતો માટે પત્રવ્યવહાર કરવો.

આ માસ (ઑગસ્ટ) ઇતિહાસમાં

તા. ૨ હિટલર જર્મનીનો ચાન્સેલર તરીકે ચૂંટાઈ આવ્યો, ૧૯૩૪.

તા. ૩ કૉલંબસ સાન્ટામારિયા વહાણ લઈ હિંદની શોધમાં ઊપડ્યો, ૧૪૯૨.

તા. ૬ બીજા વિશ્વયુદ્ધમાં હિરોશિમા પર ઍટમ બૉંબ ફેંકાયો, ૧૯૪૫.

તા. ૭ ભારતના અભિજાત કલાકાર અવનીન્દ્રનાથ ટાગોરનો જન્મ, ૧૮૭૧.

તા. ૯ નેપોલીઅનને સેન્ટ હેલિના રવાના કરવામાં આવ્યો, ૧૮૧૫.


તા. ૧૦ ગ્રીનિચની રૉયલ ઑબ્ઝર્વેટરીની સ્થાપના થઈ, ૧૬૭૫.

તા. ૧૫ પનામાની નહેર વ્યાપાર-વ્યવહાર માટે ખુલ્લી મુકાઈ, ૧૯૧૪.

તા. ૧૬ આધ્યાત્મવાદને સજીવન કરનાર રામકૃષ્ણ પરમહંસનું અવસાન, ૧૮૮૬.

તા. ૨૬ હિંદુસ્તાનનો માર્ગ શોધી વાસ્કો ડા ગામા કાલિકટ બંદરે ઊતર્યો, ૧૪૯૮.

તા. ૩૦ મિસરની મહારાણી ક્લીઓપેટ્રાએ આપઘાત કર્યો, ઈ. સ. પૂર્વે ૩૦.



પ્રસંગવિશેષ: પૉમ્પીઆઈનો વિનાશ, ૨૪ ઑગસ્ટ ઈ. ૭૯

ઈટાલીમાં વિસુવિયસ પર્વતથી આશરે એકાદ માઈલ દૂર તળેટીમાં પૉમ્પીઆઈ નામે એક નગર હતું. લંબગોળાકારે લગભગ બે માઈલના ઘેરાવામાં વસેલા એ નાના પણ સુયોજિત નગરનો આદિ ઇતિહાસ તો અસ્પષ્ટ છે પણ મનાય છે કે ત્યાં પ્રથમ ઑસ્કન, પછી એટ્રુસ્કન અને કાળાનુક્રમે છેવટ રોમન વર્ચસ્વ હતું. ઈ. ૬૩માં ભૂકંપને કારણે આ નગરની ઘણી ઈમારતો તૂટી પડી, પણ લોકોએ ફરી એ ઊભી કરવા માંડી. ઈ. ૭૯માં ૨૪મી ઑગસ્ટે એકાએક વિસુવિયસ ફાટ્યો અને તળેટીમાં જ વસેલાં બે નગર હર્ક્યુલિયમ અને પૉમ્પીઆઈ પર મોત વરસ્યું. ત્રીજે દિવસે તો રાખ અને પથરાના ઢગલા તળે પૉમ્પીઆઈનું નામોનિશાં જણાતું નહોતું. હવે ફરી ત્યાં વસી શકાય એમ હતું જ નહિ. નાસીને બચી ગએલાં લોકોએ ત્યાં ખોદીખોદીને અને ભુગદા કોરીને લેવાય એટલો કિંમતી સામાન એકઠો કરી લીધો અને એ પછી પૉમ્પીઆઈ તદ્દન વિસારે પડી ગયું. સદીઓ વીતી ચૂકી. સોળમી સદીમાં કોઈ કામ અંગે ખોદાણ કરતાં થોડા અવશેષો દેખાયા. ઈ. ૧૭૬૩માં સંશોધનાર્થે ખોદકામ કરવામાં આવ્યું ત્યારથી હમણાં સુધી ત્યાં ઉત્ખનન ચાલુ રહી એ સમગ્ર નગરીના મોટાભાગના અવશેષોને પ્રકાશમાં લાવવામાં આવ્યા છે. મળેલા અવશેષો પરથી જણાયું છે કે પૉમ્પીઆઈ એની દરિયા તરફની બાજુ બાદ કરતાં ફરતી દીવાલથી રક્ષાએલું હતું. એકબીજાને લગભગ કાટખૂણે કાપતા પગથાર સાથેના સાંકડા માર્ગોવાળા એ નગરમાં રોમન પ્રજા કઈ રીતે રહેતી હશે એ દર્શાવતા દરેક અવશેષો મળી આવ્યા છે. વિનાશ સમયે લોકો કેવી રીતે ફસાયા-મર્યા હશે એ પણ મળી આવેલાં હાડપિંજરો પરથી જણાય છે. ત્યાંના મકાનોની દીવાલ પરનાં ચિત્રો એમના રોજિંદા જીવનનાં અનેક પાસાં રજૂ કરે છે. ભીંત પર ચૂંટણી માટેની જાહેરાતો પણ લખાએલી મળી છે. ઈ. ૧૯૩૮માં ત્યાંથી હાથીદાંતની એક લક્ષ્મીની મૂર્તિ પણ મળેલી. ત્યાંનાં દેવળો, નાટ્યગૃહો, સ્નાનાગારો, અખાડા, બજારો વગેરે સાથે અનેકવિધ સાધનો પરથી એ કાળના ત્યાંના સમગ્ર જીવનની જાણ થઈ શકી છે. બીજી બાજુ લાવારસ તળે દબાઈ ગએલા હર્ક્યુલિયમનું તો નામોનિશાં હમેશ માટે ખલાસ થઈ ગયું.


ઉપર પૉમ્પીઆઇનું એક ચોટું તથા જ્યુપિટરના દેવળના અવશેષો છે. પાછળ દૂર વિસુવિયસનું ધુમાડા કાઢતું શિખર છે જેણે આ સમગ્ર નગરનો નાશ કર્યો હતો.

વરીએ જોઇને જાત, મરતાં યે મૂકે નહિ;
પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિ.

દોલતરામ નરભેરામ શેઠ (અંક ૫૩૩, પૃ. ૧૭૪) લાઠીમાં શિક્ષક હતા ત્યારે એક ક્રિકેટ મૅચમાં અમ્પાયર તરીકે કામ કરતાં, ત્યાંના ઠાકોર સાહેબ સુરસિંહજી (કલાપી) પહેલે જ બૉલે ઊડી ગયા તેમને 'આઉટ' જાહેર કર્યા. દેશી રાજ્યોમાં ત્યારે આવી હિંમત કોઈ બતાવી શકે નહિ. બાજુમાં ઊભેલા એક જણે એમને ધીમેથી સલાહ આપી કે 'બાપુ(રાજા)ને એમ આઉટ ન કરાય, ચાન્સ આપવો જોઈએ.' દોલતરામે બેધડક જવાબ આપ્યો કે 'બાપુ એમના બંગલામાં; અહીં મેદાન પર તો સૌ જેવા એક ખેલાડી જ.' આ શબ્દો કલાપીને કાને પડતાં તેમણે એમની ઓળખ પૂછી. સૌના જીવ ફફડી ઊઠયા. પણ એક અદના શિક્ષકની સત્યાચરણ માટેની આ નીડરતાથી પ્રસન્ન થએલા ખેલદિલ કલાપીએ તો તેમને ઊલટા ધન્યવાદ આપ્યા ને એક સાફો (પાઘડી) ભેટ આપ્યો.

કબાટના કાંચ તથા અરીસા ઉપર માખીઓ બેસીને જે ડાઘ પાડે છે તે મેથિલેટેડ સ્પિરિટના પોતા વડે સાફ કરી કોરા લૂગડે લૂછવાથી ચકચકિત થઈ જશે; અને સ્પિરિટની વાસથી માખીઓ પણ નહિ આવે.

કહેવતોના અર્થ : 'બાર પુરબિયા ને તેર ચોકા' તરીકે નિર્દેશેલા પુરબિયા લોકો પ્રત્યેક પોતાનો જમવાનો જુદો ચોકો રાખવા ઉપરાંત સૌની રસોઈ માટે અલગ ચોકો રાખે! એ ઉદાહરણ પર રચાએલી આ કહેવત ધર્મની ખોટી છોછ કે મિથ્યા કુલાભિમાન રાખીને હાસ્યાસ્પદ ચોકસો વ્યવહાર કરનાર માટે વપરાય છે. એવી જ બીજી કહેવતો : 'મથુરાનો પેંડો (માર્ગ) ન્યારો'; 'જમાલની માનો જુદો ચોતરો'; 'ત્રીજું તડ તરભોવનદાસનું'; 'ચોખા મગ જુદા ચડે;' 'બે સારસ્વત ને ત્રણ હુક્કા'; વગેરે.



વિવિધ પ્રાણીઓના શોભનમંડિત આકારોને રોજિંદા વપરાશની ચીજો સાથે સાંકળી લઈને કરેલી કારીગરીમાં સૂડીઓના સંખ્યાબંધ પ્રકારો પૈકી રાજસ્થાનની પિત્તળની સૂડી.

અનેકાર્થી શબ્દ : વ્યંજન=સ્વર સિવાયના ભાષાના અક્ષરો-જેનો ઉચ્ચાર સ્વરની મદદ વિના ન થઈ શકે; ડાઘ કે નિશાની; શરીરનો અવયવ; ગુહ્ય અંગ; શાક, ફરસાણ, ચટણી આદિ જેવી મસાલેદાર વાની; પંખો; વીંજણા વડે પવન નાખવાની ક્રિયા; મૂછ, દાઢી; વંશ; દિવસ; સૂચન; સ્વાંગ; સંગીતમાં બે માત્રાને અંતરે તાલ આવે તે ભાગ.

ગણિતગમ્મત

૧+૨+૩=૬

૧×૨×૩=૬

શેક કરવાની ગરમ પાણીની રબરની કોથળી-હૉટ વૉટર બૅગ-ને બેદરકારીથી એમ ને એમ મૂકી છાંડવાથી તેનાં બંને પડખાં ચોંટી જઈને કોથળી કાણી થઈ જશે. ઉપયોગ થઈ રહે હમેશાં કોથળીમાંથી પાણી કાઢી નાખીને થોડી વાર નીતરવા માટે ઊંધી ટાંગી રાખવી, અને ત્યાર બાદ મોંએથી થોડી હવા અંદર ભરીને તેનો સ્ક્રૂ સજ્જડ બંધ કરી દેવો એથી તેનાં પડખાં ચોંટશે નહિ.

મનુ : નેપોલિયન કહેતો કે દુનિયામાં કોઈ પણ કાર્ય અસંભવિત નથી, અશક્ય પણ નથી.

કનુ : સારું, તને નેપોલિયનની એ વાત સાચી લાગતી હોય તો છીંક આવે ત્યારે આંખો ખુલ્લી રાખી જોજે.





ચિત્રરમત : ટપાલનાં નકામાં પોસ્ટકાર્ડ પર આ બંને ચિત્રો ચોડીને તેજ ચપ્પુ કે રેઝરબ્લેડ વડે મોટા ચિત્રમાં કરકરિયાળી લીટીથી બતાવેલા ગાળા કાપી કાઢો. પછી સસલાવાળા ચિત્રને ગોળાકારે કાપી તેની તથા મોટા ચિત્ર વચ્ચે બતાવેલાં મીંડાંમાં કાણાં પાડો. હવે બંને કાણાં બરોબર મળી રહે એ રીતે સસલાવાળો ગોળ મોટા ચિત્રની પાછળ ગોઠવીને તેની વચ્ચે ધાતુની કે જાડા કાગળની ચપતરીને રીવેટ માફક બેસાડી દો. હવે પાછળના ગોળને ઝડપથી ફેરવવાથી તેમાંનાં સસલાં આગલા ચિત્રમાં ઝાડીમાંથી નીકળીને ભંગારામાં પેસ-નીકળ કરતાં જણાશે.



શ્રી નંદબાબુએ પ્રાચીન ભારતના પ્રેરણા-સ્રોતનું આકંઠ પાન કરીને સંપૂર્ણ ભારતીય પ્રણાલીમાં જેમ પ્રાચીન પરંપરાને તેમ સ્વાનુભવજનિત પાત્ર-પ્રસંગોનાં ભાવદર્શનોને પણ રુચિર ચિત્રોમાં ઉતાર્યા છે. શેઠશ્રી કસ્તૂરભાઈના સંગ્રહના બંગાળી કળાનાં ચિત્રોના પ્રદર્શનમાં રજૂ થએલી એમની કૃતિઓમાંની ચાર. ઉપર : ભીષ્મપ્રતિજ્ઞા. નીચે અનુક્રમે : રામનું વનવાસગમન, યમ-સાવિત્રી અને ગૌપૂજા.





